
કુમાર



સળંગ અંક

૩૪૭

નવેમ્બર ૧૯૫૨

તંત્રી · બચુભાઈ રાવત

અમદાવાદના હઠીસિંહના જૈન મંદિરમાંનાં મૂર્તિશિલ્પો પૈકીની એક નૃત્યસુંદરી : ચિત્રકાર : યજ્ઞેશ્વર શુક્લ

અંદર લેખ જ



ઊર્મિ અને તરંગ: એ બંનેનો અર્થ તો એક જ થાય છે, પણ અહીં સ્ત્રી અને પુરુષના પ્રતીક રીતે તેમને ગણીને એ બંનેનો એકાત્મભાવ આલેખવા પ્રયત્ન કર્યો છે. એમાં એક હાથ પુરુષનો ને બીજો હાથ સ્ત્રીનો, એમ બે એકઠા કરીને તેની પ્રણામ-મુદ્રા યોજવામાં કલાકારે સાયુજ્ય દર્શાવવાનું જે કવિત્વ દાખવ્યું છે, એવી જ રસિકતા તેણે એ બંનેના બીજા હાથ પરસ્પરના ખભા તથા કટિ પર મૂકીને દાખવી છે; અને એ રીતે યોજાએલા ચાર હાથનો જે આછો સ્વસ્તિક રચાયો તે જોયો ? શોભનગૂંથણીની એવી જ છટા કલાકારે ચિત્રનાં અન્ય અંગોમાં પણ બહલાવી છે. 'ઊર્મિ-તરંગ'નું સૂચન કરતાં સાગરનાં મોજાંની પશ્ચાદ્‌ભૂમિ ઉપર સોહતા એ યુગલના લલિત અંગવિન્યાસ, ઉત્તરીયનાં ઉડ્ડયન તથા કેશકલાપની લીલામયી રેખાઓ એકબીજામાં ગુંથાઇને રચાતું ચિત્રસંયોજન કોઈ મનોરમ ડિઝાઇન (શોભનગૂંથણી) જેવું બને છે. **(ચિત્રકાર · કનુ દેસાઈ)**

વજન અને વાચન

થોડા સમય પર અમને નાચેની મતલબનો એક પત્ર મળેલો: 'આવતા અંકથી મારું લવાજમ પૂરું થાય છે, તો તમારું માસિક હવે મોકલવું બંધ કરજો. લવાજમના પ્રમાણમાં તમારું માસિક ઘણું પાતળું આવે છે. ......' માસિક જુઓ: કેટલું જાડું આવે છે? વરસે દહાડે પસ્તી વેચીએ છીએ તો પણ તેના ઠીક પૈસા ઊપજે છે...વગેરે.' એક મિત્ર એ વખતે સામે બેઠા હતા, તેમને અમે એ પત્ર વાંચવા આપ્યો; અને અમે કાંઇ પણ કહીએ તે **પહેલાં** તો એ ઊકળી ઊઠયા: 'વજન પર વાચન વેચાતું લેનારા આવા ગ્રાહક તમને હોય તોયે શું ને ન હોય તોયે શું? લવાજમના મુકાબલે તમે જે વાચન અને ચિત્રો આપો છો તેના ગુણ કે મૂલ્યની તો એમને કદર જ નથી. ચિત્રો પાછળ તમને કેટલું મોટું ખર્ચ થાય છે? અને વાંચન પણ કોણ કહે છે કે ઓછું છે? ઇત્યાદિ.' અમે એ મિત્રને શાંત પાડયા ને કહ્યું કે તમારી વાત બરોબર હોવા છતાં પણ કોઈ વાચકના મનમાં આવો ભાવ ઉદ્ભવે તો એ સ્વાભાવિક ગણવો જોઈએ. 'કુમાર'નું કદ, અલબત્ત, નાનું છે, ને પરિણામે વાચન કદાચ ઓછું પડતું હોય એ કુદરતી છે. જોકે વરસો પર, અમે કાગળની તંગીને લીધે બીબાં નાનાં કરીને લીટીઓનું કદ તથા સંખ્યા વધાર્યાં ત્યારે ગણતરી કરી બતાવી હતી તેમ વાચનને ઓછું ન થવા દેવાની તથા વૈવિધ્ય જાળવી રાખવાની અમે સદા કાળજી રાખી છે. કેટલાંક અમેરિકન માસિકોમાં દરેક લેખને મથાળે 'Reading time...minutes' એ રીતે, તે લેખ વાંચતાં કેટલો સમય જાય તેની મિનિટો લખી હોય છે. એ પ્રકારે જો ગણતરી કરવામાં આવે તો કદાચ 'કુમાર'નો વાચન-સમય બીજાને મુકાબલે બહુ ઊણો ન ઊતરે. છતાં યે અમારી ખાહેશ તો ઉપર્યુક્ત જેવા વાચકોની માગણીને સંતોષવાની જ રહી છે. અમારી તીવ્ર ઇચ્છા છે કે 'કુમાર' આજથી યે વધુ ચિત્રસામગ્રી સાથે, બેરંગી છપાઈમાં ને ઘણા દળદાર રૂપે બહાર પડે. પરંતુ, એને શકય બનાવનારી મુખ્ય વસ્તુ બે છે: જાહેર ખબરોની આવક અને બહોળો ફેલાવો. કોઈ પણ દેશમાં, કોઈ પણ સામયિક પત્ર (પછી તે દૈનિક હોય કે વાર્ષિક) આવકનાં એ મુખ્ય સાધનો વિના ટકી નથી શકતું. (ગાંધીજીનાં પત્રો પહેલી બાબતમાં અપવાદ હતાં પણ બીજી બાબત સદ્ધર હતી.) 'કુમાર' પહેલી આવકમાં સદા રંક રહ્યું છે. એ પાસું જો સદ્ધર બને તો વાચકોની ઉપર્યુક્ત ખાહેશ સત્વર ફળવની બને. પરંતુ એને માટેનાં જરૂરી તત્ત્વો—લાગવગ કે લગની લગાડવાનું—અમારી શક્તિ ને ક્ષેત્રની બહાર હોવાનું જણાયું છે. એટલે અમારે માટે આવકની બીજી બાજુ જ પ્રયત્ન કરવાનો રહે છે, જ્યાં અમે એકેએક વાચકના અંતરની નિકટ હોઈએ છીએ. આ લખાણથી જો એ અંતરને અમે સ્પર્શી શકતા હોઈએ તો અમારે એટલી વિનતિ કરવાની છે, કે આવતા વર્ષે આપ જાતે ચાલુ રહીને, **અને બીજો એક ગ્રાહક મેળવી આપીને** અમારી (ને આપની) ઉપલી ખાહેશ પૂરી કરવાનો માર્ગ ખુલ્લો કરી આપો.

કુમાર

નવેમ્બર ૧૯૫૨

અંક ૩૪૭

ચિત્રો

નૃત્યસુંદરી — ચિત્રકાર: યજ્ઞેશ્વર શુક્લ પૂઠું
ઊર્મિ અને તરંગ — ચિત્રકાર: કનુ દેસાઇ ત્રિરંગી મુખચિત્ર
રાધા — ચિત્રકાર: ક્ષિતીન્દ્રનાથ મુઝુમદાર પાછલા પૂઠામાં

કાવ્યો

લગન ફરીથી — 'સનાતન' ૪૧૯
પત્તાંની જોડ — પ્રબોધ જોષી ૪૧૯

ચરિત્ર

મૅગેલન — અશોક હર્ષ ૪૨૦
બાંધગઠરિયાં [આપકથા-૩૫] — ચંદ્રવદન ચીમનલાલ મહેતા ૪૩૦
મનોમંથન [૧૦-તત્ત્વની શોધ] — કાકાસાહેબ કાલેલકર ૪૩૨
જોડાસાંકોર ધારે-૧૧ — રમણિક મેઘાણી ૪૩૯

વાર્તા

ગરુડના કાકાની વાત — 'રખડપટ્ટીશંકર ભીંડાશંકર' ૪૨૩
આપઘાત [રહસ્યકથા-શ્રેણી-૨] — ૪૨૪

લેખો

જિંદગીનો સ્વયંવર — 'સુકેતુ' ૪૧૯
દૃષ્ટિ [કાયાની કરામત-૨૬] — ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી ૪૨૭
ગુજરાતનું મુસ્લિમ સ્થાપત્ય [જુમા મસ્જિદ] — રત્નમણિરાવ ૪૩૪
રૂમાલ [નિર્બંધિકા] — બકુલ ત્રિપાઠી ૪૩૭
કણ્ઠ્ય સંગીત અને આપણે — વિશનજી મારુ ૪૪૧
ગુજરાતનું મૂર્તિશિલ્પ — યજ્ઞેશ્વર શુક્લ ૪૪૪

વિભાગો

વાચકો લખે છે — ૪૧૮
ભરતકામના ટાંકાના કેટલાક પ્રકાર [ચિત્રબોધ] — ૪૨૬
અથાણું — ૪૩૩
गतशोको न कर्तव्यो [સુભાષિત-૧૮] — ર. ભી. ૪૪૦
પચ્ચીસ વર્ષ પહેલાં — ૪૪૨
માધુકરી [ડ્વાઇટ આઈઝનહોવર; આંકડાભેદુ મહેન્દ્ર] — ૪૪૬
કુલાં Gull [માસમાસનાં પંખી-૮૨] — ૪૪૬
• આ માસ ઇતિહાસમાં [વ્યક્તિવિશેષ રણજિતસિંહ] — ૪૫૦
છેલ્લું પાનું — ૪૫૧
પત્રમિત્ર વિભાગ — ૪૫૪
ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ: શ્રીદામ ભટ્ટ ૪૪૫ અને પાછલે પૂઠે

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી. મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છુટક નકલ: બાર આના

વાચકો લખે છે.

આ વિભાગમાં પ્રકટ થતા દરેક ચિત્ર, ફોટોગ્રાફ તથા પત્ર માટે તેના મોકલનારને 'કુમાર'માં આવેલું અમારી અનુકૂળતા પ્રમાણેનું કોઈ પણ એક ત્રિરંગી ચિત્ર ભેટ મોકલવામાં આવશે.

લગ્ન પ્રસંગે કન્યાના માથે તેમજ વર-કન્યાને પરણાવનાર સ્ત્રી-વ્યક્તિને માથે જે 'મોડ' પહેરાવવામાં આવે છે તેની, તેમજ જે 'રામણદીવડા' વાપરવામાં આવે છે તે બાબતની સંપૂર્ણ માહિતી મારે જોઇએ છે.

આ વસ્તુઓની ઉત્પત્તિ કેવી રીતે થઈ, તેમજ શા કારણોને લીધે લગ્ન પ્રસંગે વાપરવામાં આવે છે, તેમજ અસલથી કે અત્યાર સુધીમાં તેની ડિઝાઇનોમાં કેવાકેવા પ્રકારના સુધારાવધારા થયા છે, અસલમાં 'મોડ' કે 'રામણદીવડા' કેવા પ્રકારના વપરાતા હતા વગેરે સંપૂર્ણ વિગત જાણવાની ઇંતેજારી છે. જો આપને તે બાબતનો ખ્યાલ હોય તો મને જણાવશો, અગર કયાંકયાં પુસ્તકોમાં તે બાબતની નોંધો મળી શકશે તે જણાવશો તો આપનો અત્યંત આભાર માનીશ.

(અમદાવાદ) —ચંદ્રકાન્ત ગિલ્ડર

નવાવર્ષનાં મારાં ખોબલાં અભિનંદન: એક તો નવા વર્ષ નિમિત્તે; અને બીજાં, દિવાળી ઉપર આવો સર્વાંગ સુંદર અંક કાઢવા માટે. વાચકોના પત્રોમાં પેલા ભાઇએ તમારા ઉપર દાઝ કાઢી છે તે બરાબર છે? હું તો છાતી ઠોકીને કહું છું કે ભારતભરમાં સાથે ઊભું રહી શકે એવું બીજું કોઈ સામયિક નથી.

'સજાવો દિવાળી' એ કાવ્યે તો મારી આંખમાં ઝળઝળિયાં આણી દીધાં. જગુભાઈ શાહના પરિચયમાં આવ્યો નથી પણ અભિનંદન આપવાનું મન તો થાય છે.

(કલકત્તા) —શિવકુમાર જોષી

'કુમાર'ના સપ્ટેમ્બર અંકમાં એક ભાઇએ ચંદ્રવદનની 'બાંધ ગઠરિયાં'ને સ્થાને 'જરાક વધુ સારા સાહિત્યને' સ્થાન આપવાની માગણી કરી છે, આ અંગે લખવાનું કે 'બાંધ ગઠરિયાં' હું એની શરૂઆતથી જ વાંચતો આવ્યો છું અને એનાથી મને જરાય કંટાળો ઉપજ્યો નથી; બલ્કે મઝા પડી છે. સરસ શૈલીથી અને વિવિધ માહિતીથી ભરપૂર લખાતી આ આત્મકથા તરફ અણગમો વ્યક્ત કરવો તે એ ભાઈને ઉપયુક્ત નથી.

પ્રસ્તુત આત્મકથાને સારા સાહિત્યમાં સ્થાન મળી શકે તેમ નથી એમ કહેવા કોઈ પણ વિચારશીલ વાચક તૈયાર થશે નહિ. હું તો ઇચ્છું છું કે એ વધુ ને વધુ લંબાય.

(ટાંગા, બ્રિ.ઈ.આફ્રિકા) —બહાદુર માંગરોલા

'આપના માસિકમાં 'કાયાની કરામત'ની લેખમાળા સુંદર રીતે સર્વને સમજ પડે તેવી શૈલીમાં રજૂ થાય છે તે બદલ અભિનંદન.

શરીરરચના સંબંધીના પ્રખ્યાત પુસ્તક Grays' Anatomy પરથી નીચેની માહિતી સૂચિત કરું છું.

'પીતબિંદુ માટે Macula lutea નામ છે. (ઑક્ટોબરના અંકમાં Macua lutea કદાચ મુદ્રણમાં શરતચૂકને આભારી હશે.) પીતબિંદુના મધ્યમાં અતિગણો સચેતન Fovea Centralis નામનો બેસી ગએલો ભાગ (depression) છે. આ સ્થળે નેત્રપટ બહુ બારીક ને શંકુ-કોષો વધારે સંખ્યામાં હોય છે. પીતબિંદુની નાસિકા બાજુ પર ૩ મીલીમીટર (⅛ ઇંચ)ના અંતરે અંધબિંદુ આવેલ છે.

અંધબિંદુની જગ્યાએ જ નેત્રતંતુ (optic nerve) નેત્રપટને ભેદીને આંખમાં પ્રવેશ કરે છે, અને આ જગ્યાએથી નેત્રપટની રક્તવાહિનીઓ (central artery & vein of retina) પણ આંખમાં પ્રવેશ કરે છે, તેથી શંકુ અને સળી-કોષો અહીં સાંપડતાં નથી, જેથી કરીને પ્રકાશનાં કિરણો પડવા છતાંય દેખાતા નથી. તેથી અંધબિંદુનો વ્યાસ = નેત્રતંતુની જાડાઇ = ૧/૧૬ ઇંચ (૧.૫ મીલીમીટર). અંધબિંદુ (blind spot)ને optic alix પણ કહેવામાં આવે છે.

ઉપર જણાવેલી વિગતો કેટલાક વાચકોને (દા.ત. શ્રી કનુ ભટ્ટ, વિદ્યાનગર.) વધુ માહિતી આપી શકશે એવી આશા છે.*

(મુંબાઇ) —હરિલાલ કાકુ

*આ બધી બારીક વિગતો એ લેખમાળાના લેખક જાણે તો છે; પણ એટલા માટે નથી આપતા કે તે જનસામાન્યને માટે શુષ્ક ને કંટાળાભરી બની જવાનો ભય છે.. —તંત્રી]


'કુમાર'ના માર્ચ'૫૨ના અંકના પૃ.૧૦૨માં બ્રિટિશ સાબુ બનાવનારનો ઉલ્લેખ કર્યો છે; પરંતુ ગોદરેજ કંપનીએ આવો જ સાબુ G 11નાં તત્ત્વો નાખીને પહેલવહેલો બનાવ્યો છે તેની નોંધ તમારે લેવી ઘટે.

(વિલેપાર્લે) —કિરણ દેસાઇ

અનેક નિયમિત કટારો ને પ્રસંગવિષ આકર્ષણોથી હું 'કુમાર'નો વ્યસની બન્યો છું. 'કુમાર' આજે વર્ષોથી ચાલે છે; (તો) એક સૂચન કરવાનું મન થયું છે. (એ) કટારોના સંગ્રહ રૂપે એક ખાસ અંક, અથવા પૂરક, યા વધુ પાનાં આપી માહિતી એકત્ર કરી પ્રકાશિત કરો તો? 'કાયાની કરામત', 'આરોગ્ય' અને 'યોગાસનો'ની એક પૂર્તિ; ને 'માધુકરી' તથા 'એમ કેમ?', 'વિકસતું વિજ્ઞાન' વગેરેની બીજી પૂર્તિ.

(ભરૂચ) —પ્રિયવદન શાહ

'૧૯૫૧ના ઑક્ટોબર (દિવાળી) અંકમાં જેમની કાગળ-કટાઇની કલા પર વિસ્તૃત લેખ આવી ગયો તે પાટણના શ્રી રામપ્રસાદ જડિયાએ આ નૂતન વર્ષના અભિનંદ રૂપે અમને મોકલેલી તેમની કલાની પ્રસાદી.



અમારા પર નૂતન વર્ષ નિમિત્તે આવેલાં સંખ્યાબંધ અભિનંદનપત્રોમાંનું એક નાચે આપ્યું છે. મોકલનાર શ્રી પ્રમોદરાય પટેલ, ભરૂચ.



લગન ફરીથી

(શિખરિણી)

થતું આજે જોયું લગન સખિ કેરી ભગિનીનું
મહારા એ જૂના પરિચિત પુરાણા સ્થળ મહીં;
જહીં નંખાએલા વરવધૂ તણા બાજઠ અને
ઉઠંતી વેદીની ઘૃતચરુભરી માફક ધૂણી.

પુરાણું એ સામે ગૃહ, જહીં જ કૌમાર્ય સખીનું
વીતેલું; જોયાં તે મુખ ફરીથી સંબંધીજનનાં;
સખી જ્યાં બેઠેલી સ્થળ ફરીથી દીઠાં સજીવ શાં,
દીઠાં શું—મેં પીધાં નજરતણી પ્યાલી ભરીભરી.

મને આવી તારી સખીરી! તહીં શી યાદ ઊડતી:
મઢેલી તારી આભૂષણ મહીં તન્વી વપુ-લતા,
સલજ્જા ઝૂકેલું મુખ તવ ઢંકાયું ઘરતીમાં
દીઠી પાનેતરમાં ફરકત ધ્વજા મન્મથ તણી.

સખી જોયું મેં આ લગન, લગને ઘૂમતી તને,
અને માણી લીધું લગન ફરીથી આપણ તણું.

'સનાતન'

નાની સાળીના લગ્ન પ્રસંગે, પૂર્વપરિચિત સ્થળ અને પાત્રોનાં દર્શનથી તાજી થતી પોતાના લગ્નની સ્મૃતિ: જેને લીધે ઉદ્ભવતા સ્વકીયા-પ્રેમના કુંળા-મીઠા ધરગથુ ભાવો, જાણે ફરીથી પોતાનું લગ્ન માણ્યું હોય એવા સુખની તૃપ્તિ અનુભવાવે છે.

પત્તાંની જોડ

(ઉપજાતિ)

છે જિંદગી આપણ સૌ તણી તો
રે ગંજિપા બાવન પાનના શી.
મળે ન પત્તાં મનમાગતાં કૈં,
લેવાં પડે છે 'ચિપ'માં મળેલાં:
ક્યાં મળે તે તકદીર-હાથે.

પાનાં તણી જોડ જ જિંદગાની,
સંજોગ-પાનાં નિજ જોડ કેરાં.
પરંતુ તે તેર થકી, છતાં યે,
ક્યારે કયાં ઊતરવાં તમારે
સ્વાધીન છે તે,–વળિ હોશિયારી
છે માનવીની નિજમાં જ સાચી.

પ્રબોધ જોષી

જીવનને ગંજીપાની ઉપમા આપતી ચાતુરીભરી કલ્પના ઉપર મંડાએલું બોધરંગી કાવ્ય.

કવિતા અનિયતકાલિકના પહેલા અંક માટે ઘણી પૃચ્છા આવતી હોઇ ૫૦થી વધુ ગ્રાહકો નોંધાય તો તે ફરી છાપવાનું સાહસ વિચાર્યું છે. ઇચ્છુકોએ ૦-૪-૯ની ટિકિટો મોકલવી.

જિંદગીનો સ્વયંવર

જિંદગીનો સ્વયંવર રચાયો હતો. પ્રવૃત્તિ, કાર્ય, આળસ, સૌ ભેગાં થયાં હતાં. પહેલાં પ્રવૃત્તિ આવી. એની ચાલમાં થનગનાટ હતો, કદમોમાં વેગ હતો, હૈયામાં ઉત્સાહ ને આંખમાં ઉમંગ હતો. પણ કપડાં ખરડાએલાં હતાં.

અને એ માનવીએ એને પસંદ ન કરી.

પછી કાર્યસુંદરી આવી. એના નેણમાં સ્થિરતા હતી; વદન પર ગંભીરતા. મગજમાં તો આગગાડી દોડતી. વિચારો ને એનો અમલ, એમાં જ મગજ ઘૂંઘવાએલું હતું. એને બીજા શું કહેશે એની પડી નહોતી, એટલે એણે અંગની સજાવટમાં સમય બગાડયો નહોતો.

અને માનવીએ એને પણ નકાર ભણ્યો.

અને ત્યાં આળસરાણી આવી: આંખને આંજી દે એવું રૂપ હતું; હાથમાં આનંદનો પ્યાલો અને એમાં આરામનો શરાબ લઇને એ આવી હતી. સમયને લૂંટતાં એને આવડતું હતું.

અને એ માનવી એના પર મોહી પડયો.

માનવીએ એની સાથે સંસાર માંડ્યો. શરૂમાં તો ઠીકઠીક ચાલ્યું અને એને સંતાનો થયાં: પહેલી જન્મી ચિંતા, બીજો જનમ્યો ક્લેશ, ત્રીજી જન્મી ઉપાધિ, ને ચોથો થાક.

ને પછી જોઈ લ્યો એના સંસારની મઝા!

રોજ સવાર પડે અને ઊંઘમાંથી ઊઠયો ન હોય ત્યાં ચિંતા એને જગાડે ને સતાવે. ઉપાધિ તો એને પજવે જ. ક્લેશ એનો સંગ ન છોડે. અને થાક તો એવો કે એના વિના થાકને ગમે જ નહિને! અને હજી જાણે કંઈ બાકી રહ્યું હોય તેમ આળસ એને પળ માટે પણ પોતાથી અળગો ન થવા દે.

સંસારની ઘટમાળ વિચિત્ર બની. એનું વ્યક્તિત્વ મરી ગયું પછી તો સમય જતાં માનવીને મોત વહાલું લાગવા માંડયું. રોજ ને રોજ કકળાટ વધ્યો, લડાઈટંટા ને ફિસાદ વધ્યાં. લોક એની મશ્કરી કરતા અને માનવીને મોં બતાવવું યે ભારે પડયું. આજે એ એટલો તો અકળાઈ ચૂકયો છે કે ન પૂછો વાત.

તમારી જિંદગીનો સ્વયંવર રચાય ત્યારે યે વિચારી લેજો. આળસને કદી ય વરમાળ પહેરાવતા ના. કામ જેટલો થાક નથી લગાડતું એટલો આળસ લગાડે છે. આળસની પ્રીતિ ચિંતા, ક્લેશ અને કકળાટ જન્માવશે. માટે જિંદગીના સ્વયંવરમાં સદા સાવધ રહેજો.

(લોકનાદ) **સુકેતુ**



સાગરની ખામોશ છાતી ખૂંદીને

લેખક
અશોક હર્ષ

★

'We were the first that ever burst
Into that silent sea.'

સાગરની ખામોશ છાતી ખૂંદીને ભૌગોલિક સંશોધન-ક્ષેત્રમાં પોતાની અમર નામના મૂકી જનારાઓમાં ત્રણ સાહસવીરો મુખ્ય છે: ક્રિસ્ટોફર કોલંબસ, વાસ્કો ડ ગામા ને ફર્ડિનાન્ડ મૅગેલન. પહેલાએ અમેરિકા ખંડ શોધ્યો, બીજાએ પૂર્વનો પ્રવાસમાર્ગ શોધ્યો, અને ત્રીજાએ પૃથ્વીની પ્રદક્ષિણા કરીને પહેલા બંને શોધકોની શોધોનું સંયોજન કર્યું.

આટલાંટિક અને પાસિફિકને જોડતા સાગરમાર્ગના એ શોધક ફર્ડિનાન્ડ મૅગેલનની સાગરયાત્રાને ખ્રિસ્તી પુરાણોક્ત હઝરત નૂહ-ની સાગરયાત્રા સાથે સરખાવવામાં આવે છે. આ પૌરાણિક સરખામણી જવા દઇએ તો પણ એટલું તો નિશ્ચિત કહી શકાય કે, એ કોલંબસ કરતાં વધુ નહિ તો એના જેટલો મહાન તો જરૂર હતો.

સાગરને માર્ગે પૂર્વમાં પહોંચવાની યુરોપના દેશોની તાલાવેલી સોળમી સદીના પ્રારંભે પરાકાષ્ઠાએ પહોંચેલી. બાર્થોલોમ્યુ ડાયેઝે આફ્રિકાફરતો સાગરમાર્ગ શોધીને એ તાલાવેલી કંઈક અંશે સંતોષ્યા બાદ બીજો એક સાગરખેડુ એનાથી યે લાંબો પ્રવાસ ખેડવા તૈયાર થયો, અને તે વાસ્કો ડ ગામા.

ઈ.સ. ૧૪૯૭ની એ સાલ હતી. ડાયેઝની સફર પછીના અગિયારમા, અને કોલંબસની અમેરિકાની શોધ પછીના બારમા વરસની એક સંધ્યાએ પોર્ટુગલના પાટનગર લિસ્બનથી દસ માઈલ દૂર, ટેગા નદીના મુખપ્રદેશ પર આવેલા બેલમના દેવળમાં ઘંટારવ ગાજી રહ્યો હતો. મીણબત્તીઓના પ્રકાશ ને ધૂપની સુગંધ વચ્ચે પ્રાર્થના પૂરી કરીને હાથમાં ફાનસ સાથે ગામા ને તેના સાથીઓએ સૌની વિદાય લીધી અને કિનારા પરની તોપોની સલામી ઝીલતો એમનો ચાર જહાજોનો કાફલો દરિયામાં આગળ વધ્યો.

એ જમાના સુધીની લાંબામાં લાંબી–દસ હજાર માઈલની દરિયાઇ સફરે ઊપડતા એ કાફલાને અઢાર વર્ષની વયનો એક કુમાર અનિમેષ નેને તાકી રહ્યો હતો. એના મનમાં પણ સાગરસવારીની ઝંખના જાગી ઊઠી હતી, અને વળતે વરસે પાછા ફરેલા ગામાના કાફલાના એક જહાજના ખલાસીઓના મોંએ એમની પ્રવાસકથા સાંભળ્યા પછી તો એ ઝંખના અત્યંત પ્રબળ બની ઊઠી.

એ મૅગેલનના ઇ. ૧૪૮૦માં થએલા જન્મ સમયથી જ પોર્ટુગલ સાગર પર પોતાની હકૂમત જમાવવા માંડ્યું હતું. પોર્ટુગીઝ જુવાનો પતંગિયાં જેમ સાગરપ્રવાસ માટે કૂદી પડતા. જન્મથી જ આવા વાતાવરણમાં ઊછરેલો મૅગેલન પછી ક્યાંથી ઝાલ્યો રહે? એ પણ ઈ. ૧૫૦૪માં એક જહાજ પર ભરતી થઇ ગયો–પગારદાર ખલાસી તરીકે નહિ પણ સ્વયંસેવક તરીકે. પરંતુ સાત વર્ષ રહીને એ લિસ્બન પાછો ફર્યો ત્યારે તો રીઢો ખલાસી બની ચૂકેલો અને કપ્તાનના પદે પહોંચેલો! આફ્રિકાને કાંઠે અરબ ને હિંદી જહાજો સાથેના જંગમાં જખમાએલો મૅગેલન હિંદથી પણ ૨૦૦૦ માઈલ પૂર્વમાં પ્રવાસ કરી પાસિફિક મહાસાગરનાં દર્શન કરી આવેલો.

ત્યારે જ મૅગેલનને સવાલ થએલો કે પોર્ટુગલથી બાર હજાર માઇલના પ્રવાસ પછી નજરે પડેલા એ મલાક્કાના ટાપુઓને પૂર્વમાં આવેલા ગણવા કે પશ્ચિમમાં? ક્યાંક તો પૂર્વ અને પશ્ચિમ માર્ગો એકબીજાને મળતા જ હોવા જોઇએને? એણે એ પ્રશ્નનો ભવિષ્યમાં ઉત્તર મેળવવાનો નિશ્ચય કર્યો. એ વખતે તો ઉત્તર આફ્રિકાના મૂરો સામે ચાલતા યુદ્ધમાં એ લશ્કરમાં ભરતી થઈ ગયો.

લશ્કરમાં દુશ્મનની સાચવવા આપેલી યુદ્ધસામગ્રી પાછી દુશ્મનને વેચી દીધાનો આરોપ આવતાં એણે લશ્કરની નોકરી છોડી દીધી. જો સાગરયાત્રાની તક મળે તો પોતાને ઉદ્ભવેલા સવાલનો જવાબ મેળવી શકાય, એટલે એ તક મળવાની આશાએ તે પોર્ટુગલના રાજા માનુએલને મળ્યો, પણ તેણે કશી દાદ ન આપી. સ્વમાની મૅગેલન માટે માનુએલનો એ તોછડાઈભર્યો વર્તાવ અસહ્ય હતો. એ લિસ્બન છોડી પોતાના વતન સાબરોસા ચાલ્યો ગયો. પણ ત્યાં યે એ બેચેન આત્માને જંપ ન વળ્યો. તેણે સ્પેનના રાજાને મળીને પણ પોતાનો મનસૂબો પાર પાડવાનો નિર્ણય કર્યો.

કોલંબસ ત્યાર સુધીમાં મરી પરવાર્યો હતો, અને એણે શોધેલો ભૂમિખંડ હિંદુસ્તાન નહોતો એ સિદ્ધ થઇ ચૂક્યું હતું. પરંતુ એ નવો

ભૌગોલિક સંશોધનક્ષેત્રમાં અમર નામના મૂકી જનાર, કોલંબસની કેડીનો કૃતનિશ્ચયી સાહસવીર

ખંડ ઓળગી શકાય તો એ માર્ગે હિંદ પહોંચી શકાય એવી મૅગેલનની માન્યતા હતી. આફ્રિકા ફરતો માર્ગ તો લઇ શકાય તેમ ન હતું, કારણકે એ બધો સાગરપ્રદેશ પોર્ટુગલની હકૂમત ગણાતી. સ્પેન અને પોર્ટુગલ વચ્ચે એ અંગે ચાલેલા ઝગડામાં ધર્માધ્યક્ષ પોપે વચ્ચે પડીને વર્દ ભૂશિરથી ૬૦૦ માઈલ પશ્ચિમે સીમારેખા નક્કી કરી આપેલી. એની પૂર્વનો વિસ્તાર પોર્ટુગલની હકૂમતનો ગણાય ને પશ્ચિમનો સ્પેનની હકૂમતનો. પોર્ટુગલની હકૂમતમાં પ્રવેશ્યા વિના, નવા શોધાએલા ભૂમિખંડના માર્ગે પૂર્વમાં પહોંચવાનો મૅગેલનનો ઈરાદો હતો. એ માર્ગે જો તેજાનાના ટાપુઓ સુધી પહોંચી શકાય તો સ્પેન ન્યાલ થઈ જાય, કારણકે એ વખતે યુરોપમાં તેજાનો મોતીના મૂલે વેચાતો.

પૂરાં પાંચ વર્ષ મૅગેલને પૂર્વના પોતાના એ નિર્ધારિત પ્રવાસ અંગે ઝીણામાં ઝીણી વિગતો એકઠી કરવામાં અને નકશાઓના અભ્યાસમાં ગાળ્યાં. યુરોપની પશ્ચિમે એક વિશાળ ભૂમિખંડ હિંદની આડે આવેલો છે એવા સામાન્ય ખ્યાલ સિવાય કશી ચોક્કસ માહિતી એ વખતે કોઇને નહોતી. મૅગેલનને આશા હતી કે એ વિશાળ ભૂમિખંડની દક્ષિણે ક્યાંક કોઈ સામુદ્રધૂનિ હોવી જોઇએ, જે આટલાંટિકને પૂર્વના સાગર સાથે જોડતી હોવી જોઇએ. એને ખાતરી હતી કે એ ભૂમિખંડ છેક દક્ષિણ ધ્રુવ સુધી તો વિસ્તરેલો નહિ જ હોય. છેવટે સાગરખેડુ નહિ પણ સાગરમાર્ગોના પોતાના જેવા જ અભ્યાસી મિત્ર ફલેરિયો સાથે ઈ. સ. ૧૫૧૭માં એ સ્પેન ઊપડ્યો. પોતાની પોર્ટુગીઝ નાગરિકતાનો પણ એણે ત્યાગ કરી દીધો.

સ્પેનનું સેવિલ બંદર એ વખતે સાગરખેડુઓનું જબરું થાણું હતું. ત્યાંનો થાણેદાર ડીએગો બાર્બોસા જન્મે પોર્ટુગીઝ અને મૅગેલનના પિતાનો મિત્ર હતો એટલે એ તેને ત્યાં જ ઊતર્યો. બાર્બોસાની પુત્રી બીએટ્રિસ પ્રથમ દૃષ્ટિએ જ તેના પ્રેમમાં પડી. મૅગેલનની યોજના માન્ય રહે તો તે સાગરયાત્રાએ ઊપડી નીકળવાનો, જેમાંથી પાછા ફરવાનું પણ અચોક્કસ હતું, છતાં એ તેની સાથે લગ્નગ્રંથીથી જોડાઈ ગઈ.


બાર્બોસાએ સ્પેનના મોટામોટા અફસરોની પોતાના જમાઈ જોડે ઓળખાણ કરાવી. એમના દ્વારા સ્પેનના રાજા ચાર્લ્સની મુલાકાત થઈ. ચાર્લ્સે મૅગેલનની યોજનાનો સ્વીકાર કર્યો ને તેને મહાસારંગ (કૅપ્ટન-જનરલ) બનાવી પાંચ સ્પૅનિશ જહાજોનો કાફલો તેના હાથ નીચે મૂક્યો.

પોર્ટુગલમાં મૅગેલનની આ સફરના સમાચાર પહોંચતાં તેના પેટમાં તેલ રેડાયું. તેને લાગ્યું કે મૅગેલન પોર્ટુગીઝ સાગરપ્રદેશ ઓળંગવાને સ્પેનને ઉશ્કેરી રહ્યો હતો. મૅગેલને પોતે તેમ ન કરવાનો હોવાની ખાતરી આપી છતાં માનુએલે સ્પેનમાંના પોતાના એલચી અલવોરા ડા કૉસ્ટાને મૅગેલનનો પ્રવાસ અટકાવવા લખ્યું: બીજી કોઈ રીતે મૅગેલનને અટકાવી ન શકાતાં ડા કૉસ્ટાએ એની સામે તરેહવાર અફવાઓ ફેલાવવા માંડી. આથી એને સ્પૅનિશ ખલાસીઓ મેળવવામાં મુશ્કેલી નડવા માંડી. પણ મૅગેલન એમ હારી ખાય તેવો ન હતો. એણે મળ્યા એટલા સ્પૅનિશ ખલાસીઓ સિવાય પોર્ટુગીઝ, ફ્રેન્ચ, અંગ્રેજ, જર્મન, ગ્રીક ને હબશી ખલાસીઓ સુદ્ધાંની ભરતી કરી ને 'સાન ઍન્ટોનિયો', 'ત્રિનિદાદ', 'સાન તિયાગો,' 'કન્સેપ્શન' ને 'વિક્ટોરિયા' એ પાંચ જહાજોના કાફલા સાથે પ્રવાસે ઊપડી નીકળ્યો.

(અનુસંધાન પૃષ્ઠ ૪૪૯મે)

મૅગેલન

જેણે અનેક મુસીબતોની સામે ઝૂઝીને આટલાંટિક સોંસરા જઈ સૌ પહેલો પાસિફિક પ્રવેશીને પૃથ્વીના પૂર્વ-પશ્ચિમ પડખાંને જોડતો સળંગ સાગરમાર્ગ શોધ્યો



મૅગેલનનો પ્રવાસમાર્ગ ——

જમણી બાજુએ સ્પેનથી શરૂ થતી કાળી લીટીને માર્ગે માર્ગે આટલાંટિક સોંસરા, દક્ષિણ અમેરિકાને આંટો લઇ પાસિફિક પાર કરીને, ફિલિપ્પાઇન્સ વગેરે ટાપુઓને સ્પર્શી, હિંદી મહાસાગર વળોટી, આફ્રિકાને આંટો લઇ, ફરી સ્પેન પહોંચતો મૅગેલનનો માર્ગ

ટિકિટસંગ્રહ

સામેના પાના પરના ટિકિટોના પરિચયમાં એક ટિકિટ સિગારેટ પેપર ઉપર છપાઈ હોવાનો ઉલ્લેખ જાણીને નવાઇ લાગશે. સામાન્યરીતે એ બાબત પર આપણું ધ્યાન જતું નથી, પણ ટિકિટો જેના પર છપાય છે તે કાગળોમાં પણ વિવિધ જાતો હોય છે. એ જાત મોટે ભાગે, જે મુદ્રણ-પદ્ધતિથી ટિકિટ છપાવાની હોય તેને તથા તેમાં વપરાનારી શાહીને અનુરૂપ પસંદ કરવામાં આવે છે. એ ઘણો રસમય વિષય છે, પણ એને વિષે લાંબી વિગતે લખવાનું હવેના અંકો પર મુલતવી રાખીને અહીં તો માત્ર એ કાગળોની વિવિધ જાતોનાં નામો જ વર્ણવીશું. સર્વસામાન્યરીતે વપરાતો કાગળ સફેદ 'વોવ' પ્રકારનો વપરાય છે.આપણાં ચાલુ છપાતાં પુસ્તકોમાં પણ 'વોવ' કાગળ જ વપરાય છે. જોકે ટિકિટો માટે એનો ધૂંટો, મજબૂતી, સપાટી વગેરે ખાસ તપાસીને તે પસંદ કરવામાં આવે છે. એ સિવાયનાં નામ આ મુજબ: આર્ટ ('કુમાર'નાં રંગીન ચિત્રો છપાય છે તેવો), કૉટન, બૉન્ડ (વેપારી પેઢીઓ નોટપેપરો છપાવે છે તે જાત), ચૉકી, કોટેડ, ડેકલ-એજેડ, ડિકિન્સન, ડબલ, ગ્લેઈસ, ગોલ્ડ બીટર્સ સ્કિન, ગ્રેનાઈટ, ગ્રિલ, ઇન્ડિયા, લેઈડ, પેલ્યોર, ફ્વૉડ્રિલ, રેપ, સેઇફટી કે સિક્યૉરિટી (ચેક છપાય છે તેવા), સરફેઈસ ક્લર્ડ, વ્હાઇટ-બૅક વગેરે.એ બધાંની વિગતવાર સમજણ હવે પછી. (ચાલુ)

(અનુસંધાન સામેના પાનાથી ચાલુ) ◐. ચોથી લીટીમાં નં. ૧ સિગારેટ પેપર ઉપર છપાએલી ટિકિટ છે, જેમાં ટ્રાકોસ્કાનનો મહાન ઐતિહાસિક કિલ્લો દર્શાવ્યો છે. નં. ૨ ક્રોએટ સ્વતંત્રતાની પ્રથમ સંવત્સરી નિમિત્તે બહાર પાડેલી ટિકિટ પર રાજધાની ઝેગ્રેબનું મહાન દેવળ છે. નં. ૩ અને ૫ લડાઇથી અપંગ બનેલાઓ માટેની ફરજિયાત ચૅરિટી ટૅક્સ (દાન-વેરા)-ની ટિકિટો છે, જેમાં નં. ૩ પર વેદનાગ્રસ્ત મનુષ્યનું ચિત્ર છે ને નં. ૫ માં બૉમ્બમારાથી તારાજ થએલું મકાન દર્શાવ્યું છે. એ બે વચ્ચેની નં. ૪ની ટિકિટ Day of work (શ્રમદિન) ઊજવવા માટે બહાર પાડેલી ટિકિટ છે, જેમાં ખેતરમાં હાથમજૂરી કરતો ખેડૂત બતાવ્યો છે. છેલ્લી ટિકિટ રાજધાના ઝેગ્રેબની ૭મી શતાબ્દીની ઊજવણી નિમિત્તની ટિકિટ છે જેના પર ઝેગ્રેબ શહેરનું ધ્યાનચિહ્ન તથા 'ગોલ્ડન બુલ' નામનો ખરીતો બતાવેલાં છે. ઈ. ૧૨૪૨માં જ્યારે ક્રોએટોએ ઝેગ્રેબ જીત્યું ત્યારે રાજા બેલાએ ઈનામ તરીકે ઝેગ્રેબને શહેરી હક્કો બક્ષતો જે ખરીતો (દસ્તાવેજ) 'ગોલ્ડન બુલ' Charter of Civic Rights કરી આપ્યો તે 'ગોલ્ડન બુલ'ના નામથી ઓળખાય છે.

(શ્રી અજિતકુમાર સંઘવીના સંગ્રહમાંથી)



યુનાઇટેડ નેશન્સની ઇમારતના સિક્યૉરિટી કાઉન્સિલના ખંડની ભીંત પર મૂકેલું નૉર્વેજિયન કલાકાર પેર ક્રૉગનું, ૧૬×૨૬ ફૂટનું 'શાંતિ'નું આ ભીંતચિત્ર બે વરસની મહેનતે તેણે તૈયાર કર્યું હતું. શાંતિ માટેના યૂનોના પ્રયત્નો (ખરું જોતાં તો દુનિયાની એકેએક વ્યક્તિના પ્રયત્નો) જો સફળ થશે તો એક દિવસ દુનિયા કેવી હશે તે માટેનો પોતાનો ખ્યાલ તેણે એમાં આલેખ્યો છે એમ તેનું કહેવું છે.



બે પાંખના બંને છેડા પર મોટરોવાળું અમેરિકાએ હમણાં નવું બનાવેલું માત્ર છા મણ વજનનું આ હેલીકૉપ્ટર વિમાન કોઈપણ માણસ ૧૦ કલાકમાં ચલાવતાં શીખી શકે એટલું સાદું છે. તે ૧૫ મણ વજન ઊચકી શકે ને શોધખોળ, બચાવ, તથા મુલકી તેમજ લશ્કરી સરસામાનની ફેરવણીમાં બહુ કામ આપી શકે.

પ્રેમ ચંદ્ર જેવો છે—વધે નહિ તો ઘટે.

જ્યાં વિકાસ અટકે છે ત્યાં વિનાશ શરૂ થાય છે.

જ્યારે વિચારચક્ર અટકી જાય છે ત્યારે વિકારચક્ર ચાલુ થાય છે.


સ્ત્રી કરતાં કૂતરો વધારે ડાહ્યો છે. તે તેના ધણીને તો ભસતો નથી જ.

થોડાં નાણાં વડે જો તમને સુખ માણતાં નહિ આવડતું હોય તો ઢગલાબંધ લક્ષ્મી પણ તમને તે આપી શકવાની નથી.

ક્રોએશિયાની ટિકિટો



ઈ. ૧૯૪૧-૪૪ની જર્મની તથા ઇટાલીની દરમ્યાનગીરીમાંથી સ્વતંત્ર બનેલા જ્યુગોસ્લાવિયાનો એક ભાગ તે ક્રોએટિયા. એની દરેક ટિકિટ પર N.D.HRVATSKA અથવા NZZAVISNA DRZAVA HRVATSKA લખેલું હોય છે, જેના અર્થ છે Independent State of Croatia (ક્રોએટિયાનું સ્વતંત્ર રાજ્ય) : બાજુનું ચિત્ર દર્શાવે છે તેમ એમાં ચિત્રપ્રસંગોનું ખૂબ વૈવિધ્ય છે ને ડિઝાઈનની દૃષ્ટિએ પ્રશંસનીય છે. મથાળાની પહેલી લીટીમાં ડાબી બાજુથી પ્રથમ ચાર ટિકિટો નૅશનલ લેબર ફ્રન્ટની છે : (૧) કૂચ કરતા મજૂરો, જેની પૃષ્ઠભૂમિમાં દેશનું રાજ્યચિહ્ન છે; (૨) ખોદકામ કરતો મજૂર; (૩) દફતરી કાર્યને માર્ગદર્શનનું સૂચક ચિત્ર જે રચનાત્મક કામ દાખવે છે; અને (૪) લશ્કરી પરેડ. તે પછી ૫-૬ અષ્ટાશા યુવાનો માટેના ફંડની ટિકિટો છે, જેમાં નં. ૫ માં ડૉ. એ. સ્ટાર્સેવિકની છબિ છે. એમના બાજુમાં યુવક-જાગૃતિનું દર્શક મશાલ અને તીરનું પ્રતીક છે. નં. ૬ એમ. ગ્યુબેક: વિજયતાજ યુવાનોનો જ છે એમ દર્શાવતું પ્રતીક ચિત્ર. (૭) નૅશનલ રીલીફ ફંડ માટેની ટિકિટ પર બ્યૂગલ વગાડતા રાષ્ટ્રવીરો, જેમાં બ્યૂગલની ધજા પર Pamoc=Help (મદદ કરો) લખેલું છે. ◖બીજી લીટીમાં ૧, ૨, ૩, ૪ તાર-ટપાલખાતાનાં માણસો માટેના ફંડની ટિકિટો છે. તેમાં ૧ માં ટપાલી, ૨ માં ટેલીગ્રાફનો લાઈન્સ મૅન, ૩ માં ટેલીફોન-સ્વિચબોર્ડ-ગર્લ અને ૪ માં ટપાલીનું કુટુંબ છે. નં. ૫ ક્રોએટ યુવક-ફંડની ટિકિટ છે જેના ઉપર ત્યાંના સરમુખ્ત્યાર માર્શલ ડૉ. એન્ટે પેવલીકની છબિ છે. નં. ૬ રેડ-ક્રૉસ ફંડની ટિકિટ પર નર્સ અને બાળક છે અને નં. ૭ ત્યાંના જાણીતા ગણિતશાસ્ત્રી, ફિલસૂફ અને ખગોળવેત્તા રુડર બોસ્કોવિકના સ્મરણાર્થે કાઢેલી ટિકિટ છે. ◖ ત્રીજી લીટીમાં પહેલું લેબલ છે. તેમાં ક્રોએટિયાનું રાજ્યચિહ્ન તથા 'રેડક્રૉસ' છે. નં. ૨માં ક્રોએટિયાના તળપદા પહેરવેશવાળી ગ્રામકન્યા છે અને નં. ૩ ઉપર રેડક્રૉસ માટેનું ખૂબીદાર શોભનચિત્ર છે. નં. ૪,૫,૬,૭ પાછી તાર-ટપાલના કામગારો માટેના ફંડની ટિકિટો છે. તેમાં નં. ૪માં શાંતિનો સંદેશ લઇ જતું કબૂતર, ઝડપનું પ્રતીક એરોપ્લેન ને પૃથ્વીના ગોળાને આવરી લેતો તેમનો કાર્યપ્રદેશ દર્શાવ્યાં છે; નં. ૫ ઉપર મર્ક્યુરી દેવતા, નં. ૬ ઉપર વેગનું પ્રતીક પાંખવાળું પૈડું અને નં. ૭ ઉપર ટપાલનું પ્રતીક બ્યૂગલ તથા ક્રોએટિયાનું રાજચિહ્ન છે. (સામેના પાને)



ગઈ તા. ૧૪ ઑક્ટોબરે સંયુક્ત રાષ્ટ્ર સંસ્થા (યુનાઇટેડ નેશન્સ)ની સામાન્ય સભા પોતાના નવા બનેલા જે કાયમી મકાનમાં પ્રથમ મળી તેનું દૃશ્ય. વક્તા તથા સભાપતિના તખ્તા પાછળની સોનેરી કિનારવાળી પીઠિકા પર સાઠ સભ્ય-રાષ્ટ્રોનાં રાજચિહ્નોના સાઠ ચકદાવાળી કરેલી યોજના સુરુચિકર તેટલી જ ધ્વનિ-વિસ્તારક સંયોજનની સફળતાની નિર્દેશક પણ છે. સામાન્ય સભામાં પ્રતિનિધિ વક્તા ઑફિશિયલ પાંચ ભાષામાંથી ગમે તે એક ભાષામાં બોલે. જો તે ચીની કે રશિયન ભાષામાં બોલતો હોય તો એ ભાષા નહિ સમજનાર માટે તેનું એ જ વખતે અંગ્રેજી, ફ્રેંચ અને સ્પૅનિશમાં ભાષાન્તર થતું જાય છે; અને જો આ ત્રણ ભાષામાંથી જ એકમાં બોલે તો બાકીની બે ભાષામાં તેનું ભાષાન્તર કરાતું જાય છે. સાંભળનાર કાને 'હેડફોન' ભેરવી પોતાની મરજી પડે તે ભાષામાં સાંભળી શકે છે.



ભારતીય શાસ્ત્રીય સંગીતના ઉદ્‌ગાતાઓ પૈકીના એક પં૦ ઓમકારનાથ ઠાકુર (જેઓ ગુજરાતી છે) તાજેતરમાં અફઘાનિસ્તાનની ૧૨ દિવસની મુલાકાતે જઈ આવ્યા, જે દરમ્યાન એમણે ત્યાંના રાજવી ઝહીરશાહ સમક્ષ કાબુલમાં ઘણા જલસાઓ આપેલા. એમને મળવા અફઘાનિસ્તાનના અનેક નામી સંગીતશાસ્ત્રીઓ આવેલા, તેમની વચ્ચે તેઓ ઉપલા ચિત્રમાં દેખાય છે.

મોટેરાંઓ માટેની બાલવાર્તા ગરુડના કાકાની વાત

કાકા-મામા કાંઈ આપણને એકલાને જ હોય છે? દેવો તથા દેવોના નોકરોને પણ હોય છે. માણસથી ઊતરતાં પ્રાણીઓમાં સગાઈઓના સંબંધો કેવા અને કેટલા હોય છે એ એક સંશોધનનો વિષય છે. માણસની પેઠે બીજાં પ્રાણીઓમાં સગાઈઓ તો હોય જ; પણ માણસને એની સ્મૃતિ હોય છે. જ્યારે બીજાં પ્રાણીઓને સ્મૃતિ નથી હોતી. વિશ્વનિયતાએ પ્રાણીઓને સ્મૃતિથી કેમ વંચિત રાખ્યાં હશે? કદાચ સ્મૃતિ એ ઇતિહાસનું એક સ્વરૂપ છે, અને ઇતિહાસ એ પૂર્વકર્મનું એક સ્વરૂપ છે; અને ઇતિહાસ તથા પૂર્વકર્મ સમજવાની માથાકૂટમાં એકલાં મનુષ્યપ્રાણીઓને જ રહેવા દેવાં, બીજાં પ્રાણીઓને એ કાંઈ પણ પ્રાપ્તિ વગરની મગજમારીમાંથી અને એનાં દુઃખથી બચાવવાં એવા હેતુથી કદાચ ઈશ્વરે એમને સ્મૃતિ નહિ આપી હોય! પણ આપણા શાસ્ત્રકારોએ પ્રાણીઓના પણ ભાગ પાડ્યા છે. કહે છે કે સૃષ્ટિના ક્રમમાં ભૂતમાત્રમાં પ્રાણી (એટલે કે પ્રાણવાળાં તે) શ્રેષ્ઠ છે; પ્રાણીઓમાં જે બુદ્ધિજીવી પ્રાણીઓ હોય તે શ્રેષ્ઠ છે; બુદ્ધિજીવીઓમાં મનુષ્યો શ્રેષ્ઠ છે; અને મનુષ્યોમાં બ્રાહ્મણ શ્રેષ્ઠ છે. બુદ્ધિજીવી પ્રાણીઓમાં મનુષ્યની નીચેની જાતોમાં પશુઓ કરતાં પક્ષીઓ ઊંચાં ગણાય છે. બુદ્ધિની વહેંચણીમાં પણ ઈશ્વરે માણસની પેઠે જ પશુ-પક્ષીઓમાં ફેર રાખ્યો છે. હાથી, કૂતરાં, વાંદરાં, શિયાળ વગેરેમાં ગધેડાં અને ઘેટાં કરતાં વધારે અક્કલ આપી છે. પક્ષીઓમાં કાગડા બધામાં શિયાળ જેવા લુચ્ચા ગણાય છે. પોપટમાં પણ અક્કલ છે. પક્ષીમાં વર્ણો પણ છે: કબૂતર બ્રાહ્મણ, મોર ક્ષત્રીય, પોપટ વૈશ્ય અને કાગડો શૂદ્ર છે! પશુઓમાં સિંહ રાજા છે અને પક્ષીઓમાં ગરુડ રાજા છે. આમ, મનુષ્યોએ પોતાની બુદ્ધિથી પશુ-પક્ષીઓમાં વિભાગ કલ્પ્યા છે.

મનુષ્યોમાં મોટા હોય તે પોતાનાં વાહનો રાખે, તો મનુષ્યથી મોટા જે દેવો તેમને કાંઇ વાહનો વગર ચાલે? એટલે દેવોએ પશુ-પક્ષીમાંથી વાહનની પસંદગી કરી. આખલાને કોઇએ ન સંઘર્યો ત્યારે ભોળા મહાદેવે પોતાના વાહન તરીકે રાખ્યો, જ્યારે શિવનાં પત્ની પાર્વતીએ સિંહ અને વાઘને વાહન બનાવ્યા. આ બે વિરુદ્ધ સ્વભાવનાં પશુઓને એક જ ઘરમાં એક જ સ્વામીની નોકરી બજાવવાની! એ તો શિવ પશુપતિ રહ્યા એટલે એમના ઘરમાં જ નભી શકે. પરંતુ નંદિ વાઘથી ડરતો હોવાથી પાર્વતીની રજા વગર શિવ નંદિ ઉપર બેસીને બહાર ન જઈ શકે! ઇંદ્રે સાત સૂંઢનો હાથી, અગ્નિએ મેષ-ઘેટો, યમે પાડો, બ્રહ્માએ અને સરસ્વતીએ હંસ, બહુચરાજી માતાએ કૂકડો, કાર્તિક સ્વામીએ મોર, ગણેશે ઉંદર, સૂર્યે ઘોડો, એમ વાહનો નક્કી કર્યાં. ભગવાન વિષ્ણુ તો આકાશના દેવ, એટલે એમણે પક્ષીઓના રાજા ગરુડને પસંદ કર્યો. બધા દેવોનાં વાહનોમાં અને ખુદ દેવોમાં પણ ભગવાનના વાહન ગરુડજીનું માન બહુ જ. વિષ્ણુનાં પત્ની અને પૃથ્વીનાં માનવીઓમાં સર્વથી મોટાં ગણાતાં દેવી લક્ષ્મીજીને વૈકુંઠમાંથી પૃથ્વી ઉપર વારંવાર આવવું પડે તેથી એમણે હાથીને વાહન તરીકે રાખ્યો. એટલે લક્ષ્મીજી પોતાના ભક્તોને તારવા મૃત્યુલોકમાં આવે ત્યારે હાથી ઉપર, અને વિષ્ણુ સાથે ફરવા જાય ત્યારે ગરુડ ઉપર, એમ બે વાહનોનો લાભ લે. ગરુડ ઉપર આમ વિષ્ણુ અને લક્ષ્મી બંનેની કૃપા. હાથી અને ગરુડ વચ્ચે પણ સારો મેળ. નંદિ અને વાઘ જેવો સ્વભાવભેદ એમનામાં નહિ.

પશુ-પક્ષીઓ જ્યારે મનુષ્યથી પણ મોટા એવા દેવોના સંબંધમાં આવે ત્યારે એમને સ્મૃતિ જેવી ચીજ તો સહજ હોય એમાં નવાઇ શી? એટલે આ દેવોનાં વાહનો પોતાનાં સગાંને ઓળખે અને તેમની સાથે સારો સંબંધ રાખે. એમાં પણ ત્રણ મોટા દેવોનાં વાહનો તો દેવો જેવાં જ શક્તિશાળી. ગરુડે તો ટીટોડીનાં ઇંડાં સમુદ્ર તાણી ગયો હતો તેને શિક્ષા કરવા પાંખોની ઝાપટથી ખાલી કરવા માંડ્યો હતો. આમ ગરુડની સહાનુભૂતિ તો પોતાની આખી ન્યાત માટે હતી. પછી પોતાના સગા માટે હોય તેમાં તો શી નવાઈ?

આ ગરુડને એક કાકા હતા. ભગવાનના વાહનના કાકા, એટલે પોતે સર્વ વાતે સુખી હતા. વૃદ્ધ પણ થયા હતા અને જીવનમાં કોઇ જાતનું દુઃખ જોયું નહોતું. એક વાર એ કાકાને ત્યાં કાંઈ પ્રસંગ નિમિત્તે ગરુડ જમવા આવ્યા હતા. બંને ખુશમિજાજમાં હતા અને વાતો કરતા હતા, ત્યારે કાકાએ ગરુડજીને કહ્યું:

'ભાઈ ગરુડ, દીકરા, મારું એક કામ ન કરે? તું તો ભગવાન વિષ્ણુનો બહુ માનીતો છે તો મારું કામ તારે હાથે થવું જ જોઇએ.'

ગરુડે ઉત્તર દીધો: 'અરે કાકા! આપનું કામ ન કરું એવું કાંઈ બને? કહો, જરૂર કરીશ.'

કાકા બોલ્યા: 'મારે આજ સુધી કોઈ જાતનું દુઃખ નથી, કાંઈ પણ કમીના નથી. હવે હું વૃદ્ધ થયો છું, તો મારે એટલું જ જાણવું છે કે મારું મરણ ક્યારે છે? તું ભગવાનને એટલું પૂછીને મને કહી ન જાય?'

આ સાંભળી ગરુડજી વિચારમાં પડ્યા અને બોલ્યા: 'કાકા, આવું તે ભગવાનને શી રીતે પુછાય? અને ભગવાન આવું કહે પણ કેમ?'

કાકા આ સાંભળી જરા ગુસ્સાથી બોલ્યા: 'એ તો હું જાણતો જ હતો કે તુ આવો જવાબ દઈશ. તારે મારું આટલું નજીવું કામ પણ કરવું નથી એટલે બહાનાં કાઢે છે. સગાં કોઇ દહાડો ય ક્યારે કામ લાગ્યાં છે? વારતહેવારે આવે ને જમી જાય, પણ કામ કરવાનું આવે ત્યાં વાત જ ઉડાવે. હોય ભાઇ હોય! જાઓ, મારે તમારું કાંઈ કામ નથી ને કાંઇ કહેવું પણ નથી.'

ગરુડજી કાકાનો ક્રોધ જોઈ જરા ખિન્ન થયા અને બોલ્યા: 'કાકા, મુરબ્બી, અકળાશો નહિ. કામ ન કરવાનો મારો ઇરાદો નહોતો. હું ભગવાનને મળીશ અને આપની વાત પૂછીને સમાચાર કહી જઈશ.'

ગરુડજી તો કાકાને ત્યાંથી જઇને પોતાની નોકરીએ ચડી ગયા. એમને માટે વૈકુંઠમાં ભગવાને પોતાના મહેલની અગાસી ઉપર તબેલો બંધાવ્યો હતો. ત્યાં એ કુટુંબ સાથે રહેતા અને ભગવાનને જરૂર પડે ત્યારે સવારી માટે તૈયાર થતા. એક વાર ભગવાન વિષ્ણુને ખુશમિજાજમાં જોઇને ગરુડજીએ હાથ જોડી પૂછ્યું: 'ભગવાન! એક ખાસ વિનતિ છે. આપ કૃપા કરશો?'

વિષ્ણુ: 'અરે ગરુડ, તમારા ઉપર તો મારી હમેશાં કૃપા છે. બોલો, શું કામ પડ્યું છે?'

ગરુડ: 'મારા કાકા દરેક વાતે સુખી છે, પણ એમને હવે પોતાનું મરણ ક્યારે છે તે જાણવાનું મન થયું છે અને આપને પૂછીને જાણી લેવાનું ખાસ કહ્યું છે. મેં આવું ન જાણવા એમને ઘણા સમજાવ્યા પણ મારા ઉપર ક્રોધ કર્યો ને સમજ્યા નહિ!'

વિષ્ણુ: 'જુઓ ગરુડ, તમારું કામ તો મારે કરવું જ પડે. પણ તમે તો જાણો છો ને, કે મારું કામ આ વિશ્વનું પોષણ અને રક્ષણ

રહસ્યકથા-શ્રેણી [૨] આપઘાત

પટેટીની સવાર હજી પૂરી વીતી ન હતી ત્યાં પોલીસ સ્ટેશનમાંથી પારસી ટૉલૉનીની ઇન્ફ્વેસ્ટનો મેસેજ આવ્યો; અને ઈન્સ્પેક્ટર દીક્ષિતે જ્યારે મીનુ મૅનૉરના ઉપરના એ ઓરડામાં પ્રવેશ કર્યો ત્યારે ફિંગર-પ્રિન્ટ (આંગળાં-છાપ)ના નિષ્ણાતે, ફોટોગ્રાફરે તથા બૅલિસ્ટિક (બંદૂકશાસ્ત્ર)ના નિષ્ણાતે પોતાની કામગીરી શરૂ કરી દીધી હતી. એક તરફ ટેબલની બાજુમાં જ જહાંગીરજી શેઠની લાશ પડી હતી. દીક્ષિતે નીચા નમીને તપાસી જોયું તો લાશના જમણા લમણામાં ગોળીનો ઘા હતો અને તેના જમણા હાથમાં રિવૉલ્વર હતી, એટલે મરનારે આપઘાત કર્યો હોવાનું લાગતું હતું. લાશની બાજુમાં જ એક ચાવી પડેલી હતી, તે જોઇ ઈન્સ્પેક્ટરે પૂછ્યું, 'આ ચાવી આ ઓરડાની જ લાગે છે !'

'હા જી,' ત્યાં હાજર રહેલા એક કૉન્સ્ટેબલે જવાબ દીધો, અને ઉમેર્યું કે 'જ્યારે રિવૉલ્વરનો ધડાકો સંભળાયો ત્યારે તપાસ કરવા માટે ઘરનાં માણસોને આ પાછલી બારીમાંથી અંદર આવવું પડેલું, કેમકે મરનારે ઓરડો બંધ કરી ચાવી પોતાની પાસે રાખેલી.'

'હં !' એટલો જ ઉદ્ગાર કાઢી ચોમેર નજર ફેરવી લઇને દીક્ષિત નીચે આવ્યા, અને પિસ્તોલનો અવાજ સંભળાયો ત્યારે બગલામાં જે હાજર હતા તેમની તપાસ શરૂ કરી. બબરચીએ કહ્યું કે 'હું ઑમલેટ બનાવતો હતો ત્યારે મને પડોશમાંથી આવતા પટેટીના ફટાકડાના અવાજથી કાંઇક જુદો જ અવાજ સંભળાયાનો ભાસ થયો. ઘડીક તો મેં એ વહેમ મનમાંથી કાઢી નાખ્યો, પણ જીવ રહ્યો નહિ એટલે ઑમલેટ પૂરી કરી હું જેવો બહાર નીકળ્યો કે મેં આ કેખુશરો શેઠને દોડતા દાદર ઊતરતા જોયા.'

કેખુશરોનું નામ સાંભળી દીક્ષિતનાં ભવાં જરા સંકોચાયાં. બબરચીએ આગળ ચલાવ્યું, 'કેખુશરો શેઠે મને કહ્યું કે જહાંગીરજી શેઠે પિસ્તોલ ખાધી છે અને બારણું અંદરથી બંધ કરેલું હોવાથી આપણે પાછલી બારીએથી અંદર જવું પડશે. આથી અમે બંને પાછળ ગયા, તો સોલી શેઠ પણ સામે દોડતા આવતા દેખાયા તેમને અમે બધી હકીકત કહી અને નિસરણી માંડીને ઉપર ગયા તો જહાંગીરજી શેઠની લાશ પડી હતી.'

હવે દીક્ષિત કેખુશરો શેઠ તરફ ફર્યા અને પૂછ્યું, 'આ ઉપરથી લાગે છે કે મરનારને તમે જ છેલ્લા જીવતા જોએલા.'

'હા જી.' કેખુશરોએ કહ્યું. 'હું ને જહાંગીરજી ઘણા લાંબા વખતથી મિત્રો હતા. છેલ્લા થોડા વખતથી મરનાર ઘણા મૂંઝાએલા રહેતા હતા અને વારંવાર જિંદગી ખતમ કરી નાખવાની વાત કરતા હતા. એકાદ બે વાર તો એમના ટેબલમાંથી રિવૉલ્વર મારે ઘેર લઇ જવાની પણ મેં કોશિશ કીધેલી. આજ પટેટીને સપરમે દહાડે એમને મુબારકબાદ આપવા અને એમના જીવને કરાર વળે એવી શાંતિની ચાર વાતો કરવા હું આવેલો. પછી મારા કેટલાક દસ્તાવેજી કાગળો એમની તિજોરીમાં હતા તે લેવા અમે બંને ઉપર ગયા.'

'ઓરડામાં પણ બંને સાથે જ ગએલા ?'

'નહિ જી; બેડરૂમ બંધ હતો એટલે ચાવી વડે બારણું ખોલી જહાંગીરજી પોતે એકલા જ અંદર ગયા, અને થોડી વારમાં બહાર આવી મને કાગળો આપી ગયા. ફરી ઘરપતના બે બોલ કહી હું છૂટો પડચો અને નીચે આવવા સીડી ઊતરવા લાગ્યો, ત્યાં અરધી સીડીએ જ મેં પિસ્તોલનો બાર સાંભળ્યો !'

'પછી ?' એટલું પૂછી દીક્ષિતે હાજર રહેલા સૌના ચહેરા પર એક બારીક નજર નાખીને તેમના ભાવ ધ્યાનમાં રાખ્યા. (સામેના પાને)

કરવાનું છે. નાશનું કામ શિવજીનું છે. માટે એમને પૂછવું જોઇએ. ચાલો, હું તમારી સાથે આવું છું. આપણે કૈલાસ જઇએ.'

ગરુડ ઉપર બેસીને ભગવાન કૈલાસમાં આવ્યા. વિષ્ણુને આવેલા જોઈ શિવજીએ ઊભા થઈ આદરસત્કાર કર્યો અને તાજી ભાંગ લાવવા નંદિને હુકમ કર્યો. ભગવાન વિષ્ણુએ કહ્યું : 'આપ કાંઇ તસ્દી ન લેશો. અમારે ઉતાવળનું કામ છે. ફરી વળી કોઈ વાર આવીશું.'

શિવજી : 'આપને તે મારું એવું શું કામ પડચું ? કહો, જે બનશે તે હું સત્વર કરીશ.'

વિષ્ણુ : 'અરે ભાઈ, આ અમારા ગરુડજીના એક કાકા છે. તે સર્વ વાતે સુખી છે પણ એમને પોતાનું મરણ ક્યારે છે તે જાણવું છે. મને એમણે પૂછ્યું, ત્યારે સંહારનું કામ તો આપનું, એટલે આપ તે કહેશો એમ ધારી અમે બંને આપની પાસે આવ્યા છીએ.'

શિવ : 'ઓહો ! આપની વાત સાચી. હું વિશ્વનો સંહાર કરું તો છું પરંતુ દરેકના અંત બ્રહ્મા સર્જન કરતી વખતે જ નક્કી કરે છે. મને કહેવડાવે તેમ મારે તો કરવાનું. આપ પોતે પધાર્યા છો તો ચાલો આપણે બંને બ્રહ્મદેવ પ્રજાપતિ પાસે જઇએ.'

આમ, નંદિ ઉપર બેસીને શિવ અને ગરુડ ઉપર વિષ્ણુ બંને બ્રહ્માને ઘેર આવ્યા. આ બે મોટા દેવોને પોતાને ત્યાં આમ અણચિંતવ્યા આવતા જોઇને બ્રહ્મા તો હાથ જોડી એમને સત્કારવા દોડચા, અને બંનેના પગ ધોઈ, આસને બેસાડી, કુશળ સમાચાર પૂછચા. 'કહો મહા દેવો કેમ પધારવું થયું ?'

શિવ : 'આ ભગવાન વિષ્ણુ મારે ત્યાં પધાર્યા હતા. એમને એમના વાહન ગરુડના કાકાનું મરણ ક્યારે છે તે જાણવું હતું. મેં કહ્યું એ તો બ્રહ્માજીએ નક્કી કરેલું એટલે એમના ખાતાની વાત એ જાણે. એટલે આપને તસ્દી આપવા અમે બંને અહીં આવ્યા.'

વિષ્ણુ : 'હા. બ્રહ્માજી, એટલું જરા કહો.'

બ્રહ્મા : 'અહો, ધન્ય છે મને કે આપ બે મહા દેવોનાં પગલાં મારે ત્યાં થયાં. પરંતુ મારે દિલગીરી સાથ કહેવું પડે છે કે પ્રાણીના જન્મ પછી છઠ્ઠીને દહાડે અમારા ખાતાનો કારકુન વિધિના લેખ લખી આવે છે અને બારોબાર પોલીસ ખાતાના મુખ્ય અમલદાર યમરાજના હેડક્લાર્ક ચિત્રગુપ્તને લખાવી દે છે. આ પ્રમાણે અમારા આ ખાતાની જૂની પ્રથા છે. એટલે ખાતાના અધિકારી મારફતે ચિત્રગુપ્તની કચેરીમાં તપાસ કરાવવી પડે.'

વિષ્ણુ : 'અરે, એમાં તો તુમાર કાગળોના ઢગલામાં દટાઇ જાય કે લાલ પટ્ટીથી બાંધી દેવાય તો લાંબો સમય વહી જાય. અમારે તો તરત જ જાણવું છે, એટલે તો અમે બંને આપની પાસે આવ્યા.'

બ્રહ્મા : 'ખરી વાત છે ભગવાન ! ખાતાઓનાં કામ જ એવાં છે. એનો તો શો રસ્તો નીકળે ? પણ હવે આપ જેવા પ્રભુ કહો છો તો ચાલો હું ચિત્રગુપ્તને ટેલિફોન ઉપર બોલાવી પૂછી જોઉં.'

શિવ : 'બ્રહ્માજી ! જવા દોને એ વાત. બે આંખો મળે ને જે કામ થાય તે ફોન ઉપર ન થાય. ચાલો આપણે ત્રણે જણા ચિત્રગુપ્તને ઘેર જઇએ. કરો તમારો હંસ તૈયાર.'

બ્રહ્મા : 'ઘેર જઈશું તો વળી કહેશે કે ચોપડા રેકર્ડ ઑફિસમાં છે માટે ત્યાં ચાલો. એટલે આપણે એની ઑફિસે જ સીધા જઇએ.'

'લાગયો જ હું ઉપર ગયો તો બેડરૂમનાં બારણાં અંદરથી બંધ હતાં; એટલે વખત ન ગુમાવતાં ઓરડાની પાછલી ખુલ્લી બારી વાટે અંદર જવા મેં દોટ મૂકી. દાદર ઊતરતાં પરસાળમાં જ બબરચી મને સામો મળ્યો અને અમે બંને પાછળ બગીચામાં દોડયા, તો અમે સોલીને એ બાજુથી દોડતો આવતો જોયો. પછી અમે નિસરણી માંડી અંદર ગયા તો હાથમાં પિસ્તોલ સાથે જહાંગીરજીની લાશ પડી હતી. બિચ્ચારા જીવ! અંતે હિંમત ખોઈ બેઠા.'

સોલી એકવડા બાંધાનો ચકાર યુવાન લાગતો હતો. સફેદ પૂણી જેવા ચહેરે તે આ બધું સાંભળી રહ્યો હતો. દીક્ષિતે હવે તેના તરફ ફરી પૂછ્યું, 'તમે મરનારના શું થાઓ?'

'જી, હું એમનો આશ્રિત છું. મારાં માબાપ એમનાં દૂરનાં સગાં થતાં હતાં. મને ઘણો નાનો મૂકીને તેઓ બંને ગુજરી જવાથી શેઠે જ મને ઉછેરીને મોટો કીધો છે.'

'તો તો શેઠ સાથે તમને બરોબર ફાવતું હશે.'

'એમને કાંઈ બચ્ચું ન હતું એટલે મને સગા દીકરાની માફક રાખતા હતા, એટલું જ નહિ પણ મને પોતાના ધંધામાં નાખવા માગતા હતા. પણ એમાં પડવાનું મને પસંદ ન હતું; અને એ અંગે હમણાંહમણાં તેઓ બહુ ચિંતામાં રહેતા તેથી અમારે ઘણીવાર સખત મતભેદની ચર્ચાઓ થતી.'

દીક્ષિતે કાંઈક વિચારમાં માથું હલાવ્યું, અને પછી પૂછ્યું, 'પિસ્તોલનો અવાજ સંભળાયો ત્યારે તમે ક્યાં હતા?'

'હું બગીચાને પેલે છેડે થોડી નવી કલમો કરતો હતો. બાગબાનીનો મને શોખ છે. પહેલાં તો અવાજથી મને વહેમ ગયો નહિ, પણ એવામાં મેં જોરથી દાદર પરથી કોઈના ઊતરવાનો અવાજ સાંભળ્યો એટલે મને વહેમ પડયો કે કાંઈક નવતર થયું છે, અને મેં દોટ મૂકી તો બબરચી અને કેખુશરો શેઠ મને સામા મળ્યા. તેમણે મને વાત કરી અને અમે બગીચાની વેલ ચડાવવાની નિસરણી માંડીને ઉપર ચડયા. અંદર જોયું તો શેઠે આપઘાત કરેલો જણાયો.'

જુબાની પૂરી કરી દીક્ષિતે ફરી એક વાર ઉપર જઇ બધું બારીકાઈથી તપાસી લીધું. રૂમની મોટી બારી હજી ઉઘાડી જ હતી. એક ખૂણામાં એક મોટું કબાટ પડયું હતું. દીક્ષિતે એ ખોલી જોયું તો તે તદ્દન ખાલી જ હતું અને સહેલાઇથી તેમાં એકાદ માણસ છુપાઇ શકે તેમ હતું. બારીએથી બહાર નીચે જોતાં તેણે એક મોટી વેલ દીવાલ પર ચડાવેલી જોઈ. એ દ્વારા ઉપર ચડી આવી પેલા કબાટમાં કોઈ છુપાઇ રહે, અને લાગ આવ્યે શેઠનું ખૂન કરી, એ વેલ વાટે જ નીચે બગીચામાં સહેલાઇથી ઊતરી જઇ, તે આગળ આવવાનો ઢોંગ કરી શકે. આ બધાં અનુમાનો તો તદ્દન સ્વાભાવિક હતાં, પણ છતાં આ કોકડું સરળતાથી ઉકલે એમ લાગતું ન હતું.

દીક્ષિતે ફરીથી બધા મુદ્દા તપાસી લીધા. બેલિસ્ટિક-નિષ્ણાત અને ફોટોગ્રાફરની નોંધો જોઇ, અને બારણાની કળ તપાસતાં-તપાસતાં પૂછ્યું, 'અહીં કોઈનાં આંગળાંની છાપ છે કે?'

'હા સાહેબ, ચાવી તેમજ બહારની મૂઠ પર ખુદ મરનારના જ હાથની છાપ છે. અંદરની બાજુએ કંઇ નથી.'

મૂંગે મોંએ ને વિચારનત મસ્તકે ઇન્સ્પેક્ટર દીક્ષિત નીચે આવ્યા. કેખુશરો અને સોલી ત્યાં જોડાજોડ જ બેઠા હતા. જાણે સાદી વાત કરતા હોય તેમ તેણે કહ્યું, 'જહાંગીરજી શેઠે આપઘાત નથી કર્યો પણ તેમનું ખૂન કરવામાં આવ્યું છે; અને—' પછી એ બેમાંથી એક તરફ ફરીને તેણે કહ્યું, 'એ માટે હું તમને ગિરફતાર કરું છું.'

ઈન્સ્પેક્ટર દીક્ષિતે કોને ગિરફતાર કર્યો હશે તે તમે કહી શકશો? તેની સાબિતીનો મુદ્દો ઉપર જણાવેલી હકીકતોમાંથી ઈન્સ્પેક્ટર દીક્ષિતે પકડી પાડયો હતો. તમે તે ન શોધી શકો તો તેનો ખુલાસો પૃ. ૪૪૯ ઉપર આપ્યો છે.

ત્રણે દેવો ચિત્રગુપ્તની કચેરીએ ગયા. વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના અધિષ્ઠાતા ત્રણ મહાન દેવોને અધિકારીઓની મર્યાદાનો લોપ કરી પોતાની ઑફિસે આવતા જોઈ ચિત્રગુપ્ત તો અરધો-અરધો થઇ ગયો: 'અહો! હો! હો! આજે પરોઢિયે કોનું મોં જોએલું? ધન્ય ઘડી ને ધન્ય દિવસ! ધન્ય ભાગ્ય મારાં. તપ કરતાં પણ દર્શન ન થાય તે ત્રણે મહા દેવો મારે ત્યાં ક્યાંથી? પધારો પધારો.'

બ્રહ્મા: 'જરા તમારું કામ પડયું છે.'

ચિત્રગુપ્ત: 'અરે ભગવન્! મને હુકમ કર્યો હોત તો હું આપને ત્યાં આવત. પણ કાંઈ નહિ, મને પાવન કર્યો. આજ્ઞા કરો ભગવન્.'

વિષ્ણુ: 'કામ તો મારું હતું—આ અમારા ગરુડજીનું. તમને બોલાવત, પણ ખાતાની શિસ્ત પ્રમાણે તમે વળી કહો કે આમ ને તેમ કરવું પડે. તે કરતાં અમે ત્રણે અહીં જ આવ્યા જેથી જલદી કામ થાય.'

ચિત્રગુપ્ત: 'આજ્ઞા કરોને ભગવન્.'

વિષ્ણુ: 'આ અમારા ગરુડજીના એક વૃદ્ધ કાકા છે. સર્વ વાતે સુખી છે. કાંઈ કમીના નથી. માત્ર એમને એમનું મૃત્યુ ક્યારે છે તે જાણવું છે. ખાતાં બધાનાં જુદાં એટલે અમે શિવજીને તથા બ્રહ્માજીને ત્યાં પૂછતાપૂછતા અહીં તમારી પાસે આવ્યા.'

ચિત્રગુપ્ત: 'સાચી વાત પ્રભુ. જોકે મારે મારા ખાતાના ઉપરી યમદેવની પરવાનગી મેળવવી પડે, પણ આપને માટે કાંઈ વાંધો નથી. એ તો હું પાછળથી એમની સહી લઈ લઈશ. મોટા માણસ આગળ કાંઇ ખાતાના નિયમો જળવાય છે? જાળવવા જઇએ તો કદાચ ઘેર બેસવાનો વખત આવે!'


નામોની અનુક્રમણિકાવાળો ચોપડો પ્રથમ જોઈ જે સંવતના ઘોડામાં ગરુડજીના કાકાનું નામ હતું તેમાંથી એમના નામવાળો ચોપડો ચિત્રગુપ્તે પટાવાળા પાસે કઢાવ્યો ને વાંચતાંવાંચતાં ભવાં ચઢાવી આશ્ચર્ય વ્યક્ત કર્યું. કેવી રીતે કહેવું એની વિમાસણ ચિત્રગુપ્તના મુખ પર દેખાઇ આવતી હતી. છેવટે તે બોલ્યા, 'ભગવન્, ગમે તેવું હોય તોપણ મારે સત્ય કહેવું જ જોઈએ. આપ કાંઇ માઠું લગાડશો નહિ.'

દેવો: 'ના ના, બોલો કાંઈ માઠું નહિ લાગે.'

ચિત્રગુપ્ત: 'જુઓ, ગરુડજીના કાકાના વિધિલેખમાં એવું લખેલું છે કે ત્રણે મહાદેવો ભેગા મળીને એમના મરણ વિષે પૂછવા આવશે ત્યારે એમનું મરણ થશે. એટલે આપે પૂછ્યું એ જ ક્ષણે એમનું મરણ થયું છે!'

આ સાંભળતાં જ ત્રણે દેવો એકબીજાની સામે જોવા લાગ્યા ને ગરુડજીની સામે દયાથી જોવા લાગ્યા. ગરુડજી નીચું જોઇ પગના નખથી ભોંય ખોતરવા લાગ્યા. આ બધું સાંભળી પાછળ ઊભો રહેલો ચિત્રગુપ્તનો પટાવાળો મનમાં ગણગણ્યો: 'અરેરે! શું જખ મારવાને પૂછવા આવ્યા? ન પૂછ્યું હોત તો જિવાતને?'

વિષ્ણુ: (ગરુડજી સામું જોઇને) 'સાંભળ્યુંને ગરુડજી! થવાનું હતું તે થઈ ગયું. હવે શોચ ન કરશો. પણ હવે વિશ્વને મારા નામથી આ સંદેશો કહેજો: 'યુગો પલટાતાં સમય પણ પલટાતો જશે. દિવસે-દિવસે કપરો વખત આવતો જશે. દ્વાપરના અંતમાં અને કલિયુગના આરંભ પહેલાં જ હું વસુદેવને ત્યાં અવતાર લઈશ. તે પછી કલિયુગ-





ભરતકામના ટાંકાના કેટલાક પ્રકાર [ચિત્રબોધ]


મુંબાઇના પ્રિન્સ ઑાવ વેલ્સ મ્યૂઝિયમમાં જાપાની કલાકારીગરીના ઓરડામાં સંગ્રહાએલા ભરતકામના બે સુંદર નમૂના ખાસ ધ્યાન ખેંચે તેવા છે. એક છે જળધોધનું દૃશ્ય અને બીજું છે એક લાંબી પૂછડીવાળા ત્યાંના વિશિષ્ટ કૂકડાનું ચિત્ર. રખેને આપણા શ્વાસોચ્છ્વાસની ફૂંક લાગતાં તે કૂકડાનાં પીછાંના વાળ હલી ઊઠશે એવી લાગણી જન્માવતું એ મુલાયમ ભરતકામ જોતાં ઘડીભર દિઙ્મૂઢ બની જઇએ. એ કળા જાપાનમાં જ વિકસી છે એવું નથી. આપણે ત્યાં પણ ભરતકામમાં આયોજિત થએલાં રાજા-મહારાજાઓનાં હૂબહૂ ચિત્રો તથા તેમના શિકારખેલનનાં આલેખન સાથેનાં પ્રકૃતિદૃશ્યોનો સંગ્રહ પણ આપણા એ અંગુલિકસબ પ્રત્યે પ્રશંસોદ્ગાર કઢાવી લે એવો છે. ભરતકામની ખરી ખૂબી જેમ તેના માધ્યમો અને રંગરચનામાં છે તેમ તે માટે પસંદ કરાએલા ટાંકા પર પણ એટલી જ અવલંબે છે. અહીં એવા ૨૦ જાતના પ્રાથમિક ટાંકા દર્શાવ્યા છે, અને તેની રીત પરથી તે જે નામે ઓળખાય છે તે દરેકની નીચે આપ્યાં છે. ટાંકા લેવાની સમજણ તો એના રેખાંકન પરથી સ્પષ્ટ સમજાશે. ભરતનો પ્રત્યેક ભાગ તેના પ્રકાર પરત્વે તેને અનુરૂપ ટાંકા વડે ભરાતાં તેની શોભા ઓર ખીલે છે એમ એનો ઉપયોગ કરતાં લાગશે. ચિત્ર, સંગીત, ગૂંથણ, સીવણ આદિ વિષયો સાથે આ અંગુલિકસબ પણ વિકસાવવા જેવો નથી લાગતો? નમૂના તરીકે ભરવા માટેનું એક ચિત્ર પણ આપ્યું છે.

નજીકનું વાંચવાનાં કે દૂરનું જોવાનાં ચશ્માં શા માટે લેવાં પડે છે તે સમજાવતો હપ્તો

દૃષ્ટિ

કાયાની કરામત–૨૬

લેખક - ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી



આંખની સ્થૂલ રચના જાણ્યા બાદ હવે આપણે આંખનું કાર્ય જે 'દૃષ્ટિ' તેને વિષે જોઈએ. એ કાર્ય નેત્રપટ પર થાય છે તે આપણે જોયું. એ નેત્રપટ આપણા મગજનો જ આગળ વધેલો એક ભાગ છે ને તે જ્ઞાનતંતુઓની જાળ-ગૂંથણીનો બનેલો છે. એમાંના સૂક્ષ્માતિસૂક્ષ્મ કોષો પ્રકાશ વિષે અતિઘણા ચંચળ (sensitive) હોય છે. દીવા કે સૂર્ય જેવા પ્રકાશમય પદાર્થોનાં પ્રકાશકિરણોથી કે તેમના વડે પ્રકાશિત થએલા (ચંદ્ર જેવા, પદાર્થોમાંથી પરાવર્તિત થતા પ્રકાશથી નેત્રપટના એ કોષો ઉત્તેજના પામીને જે પ્રતિક્રિયા કરે છે એનાથી આપણે પદાર્થ કે વસ્તુ 'દેખીએ' છીએ.

દરેક આંખના નેત્રપટમાં તેર કરોડ ને વીસ લાખ સળી અને શંકુ આકારના પ્રકાશચંચળ કોષો હોય છે. આના ઉપર બહારના પદાર્થ કે વસ્તુની છાપ સૂક્ષ્મ ટપકાં રૂપે પડે છે. આજે વીજળી દ્વારા વાયરલેસ કે ટેલિગ્રાફથી મોકલાતાં ચિત્રોની પણ આવી જ છાપ પડે છે. એમાં ફોટો-ઈલેક્ટ્રિક સેલમાંથી સદા વિદ્યુત્પ્રવાહ વહે છે; જ્યારે આંખમાં પ્રકાશની અસરથી તેના પ્રકાશ-ચંચળ કોષોમાં રાસાયણિક પ્રતિક્રિયા થઈને વિદ્યુત્પ્રવાહ શરૂ થાય છે. અને પછીથી તે જ્ઞાનતંતુઓમાં વહી મગજના પાછલા ભાગમાં આવેલા દૃષ્ટિ-કેન્દ્રમાં જાય છે, જ્યાં સૃષ્ટિના પદાર્થોની છાપ ઝિલાય છે. બાળપણના લાંબા અનુભવ પછી આંખમાં પડતી એ છાપોના અર્થ-ઘટાવતાં આપણે શીખ્યા હોઈએ છીએ, એટલે આપણે તે તે વસ્તુ, પદાર્થ કે દૃશ્ય 'જોઈએ' છીએ. આપણી એ 'જોવાની' દૃષ્ટિ તે ફોટોગ્રાફી જેવી કુદરતી ઘટના નથી, પણ મનોવિજ્ઞાનનો અનુભવ છે. હવે સ્પષ્ટ થયું હશે કે આંખ પોતે 'જોતી' નથી, પણ 'જોનાર' તો મગજ છે. આંખ તો ફક્ત છાપ ગ્રહણ કરનારું ભૌતિક સાધન છે. તે છાપને મગજમાં વહી જવાનું જીવાશ્રિત(biological) કાર્ય જ્ઞાનતંતુઓ દ્વારા થાય છે. અને દૃષ્ટિ એ મગજના પાછલા ભાગમાં થતી મનોવૈજ્ઞાનિક ઘટના છે.

દાખલા તરીકે આ પાનું વાંચતાં થતી ઘટના જ વિચારો. તમે જે શબ્દ જુઓ છો તે સ્પષ્ટ દેખાય છે. વળી તેના આગળપાછળના શબ્દો પણ દેખાય છે. પણ આનાથી આઘેના શબ્દો અસ્પષ્ટ કે અદૃશ્ય દેખાય છે. છતાં યે લીટીઓની હાર ને પાના ઉપરના પૅરગ્રાફો તો દેખાય જ છે. આ ઉપરાંત ચોપડી પકડેલો તમારો હાથ, ખંડમાંનું રાચરચીલું, ભીંત ઉપરનાં કપડાં તથા છબીઓ અને બીજું બધું દેખાય છે. આ બધું દેખાય છે તો ખરું, પણ સ્પષ્ટ કે વિગતવાર નહિ.

આમ થવાનું કારણ એ છે કે નેત્રપટના છેડા સુધી માત્ર સળીકોષો વિખરાએલા પડેલા છે. એમના ઉપર જે જે પદાર્થોની છાપ પડે છે તે તે દેખાય છે તો ખરા, પણ અસ્પષ્ટ અને અધૂરા. જ્યારે નેત્રપટની મધ્યમાં શંકુકોષોથી ખીચોખીચ એવા પીતબિંદુ ઉપર પડેલી છાપ સ્પષ્ટ અને વિગતવાર દેખાય છે. આથી જ આપણે જે પદાર્થ ભણી જોઈએ છીએ તેના ભણી સીધું જોઈએ છીએ, જેથી તેની છાપ સીધી પીતબિંદુ ઉપર પડતાં આપણને તે સ્પષ્ટ દેખાય છે. સળીકોષો દેખી ઓછું શકે છે, પણ તે મોટા ફલક ઉપર પથરાએલાં હોઈ પદાર્થોની છાપ ઝટ પકડી લે છે. એક વખત સળીકોષો વડે પદાર્થ દેખાયો એટલે જોનારની આંખ તે તરફ મંડાય છે અને પીતબિંદુના કોષો તે પદાર્થ જોવા માંડે છે. એટલે તરત તેના શંકુકોષો વડે પદાર્થ સ્પષ્ટ દેખાય છે. 'દેખવા' (look) અને 'જોવા' (see) વચ્ચેનો આ તફાવત સમજવા જેવો છે. દેખવું એટલે વસ્તુ તરફ આંખ ફેરવવી અને જોવું એટલે બરાબર સમજીને વિગતથી જોવું તે.

શંકુકોષો ફક્ત અજવાળામાં જ, પૂર્ણ પ્રકાશમાં જ કામ આપે છે. એના વડે આકૃતિની વિગત અને રંગ જોવાય છે. જ્યારે સળીકોષો ઝાંખા પ્રકાશમાં સારું જુએ છે. એનાથી આકૃતિ ઝાંખી દેખાય છે પણ તે હલનચલન ઝટ જોઈ શકે છે. રાતના આકાશમાં પ્રકાશતા ઝાંખા તારા સળીકોષો વડે દેખાય છે.

આ રીતે આપણી દૃષ્ટિ બે જાતની છે: (૧) મધ્યની (central) અને (૨) છેડાની (peripheral). છેડાની દૃષ્ટિ ફક્ત સંધ્યા અને રાતના જ ઉપયોગમાં લેવાય છે, કારણ કે મધ્યની દૃષ્ટિ રાતના કશું કામ કરી શકતી નથી. મધ્યની દૃષ્ટિ વાંચવાના અને એવાં પાસેનાં કામોના ઉપયોગમાં આવે છે. આપણે હરવાફરવાનું વગેરે 'છેડાના દૃષ્ટિ'ના આધારે કરીએ છીએ; પણ પદાર્થની વિગતો વગેરે પૂરા પ્રકાશમાં 'મધ્યની દૃષ્ટિ' વડે જોઈએ છીએ. 'મધ્યની દૃષ્ટિ' દિવસ માટે છે, જ્યારે 'છેડાની દૃષ્ટિ' સંધ્યા ને રાતના ઉપયોગમાં આવે છે.

સાધારણરીતે આ બે જાતની દૃષ્ટિનો આપણને કશો ખ્યાલ નથી આવતો. પણ ધારો કે પીતબિંદુમાં ખટકો આવી પડ્યો અને મધ્યની દૃષ્ટિ ગઈ. ગરોળી વર્ગનાં પ્રાણીઓની આંખો આવી જ હોય છે. આવી વ્યક્તિ મોટા અક્ષરો પણ વાંચી શકતી નથી, માણસોને ચહેરાથી ઓળખી શકતી નથી, છતાં પણ તે અંધ માણસની જેમ વર્તન નહિ દાખવે. તે છૂટથી ફરી શકશે. વસ્તુઓ સાથે અથડાશે નહિ અને રાતના તો તંદુરસ્ત માણસની જેમ જ દેખી શકશે.

પણ જેને આ છેડાની દૃષ્ટિ ન જ હોય તેની દશા તો ઘણી બૂરી થાય છે. તે પ્રકાશમાં ઝીણા અક્ષરો વાંચી શકશે, પણ હરતાં ફરતાં

રાચરચીલાં સાથે અથડાશે. ઘર બહાર આંધળાની જેમ વર્તશે અને રાતના તો તે સાવ અંધ જ બનશે. આવો માણસ જાણેકે લાંબી ભૂંગળીમાંથી ન જોતો હોય, એવું અને એટલું જ જોઇ શકે છે. તે વાંચી શકતો હોવા છતાં યે આંધળાની ગણતરીમાં આવે છે.

હવે એ તો આપણે જાણીએ છીએ કે કોઇ પણ વસ્તુ, પદાર્થ કે દૃશ્ય આપણે સ્પષ્ટતાથી જોઈ શકીએ એ માટે એનાં પ્રકાશકિરણો નેત્રપટ ઉપર એકત્રિત થવાં જોઇએ. જો કિરણો નેત્રપટની જરા પણ પાછળ કે આગળ એકત્રિત થઈ કેન્દ્રિત થાય તો પદાર્થની છાપ ઝાંખી કે અસ્પષ્ટ પડે છે. આ સાથેના ચિત્રમાં દર્શાવ્યા મુજબ આપણી આંખમાં પદાર્થની છાપ પડે છે. જોકે એ ઘટના ઘણી અટપટી છે. કારણ કે એમાં કિરણો કૉર્નિયા, નેત્રજળ, નેત્રમણિ અને કાચરસ આગળ વાંકાં વળતાંવળતાં છેવટે એકત્રિત થઈ નેત્રપટ ઉપર પહોંચે છે અને પદાર્થની ઊંધી તથા નાની છાપ પડે છે. એવી છાપમાં આપણે આંખમાં કોઈ પણ જાતનો ફેરફાર આણ્યા વિના દૂરના ક્ષિતિજથી માંડી વીસ ફૂટ સુધીમાં બરાબર જોઇ શકીએ છીએ. આવું દૂરનું જોવા માટે નેત્રમણિનો જરા પણ ઉપયોગ નથી કરવો પડતો, કારણકે આ કિરણો તો કૉર્નિયા ઉપર સમાંતર પડે છે. સમાંતર કિરણો એકત્રિત થઇ નેત્રપટ ઉપર પડે છે.

ત્યારે નેત્રમણિનો ઉપયોગ શો? જ્યારે છ વારની અંદર જોવાનું હોય (એટલેકે વાંચવા, લખવા, સીવવા વગેરે કામો કરવાં હોય) ત્યારે તેની જરૂર પડે છે. પદાર્થનાં કિરણો કૉર્નિયા ઉપર આવતાં-આવતાં તો ફેલાઇ જાય છે. આમ થવાથી તેની છાપ નેત્રપટની પાછળ પડે છે. આ છાપને નેત્રપટ ઉપર કેન્દ્રિત કરવા માટે નેત્રમણિનો ઉપયોગ કરવો પડે છે.

શનિના ગ્રહના વલયની જેમ નેત્રમણિની આસપાસ માંસપેશી આવેલી છે તે આપણે જોઈ ગયા છીએ. સામાન્ય રીતે આ માંસપેશી શિથિલ રહેતી હોવાથી તેનાં સંધિબંધનો તણાએલાં રહે છે. આથી નેત્રમણિની સપાટી સપાટ રહે છે. જ્યારે વીસ ફૂટની અંદર જોવાનું હોય ત્યારે વસ્તુની છાપ નેત્રપટની પાછળ પડતી હોવાથી તે દેખાતી નથી આવે વખતે સ્પષ્ટ જોવા માટે માંસપેશી સંકોચાય છે. આમ થતાં, નેત્રમણિને સખત રીતે પકડી રાખતાં સંધિબંધનો ઢીલાં બને છે અને સ્થિતિસ્થાપક તથા પોચો નેત્રમણિ, તાણ ઓછી થતાં, મધ્યમાંથી આગળ ઉપસે છે. પરિણામે જે છાપ પહેલાં નેત્રપટની પાછળ પડતી હતી તે હવે બરોબર નેત્રપટના પ્રકાશચંચળ કોષો પર પડે છે. આ ઘટનાને દૃષ્ટિમેળ (accomodation) કહે છે. 'દૃષ્ટિ-મેળ' એ તાણ અને શિથિલતાના મેળવાળી અદ્ભુત ઘટના છે.

આરીતે પાસે જોવાનાં કામોમાં(એટલેકેવાંચવા,લખવા,સીવવા, યંત્રકામ વગેરેમાં) દૃષ્ટિમેળ સાધવો પડે છે ને તેમાં નેત્રમણિની ચોમેરની માંસપેશીને કામે લાગવું પડે છે. એટલે આ ક્રિયા શ્રમ-સાધ્ય છે. જેમ પ્રજા વધુ 'સુધરેલી' તેમ તેને ટેબલ કે યંત્ર ઉપર નજીકનું કામ વધુ કરવાનું રહે છે. આવાં કામોમાં આંખને શ્રમ પડે છે; જ્યારે દૂર જોવામાં આંખને જરાપણ શ્રમ પડતો નથી, કારણકે એમાં દૃષ્ટિમેળ સાધવો નથી પડતો. આથી જ આપણે આંખને આરામ આપવા માટે કામ કરતાંકરતાં અવારનવાર ઊંચું કે બહાર જોયા કરવું જોઈએ, અને ઘરની દીવાલો વચ્ચે વારંવાર દૃષ્ટિમેળ સાધવો પડતો હોવાથી ખુલ્લામાં ફરવા જવાનું રાખવું જોઈએ.

આ દૃષ્ટિમેળ સાધતી માંસપેશી બહુ જ ક્રિયાશીલ, સ્વયંગતિક અને શ્રમસેવી છે. એની ગતિ પણ હૃદય, ફેફસાં, હોજરી અને આંતરડાંની પેઠે આપણા ખ્યાલમાં પણ ન આવે એવી રીતે થયા જ કરે છે. આપણે વાંચતાંવાંચતાં થાકી જઇએ ત્યારે લીટીઓ એકબીજીમાં ભળી જતી તથા ઝાંખી દેખાવા માંડે છે એવો અનુભવ ઘણાને હશે. આમ થવાનું કારણ એ કે દૃષ્ટિમેળ સાધતી માંસપશી થાકવાથી તેની તાણ ઢીલી પડી જઇને લીટીઓની છાપ ફરી પાછી નેત્રપટની પાછળ પડવા માંડે છે. આથી કંટાળીને કાં તો આપણે વાંચવાનું બાજુએ મૂકીએ છીએ કે એ માંસપેશીને વધુ સતેજ કરીએ છીએ. આથી ફરી તેનો સંકોચ વધતાં બરાબર વાંચી શકાય છે.

આ દૃષ્ટિમેળની વાત કરીએ છીએ ત્યારે એ જ દૃષ્ટિમેળની દિશામાં આપણા કરતાં પણ આગળ વધેલાં બીજાં પ્રાણીઓ વિષે જાણવું પણ રસમય થઇ પડશે. પક્ષીઓ ને ગરોળીઓનો નેત્રમણિ બહુ પોચો હોય છે. તેથી તેને પાસેની વસ્તુ જોવા માટે માંસપેશી દ્વારા ખૂબ સંકોચાઇને એટલું તો બધું આગળ ઊપસી આવવું પડે છે કે તે છેક કીકીની બહાર આવે છે. આથી એમનું દૃષ્ટિક્ષેત્ર અતિ વિશાળ બને છે અને માઈલો દૂરના ક્ષિતિજથી માંડી આંખથી માત્ર એ:બે ઇંચ દૂર પડેલો રેતીનો કણ પણ તે સ્પષ્ટરીતે જોઈ શકે છે!

દૃષ્ટિમેળની પણ મર્યાદા છે. એટલે અમુક ઓછામાં ઓછી હદની અંદરનીજ વસ્તુ આપણે જોઈ શકીએ છીએ. દરેક આંખમાં આ પ્રમાણ જુદુંજુદું હોય છે. તંદુરસ્ત આંખમાં બાર વર્ષની વયે આ હદ આંખ સામે અઢી ઇંચની હોય છે; ત્રીસ વર્ષની વયે તે ચાર ઇંચની, ને ચાલીસ વર્ષે છ ઇંચની થાય છે. વય જેમજેમ વધતી જાય તેમતેમ નેત્રમણિ સખત થતો જઇ તેની સ્થિતિસ્થાપકતા ઘટતી જાય છે, ને સાઠ વર્ષની વયે(લાંબી દૃષ્ટિવાળાને ૪૫થી૫૦ વર્ષની વયે)તો આ હદ વધીને એક વાર (ત્રણફૂટ) જેટલી થાય છે! આ દશાને વૃદ્ધદૃષ્ટિ (presbyopia=બેંતાળાં) કહેવામાં આવે છે. એમાં પછી નજીકની વસ્તુ જોવા માટે ચશ્માંની સહાય લેવી પડે છે.

ત્યારે સારી આંખ કયી કહેવાય? જે આંખનાં ઘાટ તથા કદ, કૉર્નિયા તથા નેત્રમણિ એવાં હોય કે દૂરની વસ્તુ જોવા માટે બિલકુલ દૃષ્ટિમેળ સાધવો ન પડે, અને પાસેની વસ્તુ જોવા માટે નેત્રમણિની સ્થિતિસ્થાપકતા સારી હોય તે આંખ સારી. વળી ડોળાનું હલનચલન કરતી માંસપેશીઓ પણ યોગ્ય લંબાઇની અને તાણમાં સમતુલા-વાળી હોવી જોઇએ, કે જેથી આરામ વખતે આંખો સીધું જોતી રહે અને પાસેની વસ્તુ જોતી વખતે બન્ને આંખો એકીસાથે અંદરના ખૂણાભણી એકઠી થઈ શકે. આવી આદર્શ આંખ તો દસથી પિસ્તાલીસ વર્ષની વય વચ્ચેના માનવીઓમાં બહુ થોડાઓને હોય છે.

સામાન્યતઃ દૂર કે પાસેના પદાર્થનાં કિરણો એકત્રિત થઇને નેત્રપટ ઉપર પડે છે અને તેને પરિણામે આપણે દેખી શકીએ છીએ એમ આપણે જોયું. પણ ઘણી આંખોમાં દૂર અગર પાસેની વસ્તુની છાપ બરાબર નેત્રપટ ઉપર પડતી નથી. આનું કારણ 'દૃષ્ટિદોષ' (errors of refraction) છે. આ દૃષ્ટિદોષના બે પ્રકાર છે: (૧) લાંબી દૃષ્ટિ અને (૨) ટૂંકી દૃષ્ટિ.


લાંબી દૃષ્ટિ(hyperopia)નું કારણ આંખના ડોળાનું ટૂંકાપણું છે. એમાં ડોળો ટૂંકો હોવાના કારણે દૂરના પદાર્થનાં સમાંતર કિરણો એકત્રિત થઇને નેત્રપટની છેક પાછળ છાપ પાડે છે. આથી આ પદાર્થ સ્પષ્ટ દેખાતો નથી. આવી વ્યક્તિ દૃષ્ટિમેળ સાધીને જ દૂરનો પદાર્થ બરાબર જોઈ શકે છે. વળી પાસેની વસ્તુ જોવા કે વાંચવા માટે તેને વધારે પ્રમાણમાં દૃષ્ટિમેળ સાધવો પડે છે. યુવાન અને તંદુરસ્ત વ્યક્તિમાં જો આ લાંબી દૃષ્ટિ થોડા પ્રમાણમાં હોય તો તે બધા અંતરે અનાયાસે નિરાંતે જોઇ શકે છે. પણ જો તે વધારે પ્રમાણમાં હોય, તો આઘેનું અને પાસેનું બંને તરફ જોવા માટે તેને વારંવાર દૃષ્ટિમેળ

સાધવો પડતો હોવાથી તેનું માથું કે આંખ દુઃખે છે. ઉંમર વધતાં આ તકલીફ પ્રથમ વાંચવામાં અને પછી દૂરનું જોવામાં પણ પડે છે. આના કારણરૂપ ઉંમર વધવાથી આંખ નબળી પડી-ઘસારે પડી એમ મનાય છે. પણ આ માન્યતા ખોટી છે. સતત નજીકનું કામ કરવાથી તો ઊલટું આ દશા દૂર જાય છે, બીજા બધા અવયવોની જેમ આંખનો પણ સતત વપરાશ કરતા રહેવાથી તે તંદુરસ્ત રહે છે. લાંબી દૃષ્ટિવાળાને આઘેનું ને પાસેનું જોવામાં વારંવાર દૃષ્ટિમેળ સાધવો પડતો હોવાથી આંખને ખૂબ શ્રમ પડે છે. તેને કદી આરામ તો મળતો જ નથી. તેને આઘેની વસ્તુ શ્રમ વગર જોવા માટે બહિર્ગોળ (વચમાંથી જાડા અને છેડેથી પાતળા કાચનાં) ચશ્માંનો ઉપયોગ જરૂરી છે. દૃષ્ટિ જેમ વધુ લાંબી તેમ ચશ્માંનો કાચ વધુ જાડો.

આંખનો ડોળો વધારે લાંબો હોય ત્યારે દૂરના પદાર્થ તરફથી આવતાં સમાંતર કિરણો નેત્રપટના આગલા ભાગમાં-કાચરસમાં જ એકત્રિત થઇ જાય છે. આથી તેની છાપ પણ બરાબર નેત્રપટ ઉપર પડતી નથી. આને લીધે તેને દૂરના વસ્તુ સ્પષ્ટ દેખાતી નથી. આમાં દૃષ્ટિમેળ સાધવા જતાં આ અવદશામાં વધારો થાય છે. પણ પાસેની વસ્તુનાં કિરણો બરોબર નેત્રપટ ઉપર પડતાં હોવાથી તેને નજીકનું જોવામાં દૃષ્ટિમેળ સાધવો પડતો નથી એને ટૂંકી દૃષ્ટિ (myopia) કહે છે. તંદુરસ્ત કે લાંબી દૃષ્ટિવાળો માણસ કરોડો માઇલ દૂરના તારાઓ જોઇ શકે છે જ્યારે ટૂંકી દૃષ્ટિવાળાને તો આઘે જોવાની અમુક મર્યાદા જ હોય છે. આવી ટૂંકી દૃષ્ટિ તો શાળાજીવનમાં જ છતી થઈ જાય છે અને બાળકની ઉંમર વધવા સાથે તે પણ વધે છે. જ્યારે શરીરની વૃદ્ધિ અટકે (૨૦થી ૨૫ વર્ષે) ત્યાર પછી ટૂંકી દૃષ્ટિમાં થતો વધારો અટકે છે. જોકે કોઈવાર અપવાદરૂપે એમાં વધારો પણ થાય છે ખરો. પણ ત્યારે તો વ્યક્તિનું જીવન પણ રૂંધાય છે.

સામાન્યરીતે તંદુરસ્ત આંખ બસસો ફૂટ દૂર સુધી દૃષ્ટિમેળ સાધ્યા વિના જોઈ શકે છે. લાંબી દૃષ્ટિવાળાને દૂરની વસ્તુ જોવા માટે દૃષ્ટિમેળ સાધવો પડે છે. વળી તે નજીકની વસ્તુ તો દેખી જ શકતો નથી. જ્યારે ટૂંકી દૃષ્ટિવાળાને પાસેથી જોવા માટે દૃષ્ટિમેળ સાધવો પડતો નથી. આ એક લાભ પણ છે, કેમકે સારી આંખવાળાને પણ વાંચતી વખતે તો દૃષ્ટિમેળ સાધવો પડે છે; જ્યારે ટૂંકી દૃષ્ટિવાળાની આંખને આવાં કાર્ય કરતી વખતે કશો શ્રમ ઉઠાવવો પડતો નથી. આથી તે કલાકો સુધી થાકયા વગર વાંચી શકે છે. સારી આંખ દૂર જોવામાં કદી થાકતી નથી જ્યારે ટૂંકી દૃષ્ટિવાળી આંખ પાસેનું જોવામાં કદી થાકતી નથી. જોકે ટૂંકી દૃષ્ટિ એ દૃષ્ટિદોષ તો છે જ, પણ જેને ટેબલ ઉપર બેસી કામકાજ કરવાનું છે તે આવાં કામો માટે વધારે લાયક છે. તેને ઉંમર વધવા છતાં યે વાંચવા માટે ચશ્માં વાપરવાની જરૂર પડતી નથી. જેમ વધારે ટૂંકી દૃષ્ટિ તેમ વાંચવા માટે ચોપડી આંખની વધારે પાસે પકડવી પડે છે. આ દશા સુધારવા માટે અંતર્ગોળ (વચમાંથી પાતળાં ને છેડેથી જાડાં) ચશ્માંનો ઉપયોગ થાય છે.

પણ આ બે દોષો કરતાં પણ વધુ સામાન્ય દૃષ્ટિદોષ તો



તંદુરસ્ત આંખ કરતાં ટૂંકી દૃષ્ટિવાળી આંખમાં ડોળાનો આગળનો ભાગ કંઈક રીતે આગળપડતો હોય છે અને લાંબી દૃષ્ટિવાળી આંખમાં ડોળો દબાયેલો પાછળ હોય છે તે આ ત્રણે ચિત્રો વચ્ચેથી પસાર થતી ઊભી કરેલી લીટીથી દર્શાવ્યું છે. તંદુરસ્ત આંખમાં ડોળા પર પડતી છાપ બરોબર પીતાબિંદુ પર પડે છે, જ્યારે ટૂંકી દૃષ્ટિવાળી આંખમાં તે આગળ અને લાંબી દૃષ્ટિવાળી આંખમાં તે પાછળ દૂર પડે છે. તેને સરખી કરવા માટે અનુક્રમે અંતર્ગોળ તથા બહિર્ગોળ કાચનાં ચશ્માંની જરૂર પડે છે.

ઍસ્ટિગ્મૅટિઝમ (astigmatism) નામે છે. આમાં કૉર્નિયાની ઊભી કે આડી સપાટીમાં કોઇ ઠેકાણે સરખાપણું ન હોવાથી નેત્રપટ ઉપર સ્પષ્ટ છાપ પડતી નથી. આમાં તો આઘેના કે પાસેના બંને અંતરના પદાર્થો સ્પષ્ટ દેખાતા નથી. આ સુધારવા માટે નળાકાર (cylindrical) ચશ્માં વાપરવાં પડે છે.

બીજો એક દૃષ્ટિદોષ ત્રાંસું જોવાનો છે. આંખની એકાદ માંસપેશીની કાર્યરીતિમાં કાંઈ ખટકો આવી પડે ત્યારે ત્રાંસું (squint-વક્ર, બાડું, માલખું) જોવાય છે. આમાં વ્યક્તિની એક આંખ જોવાની વસ્તુ તરફ મંડાએલી હોય છે, જ્યારે બીજી કીકી અંદરના કે બહારના ખૂણા ઉપર નાચી કે ઊંચી રહે છે. આ દશામાં કમનસીબ વ્યક્તિને બધું બેવડું દેખાય છે. પણ આવી દશા જવલ્લે જ નજરે પડે છે. નાનાં છોકરાંઓ આ દશાના ભોગ થઈ પડતાં હોય છે. પણ તેઓ બેવડું જોવાની ભાગ્યે જ ફરિયાદ કરે છે, કારણકે સંજોગોને અનુકૂળ થઇ જવાની તેમને ટેવ હોય છે. ત્રાંસી આંખે જોવાતા દૃશ્યને તે લક્ષ્યમાં જ નથી લેતાં. અને નાનપણમાં પડેલી આ ટેવ મોટપણે પણ કાયમ જ રહે છે. આવી જ રીતે માઇક્રોસ્કોપ ઉપર કામ કરનારાઓ એક આંખ વતી જ સ્લાઈડ જુએ છે અને બીજી આંખે જોવાતા બીજા પદાર્થો લક્ષ્યમાં નહિ લેવાની ટેવ પાડતા હોય છે.

¶ ગુજરાતની પ્રજાએ લશ્કરી સેવાની મહત્તા સમજવી જોઇએ. આઝાદી હાંસલ કર્યા પછી ગુજરાતની સરહદની લગોલગ વિદેશી રાષ્ટ્ર(પાકિસ્તાન)ની સરહદો આવેલી છે અને તેથી માતૃભૂમિની સરહદના રક્ષણ માટે અન્ય લડાયક પ્રાંતોની માફક ગુજરાતે જાગૃત થવાની અને લશ્કરમાં જોડાવાની જરૂર છે. સંરક્ષણ અને લશ્કરી સેવા એ કોઇ એક પ્રાંત, એક કોમ કે કોઈ એક જાતનો ઇજારો નથી. માત્ર પંજાબીઓ જ, મહારાષ્ટ્રીઓ જ કે સરહદની પ્રજાએ જ લશ્કરમાં જોડાવું જોઇએ એવી માન્યતા હવે ચાલી શકે તેમ નથી. ભારતના દરેક નાગરિકે પોતાના દેશના સંરક્ષણ માટે લશ્કરી તાલીમ લેવી અનિવાર્ય બને છે. સરહદની દરેક પ્રાંતની પ્રજામાં જેટલી ચપળતા, જેટલી ખડતલતા અને જાગૃતિ છે તેટલી દરેક ગુજરાતીમાં પણ આવવી જોઇએ. ગુજરાત લશ્કરી તાલીમમાં અત્યંત પછાત છે એ ખરેખર દિલગીરીની વાત છે. ગુજરાતની પ્રજાએ આ નિર્બળતા હવે હાંકી કાઢવી જોઇએ. —ભારતના ભાવિ સરસેનાપતિ લેફ. જનરલ રાજેન્દ્રસિંહજી



–ટાઈ ચડાવી રાતે બહાર જાઉં ત્યારે પૂછે કે ક્યાં જાઓ છો? તો કહું કે જહન્નમમાં. જહન્નમ એટલે અમારા જેવા છૂપા સંતાતાઓને મળવાનું સંકેત-કેન્દ્ર. હજી આજે પણ એ બેબી મોટી થતાં મને 'જહન્નમ-કાકા'જ કહે છે! નવનીત ચોકશીને ત્યાં પણ ખારસો મોટો હપ્તો કાઢ્યો. મઝા તો એ હતી કે એની બરાબર સામે અમને સજા કરનારા ઠક્કર મૅજિસ્ટ્રેટ સાહેબ રહેતા!

મારો નાનો ભત્રીજો નલિન મહેતા મારાં આ બધાં માળિયાં જાણે. એ કડીરૂપ બની મળતો રહે અને લખાણ લઈ ગયા કરે.

વચગાળે તંગ વાતાવરણ થતાં વડોદરા-અમદાવાદ જઈ, ત્યાંથી શતાધરાનો મેળો પણ જોઈ આવ્યો. પહેલાં માંગરોળ ગયો, ત્યાં

ચન્દ્રવદન ચીમનલાલ મહેતાની આપકથા

અર્ધવિરામ ટૂંક સમયનો જ હતો. તે પૂરો થયે બ્રિટિશ સરકારે લાગલો જ છાપો માર્યો. અર્ધવિરામમાં કરવી જોઇએ તેવી ને તેટલી તૈયારી આપણે ન જ કરી.

ફરી પત્રિકા નીકળી તરત ને નિયમિત બની ગઇ. ફરી ચૌદ-પંદર મહિના અંધારામાં ભરાવાનું આવ્યું. શરૂઆતમાં તો અમે છૂટા જેવા હતા. સનત વીણ પહેલો પકડાઇ ગયો. થોડા દિવસ રહી ચાઇનાબાગમાં હું ઊભો હતો ત્યાં સાઇકલ પર છૂપી પોલીસનો માણસ આવ્યો, અને ભોગજોગે મને જ પૂછવા ઊભો કે ચન્દ્રવદનવીણ મહેતા અહીં છે? એક તો અધૂરી હકીકત, અને એ ઓલાદને પારખી લેવાની અમારી કૂતરા જેવી ગંધ; ઉપરાંત સહેલી સંજ્ઞામાં એમનાં એક જ જાતની સિલાઈનાં ચંપલ. એમને ઓળખતાં વાર શી લાગે?

મેં હા પાડી. 'હા, અંદર છે; હમણાં મોકલી આપું છું.' ચીડ તો એવી ચડી કે બચ્ચાઓ પૂરું નામ પણ નથી જાણતા. એટલે વધારે ગૅટ પર ચડતાં, બંગલાના બાજુના દરવાજામાંથી સટકી દેશમુખ લેનમાં મારા કાકાના છોકરાઓના ઘરમાં ચૂપચાપ જઇ ઊભો, અને નીચે બાગમાં જે થાય તે ઉપરથી જોયા કર્યું.

આ બન્યું સાંજે; અને રાતે તો હૅટકોટ લગાવી ગિરગામમાંથી નીકળી ગયા. કેટલાક કહેતા કે સારું કર્યું, કેટલાક કહેતા કે ખોટું કર્યું. જેલમાં જઈને બેસનારા એક રીતે સુખી હતા. બહારની અટપટી રાજરમતની ભાંજગડમાંથી બચી ગયા હતા. મનને શાંતિ તો ખરી. આ તો બહાર, અને છતાં અંદર જેવા. કંઇકની મહેરબાની પર, કંઇકની ઇતરાજી પર, સાચા સત્યાગ્રહીઓની આકરી કસોટીમાં અને કચકચમાં હલકા પડીને, પોલીસને થાપ આપવાના મમત પર, ઊંચે જીવે અને મોટા ભાગે આળસનું જીવન જીવવું એ કંઈ ઠીક તો નહોતું જ; પણ જૂના જોગીઓનો સાથ હતો, અને અવારનવાર છાનામાના મળતા એનો આનંદ હતો, એટલે ચાલ્યું.

એમાં મિત્રોની સારી મદદ હતી. ઘણી ઓળખીતી–નહિ ઓળખીતી દેશદાઝવાળી વ્યક્તિઓએ પોતાનું ઘર મધરાતે પણ ખુલ્લું છે એવું કહાવ્યું હતું. એમ બેપાંચ દિવસે જગ્યાઓ બદલી દિવસો કાઢતા હતા. મોરારજી ચાલમાં દરૂ કુટુંબે ઠીક સાચવ્યો હતો. વચ્ચે જયકૃષ્ણ નાગરદાસ વર્માએ બરોબર મારવાડી પોલીસ ચોકીની સામે જ પોતાને ઘેર યજ્ઞેશ શુક્લના રક્ષણ હેઠળ સંતાડ્યો હતો. કાનુગા વકીલ અને ડૉ. ડી. એમ. દેસાઈનાં આખાં કુટુંબે ખૂબ જ દિલસોજી બતાવી હતી અને અણીને વખતે મદદરૂપ નીવડ્યાં હતાં. પ્રીતુભાઈ પકવાસાને ત્યાં ઑપેરા હાઉસની પાછળ મૅથ્યુ કૉટેજમાં તો ઠીકઠીક સંતાયો. ત્રણચાર વર્ષની એમની પહેલી બેબી, હું ટોપસું

રહી બારે વર્ષે ભરાતા એ શતાધરાના મેળામાં ગયો. ગિરનાં જંગલનો કંઈક ભાસ ત્યારે થયો. આ બધા વખત દરમ્યાન મને સૌ ડૉક્ટર વખારિયાને નામે જ ઓળખતા.

આ અરસામાં એક વિચિત્ર પ્રસંગ પણ બની ગયો. એકવાર રાતે આઠ વાગ્યે જમીને ગામદેવીમાં પડ્યાં હતો, ત્યાં ચન્દ્રકાન્ત ત્રિવેદી આવ્યો: 'બોલ, આવવું છે? અમે પૉંડિચેરી જઇએ છીએ. સાડાનવે ગાડી છે; આવવું હોય તો તૈયાર થઇ જા—'

'મારે વળી ખાખી બંગાળીને તૈયારી શી? તમે મદ્રાસ મેલ પર જ મળો. હું બરોબર આવી રહ્યો સમજજો.'

પણ જતાંજતાં એ કહે, 'જો ભાઇ, હું છું અને મારી સાથે રમણિક સુખડિયા છે. અને અમારી બંનેની તો શ્રી અરવિંદનાં દર્શન માટેની રજા આવી ગઈ છે. તું ત્યાં પછી બળાપો કરે કે તોફાન કરે તે નહિ ચાલે. આ તો મુસાફરીમાં ગમ્મત પડે માટે તને કહું છું. બાકી, ટિકિટબિકિટની ચિંતા ના કરતો.'

ત્યારે ઇન્ટરમાં જે આસાનીથી આ ત્રણ ભાવિક ભક્તોએ મુસાફરી કરી હતી, એ તો હવે સપનાં જ થઈ ગયાં. સૂતાંસૂતાં આરામથી ખાતાપીતા, મદ્રાસ, એગમોર અને ચિંગલપેટ થઇ પૉંડિચેરી પહોંચ્યા. લગભગ દસેક વરસની દોસ્તી થવા આવી તો પણ હરામખોર ચન્દ્રકાન્ત ફરી કહે, 'જો ભાઈ! ત્યાં ધાંધલ નહિ. પછી દર્શન માટે કજિયો કરવાનો હોય તો તું મદ્રાસ જ રહે. આ તો રમણિકે લખી દીધેલું, એટલે, હા...' એમ સાવચેતીની પાળ બાંધ્યા જ કરે. એટલો પણ મને એ નહોતો ઓળખતો? અને હજી પણ મને ઘણી વાર કહે છે: 'દીકરા! એ તો તને ઓળખે તે જ ઓળખે. મારાથી તો તને નહિ ઓળખાય.' અને કોઈ વાર એમ પણ કહે, 'દીકરા! તને તો બરાબર ઓળખું છું, સમજ્યો કે ની.' પચ્ચીસ તો શું પણ પચાસની દોસ્તી થતાં પણ અમારાં દિલને કોઈ છૂટાં પાડી નહિ શકે.

પૉંડિચેરી સ્ટેશન પર તો જાતજાતની પોલીસની તપાસ. એક ફ્રેન્ચ, બીજી બ્રિટિશ અને ત્રીજી છૂપી;—બૉંબ ફેંકનારા કોઇ છુપાઇ આવે તેની. સફેદ ડગલા અને કાળી ટોપીમાં આપણે તો ચંદુભાઇ ઝવેરી તરીકે ઊતર્યા, અને હીરામોતીના વેપારી તરીકે કોઈએ ઝાઝી પંચાત પણ કરી નહિ. એમ અમે ફરાંસીઆ મુલકમાં દાખલ થઈ ગયા અને હિન્દી હૉટેલમાં કાંકરાળું ભોજન ખાવા ઊતર્યા.

પેલા બે આસક્તિયોગવાળા ભાવિકો તો એમના ધમાલમાં પડ્યા. મારે નાસ્તિકે તો અનાસક્ત રહી બે દિવસ શહેર ખૂંદીને જ કાઢવાના હતા. સવારે આશ્રમ તરફ વળ્યા. બહારથી જે રંગઢંગ જોવાય તે જરા જોઈશું, કરી ગયા ત્યાં બહાર જ અંબુભાઈ પુરાણી

મળ્યા. ઓળખાણ થઇ. એમણે મને ના પાડી, કેમકે અગાઉથી નામ નહોતું. 'પણ જોઇએ, છેલ્લી યાદી મોકલીએ છીએ તેમાં મોકલી આપું છું, પણ દર્શનની આશા રાખશો નહિ' એવો સધિયારો આપ્યો.

પછી તો આખો દિવસ ફર્યા જ કરવાનું હતું. સાંજે પેલા બે બાંધવો યાદીમાં પોતાનો નંબર જોઇ આવ્યા પણ છેક મોડી રાતે બહાર પડેલી સપ્લીમેન્ટરી યાદીમાં મારું નામ તદ્દન છેલ્લું—બસ્સોમું કે એવું—આવ્યું. અહીં તો ખરું નામ જ આપેલું. અને એ યાદીની નકલ પાછી પોલીસ પાસે જાય છે એમ કહેવામાં આવ્યું હતું!

અમે તો ત્રણે ખુશખુશ થઈને ગપ્પાં મારી ઊંઘ્યા. સવારે આઠ વાગ્યામાં દર્શન માટે જવા સારુ વહેલા ઊઠી તૈયારી કરવા લાગ્યા. સૌ કોઈ મનમાનતાં ફૂલો લેવા ગયા, અને ફૂલો તો મોંઘાં દાટ! બસો ભાવિકો ફૂલો માટે પડાપડી કરે ત્યારે શું થાય? કોઇએ કહ્યું કે આશ્રમમાં ફૂલોની પણ ભાષા છે. ગુલાબનો એક અર્થ ને મોગરાનો બીજો અર્થ. આપણે તો કંઈ ફૂલો લીધાં નહિ. મારે વળી શ્રી અરવિંદને શું આપવાનું હતું? મારે તો એમની પાસેથી લેવાનું હતું.

નીચેના એક શાન્ત ખંડમાં સવારે બધા એકઠા થયા. સૌકોઈ ધ્યાનમાં લીન, યા મનને શાંત રાખવાનો પ્રયાસ કરતો દેખાતા. ત્યાં એક આશ્રમવાસીએ મને જરા બાજુ પર બોલાવી બહુ નમ્રતાપૂર્વક અને સવિવેક કહ્યું કે ઉપર જાઓ ત્યારે ટોપી ઉતારીને જજો. શ્રી અરવિંદ ટોપી નથી પહેરતા તે તો જાણો છો ને? અને ડગલાને બદલે પહેરણ હોય તો વધારે સારું.

ચર્ચા શરૂ થઈ, એટલે અમે બહાર ગયાં. મેં કહ્યું કે એમની સમક્ષ જતાં તો હું એમને પગે આખું માથું મૂકી દઇશ. પણ અહીં ટોપી શું નડે છે? તો કહે કે અહીં પણ ન પહેરો તો બધાને સારું લાગે.

મારે તો આઠ વાગ્યાથી દોઢ બે સુધી તપવાનું હતું, એટલે ઝગડવાને માટે આ સારો મલીદો મળી ગયો. મેં કહ્યું, 'ધારો કે આ ટોપી પહેરીને જ ઉપર જાઉં તો શું થાય?'

'શ્રી અરવિંદને ન ગમે.'

'બરાબર; તો તો કેવું સારું? એ મારા પર ક્રોધે ભરાય. અને કેટલી અગાધ છે એમની શક્તિ! એ વડે મને બાળીને ભસ્મ કરે; તો એવો દિવસ ક્યાંથી?' પેલા ભાઈ મને કોઈ વિચિત્ર વાયડો સમજીને દુણાયલા મોઢે ચાલ્યા ગયા.

ઘણા આશ્રમોમાં ત્યાંના આવા લોકો જ વાતને વધારે છે, ને પ્રતિષ્ઠાને ધોકો પહોંચાડે છે. આવા મહાન યોગીશ્વર શ્રી અરવિંદને મારે માથે ટોપો છે કે નથી તેની જાણે પડી હતી! મહાન પુરુષોને નાના ભક્તો પણ અજાણતાં અંધભક્તિમાં કેવા નાના બનાવવાના પ્રયત્નો કરે છે તેનો આ દાખલો.

આપણે છેલ્લા ઉપર ગયા. મહાતેજસ્વી યોગી પુરુષના ચમત્કારિક વ્યક્તિત્વને ન્યાળી, એમનાં ચરણે મસ્તક લગાડી પ્રણામ કીધા. એમની અતિ પ્રભાવશાળી આંખોમાં જોઈ મનમાં કહ્યું 'હે મહા તપસ્વી! હું તો પામર છું. મારે શું આપવાનું છે? મારી પાસે કશું જ નથી. હું આપની પાસે માગું છું કંઈ નહિ તો મનની શાંતિ તો આપજો જ.' સૌ ફૂલો મૂકતા હતા, ચેકો યા રૂપિયા પણ મૂકતા હતા; મેં તો, મને સવારે સ્ફૂરેલી કવિતાની બે લીટી લખીને (ગુજરાતીમાં જ) એમને ચરણે ધરી હતી.

ક્યાં છબીમાં જોએલા 'અરવિંદો ઘોષ', અને ક્યાં આ તામ્રવર્ણી વિપુલ કાયાધારી મહાતેજસ્વી યોગીશ્વર! એ દર્શનનાં મનોરમ પાવક સંસ્મરણો કદી ભુલાય એવાં નથી.

સાંજે ચાર વાગ્યે 'મધર' દર્શન આપે. ત્યારે, વિશ્વમાં કશાનો ભય નથી, કે એવા કોઇ ન્યાયે, એકઠાં થએલાં ફૂલો 'મધર' બધાને પાછાં આપે. આ વખતે કંઇ નંબર વાર જવાનું નહોતું. એક પછી એક જણ જઈ આવતું. અમે ત્રણે ભાઇબંધો સાથે ગયા, ત્યારે મધરે ફૂલના ઢગલામાંથી એક ખાસ્સો તુલસીનો સુંદર મોટો હાર જ મને આપ્યો! નીચે ઊતરતાં તો સૌ ભાવિકો એ જોઇને એમાંથી એકેક બબ્બે પાંદડી લેવા મારી આસપાસ વીંટળાઈ વળ્યા. અને ઉપરથી અભિનંદનો આપતા રહ્યા તે જુદા. કહે કે તુલસી એટલે ભક્તિ, ને આવી પ્રસાદી તો અનહદ કૃપાના પાત્રને જ મળે. આપણે પણ એ જાણી જરા ફુલાયા, અને તુલસીનો હાર ખૂબ જ સાચવીને ઉતારે લઇ ગયા.

સચ્ચિદાનંદના અદ્વૈત અનંત સભર સ્વરૂપમાં એકમય થવા વાંછતા જીવને વળી આવી ઉપાધિ શી?—આ ફૂલનો એક અર્થ અને આનો બીજો?—બધું જ જ્યાં જુજવે રૂપે અનંત ભાસે છે. પણ અખિલ બ્રહ્માંડમાં તો તું એક અને એક જ છે. એ વાત તો નિ:સંશય જ છે. આ બધા ઘાટઘૂટ અને રંગરાગ તો માયાનાં પડળો છે; બાકી ખરું જોતાં તો બ્રહ્મ બ્રહ્મની પાસે જ લટકાં કરે છે; એમાં કશો ભેદભાવ નથી, બધા એકનાં એક જ સ્વરૂપનાં દર્શન છે. એવા વિચારે ચડી ગયો. હું વળી ક્યારનો ભક્ત? કેવો ભક્ત? તુલસી હાર મેળવવાનો આ સંજોગ કે અકસ્માત? કે ત્યાંના એક મિત્રે કહ્યું તેમ મારા હૃદયની આગામી ભૂમિકા? મને તો કશી ગમ પડી નહિ, આજે યે પડી નથી.

જૂઠા ઝવેરી પાછા વળ્યા. પૉંડિચેરીથી થોડે દૂર એક સ્ટેશન પર આખી ગાડીને તબેલામાં પૂરી દે. લોકોને ખાલી કરવા કહે અને પછી બધો સામાન તપાસે. વિરમગામનો ત્રાસ યાદ છે ને? એવો, કે એથી યે ભૂંડો. રાત-મધરાત કંઇ જોવાનું જ નહિ. કોઇ ટૂથપેસ્ટ કે હીરા લઈ જાય તો પકડાય. જકાત ભરો. પણે યોગ, પરમાત્મા સાથે તદાકાર થવાના આધ્યાત્મિક પ્રયાસો, અહીં થોડા જ માઇલ દૂર આ ફજેતા! એ પણ સર્જનહારની લીલા જ સમજવાની ને?

હવે મદ્રાસની મઝા જુઓ. આપણે તો એમ જ ગાડીમાં ચડી બેઠેલા, પણ કંઇ ખબર નહોતી એમ તો કેમ જ કબૂલ થાય? કવિ ખબરદાર અહીં રહે. પણ ક્યાં? મદ્રાસમાં ખરા, પણ મદ્રાસના કયા ભાગમાં? ભગવાન જાણે! જે કોઈ રસ્તાનાં નામ આવડે તે બોલું, અને સામાનથી લાદેલો એક ખટારો લઇ અમે માઈલોના માઇલો પૂછતા પૂછતા રખડીએ. પણ ખબરદારનો પત્તો ન મળે! ત્રણ કલાક બાવન ઠેકાણે પૂછતાં આખરે ઠામ મળ્યું, પણ ચન્દ્રકાન્તનો સીનો ઠેકાણે પડે નહિ. એને સ્વાભાવિક ગુસ્સો આવેલો, પણ રમણિકભાઈ અમારા તદ્દન શાંત. શ્રી અરવિંદનાં દર્શનનો લાભ એમણે પૂરેપૂરો ઉઠાવેલો તે એ કસોટીમાં સિદ્ધ થયું. કારણ એમણે અમારા મિત્રવર્યને શાંત પાડ્યા.

ચારપાંચ દિવસના ભૂખ્યા અમે બધાએ ખબરદારને ત્યાં અકરાંતિયા થઈને ખાધું. અને મલાઇ-દરાખના પુડિંગનો તો બંગ જ વાળી નાખ્યો! બહુ વાતો કરી, બહુ મઝા કરી ને અનેક જાતના વિષયો ડહોળતા પાછા મુંબાઇ તરફ ચાલી નીકળ્યા. રસ્તે કે ક્યાંય કોઇ પોલીસ કે પોલીસનો બાપ પણ મળ્યો નહિ.

દરમ્યાન અનસૂયા-સુમતિને ભૂલી જ ગયો હતો. એમ? ના. એમ તો મને બરાબર યાદ છે કે કૉંગ્રેસ હાઉસમાં પડી રહેવા માંડ્યું ત્યારે બંને જણ અવારનવાર આવી ખબર કાઢી જતી હતી. '૨૯ના ફેબ્રુઆરીમાં સુમતિનાં લગ્ન થયાં, ત્યારે હાથે લખેલાં 'ઈલા કાવ્યો'-ની એક ચોપડી એને આપી. એ પુસ્તકને સોનેરી લપ્પાથી બાંધ્યું, અને મથાળે મોતીથી અક્ષરો ભર્યા. એનું લખાણકામ એટલા બધા દિવસ ચાલ્યું કે છેવટ સુધી એને બરાબર બંધાવી શક્યાં નહિ તે

મનોમંથન

કાકાસાહેબ કાલેલકરના

તરુણ કાળનાં સંસ્મરણોની ('સ્મરણયાત્રા'ની અનુગામી) લેખમાળા



૧૦ તત્તાની શોધ

કૉલેજમાં હું ભણતો ત્યારથી જ ધ્યાનમાં બેસવાની મેં ટેવ પાડેલી. એ જો આજ સુધી અખંડ ચલાવી હોત તો કેટલો યે લાભ થાત; પણ अहो जनानाम् व्यसनानिमोक्षे ।

ધ્યાન વખતના અનુભવો કહેવાય નહિ. એ અનુભવો કહેવા એ અશક્ય પણ છે અને અયોગ્ય પણ છે. છતાં એક પ્રસંગ અહીં કહેવાનો પ્રયત્ન કરું છું. કોઈ સમાનધર્મ હશે તો તેને એમાં રસ પડશે.

હૉસ્ટેલમાં ૨૩ નંબરની ઓરડીમાં હું રહેતો હતો. એ અરસામાં હું સ્વામી વિવેકાનંદ અને રામકૃષ્ણ પરમહંસ વિષે ખૂબ વાંચતો અને કૉલેજમાં કૅન્ટ અને માર્ટિનો ભણતો. એક દિવસે ધ્યાનમાં બેસી હું વસ્તુનું શુદ્ધ સ્વરૂપ કેવું હોય એ અજમાવતો હતો. દિક્‌કાલાદિને બાદ કરી, ગુણોનો છેદ ઊડાડી, કાર્યકારણતાને વિસરી જઈ, કેવળ વસ્તુનો અનુભવ કરવા જઇએ તો વસ્તુની શુદ્ધ તત્તા કેવી હોતી હશે એ સમજી એને હું સ્પર્શવા માગતો હતો. એકલી કલ્પનાથી મને સંતોષ ન હતો. ઘણા વખત સુધી તો મગજમાં શાસ્ત્રીય દલીલ જ ચાલી. પછી વસ્તુને કંઈક છોલતાં આવડયું. જેમજેમ આગળ ચાલ્યો તેમતેમ એની શરીર પર પણ અસર થવા લાગી. પ્રથમ બહારના પ્રકાશનું ભાન નષ્ટ થયું. પછી જે ટેબલ પર હું બેઠો હતો તે ટેબલ પણ 'બે ભાન' થઈ ગયું. હું ક્યાં છું, મારી આસપાસ શું છે, વખત કયો, અત્યાર સુધી શું કરતો હતો, હવે પછી શું કરવાનું છે એ બધું જ લુપ્ત થયું. હું છું. એટલી જ જાગૃતિ રહી. ઊંડા કૂવામાં તળિયું શોધવા માટે જ્યારે આપણે ડૂબકી મારીએ છીએ અને આંખ ઉઘાડી રાખી, હાથ ઉપર મારી, વધુ ને વધુ પાણીમાં નીચે ઊતરતા જઈએ છીએ ત્યારે ઉપરનો સૂર્યપ્રકાશ આછો થયા પછી જે એક જાતની ગભરામણ થાય છે,—(ગભરામણ તો નહિ, કેમકે શ્વાસ રોકવાની શક્તિ પર આપણો વિશ્વાસ હોય, કૂવાનો ઉપરથી નીચે સુધીનો પરિચય હોય અને જોરથી હાથ અને પગ એક જ વાર નીચે મારવાથી હું ઉપર સુધી પહોંચી શકું છું એવી ખાતરી હોય ત્યારે બીક કે ગભરામણ શાની? છતાં એ વખતે છાતી પર અમુક પ્રકારનું દબાણ પડે જ છે. કોઈ ગંભીર પરિસ્થિતિમાં છીએ એવું ભાન થાય છે અને અસાધારણ જવાબદારીનો વિચિત્ર પ્રત્યય આવે છે.)—એવો કંઈક ગંભીર અનુભવ મારા ધ્યાનમાં મને થયો. કોઈ અપૂર્વ દૈવીપુરુષના સાન્નિધ્યમાં એકાએક આપણે રજૂ થયા હોઇએ અને પછી જે એક જાતનો સંભ્રમ સહેજે આવી જાય છે તેવી સ્થિતિ થઇ. આ સ્થિતિમાં રહેવું કે ન રહેવું એ નક્કી ન થાય એવી દશામાં થોડો વખત રહ્યો. પછી થઇ આવ્યું કે આ અનુભવના મધ્યબિંદુ તરફ જવું જ જોઈએ. થોડાક અનિશ્ચય પછી, સોયમાં દોરો પરોવે છે તેમ હું અંદર જવા લાગ્યો. એક વાર તો થયું કે હવે એક ક્ષણની જ વાર, અને આપણે મધ્યસ્થ કેંદ્ર સુધી પહોંચી જવાના. એ ક્ષણની શરૂઆત પણ થઇ; હૃદયમાં અસાધારણ આનંદની ઊર્મિ ઊઠી. પણ એટલામાં કોણ જાણે શું થયું. ફણસની ગોટલી જેમ હાથમાં પકડી રાખવા જતાં લપસીને છટકી જાય છે તેમ બધું છટકી ગયું! શું થયું એની જરા યે ખબર ન પડે. થોડી વાર પછી હું મારી ઓરડીમાં એકલો, ટેબલ પર બેઠો છું એનું ભાન થતાં એનું જ મોટું આશ્ચર્ય થયું.

આપણે જે જીવીએ છીએ એટલો જ જીવનનો ભાગ નથી. અને તે મુખ્ય ભાગ છે એમે નથી એ તો કેવળ ક્ષણિક પૃષ્ઠભાગ છે. વિશાળ જીવન ઘણું ઊંડું છે એમ તે દિવસે સ્પષ્ટ થયું. તે દિવસથી મારી ધાર્મિક વૃત્તિમાં એક કાયમનો ફેર પડ્યો. ત્યાર પહેલાં હું પરમાર્થી ન હતો. તે દિવસ પછી અનેક માનસિક ક્રાંતિઓ હોવા છતાં અને અનેક પ્રવાહો આડે આવ્યા છતાં તે પારમાર્થિકતા છૂટી જ નથી.

લગ્નને આગલે દિવસે જ્યારે મુંબાઇથી અમદાવાદ જવા નીકળ્યો ત્યારે ટ્રેનમાં ભર્યું! તે જ દિવસે અનસૂયાની પ્રીલિમિનરી પરીક્ષા પૂરી થએલી, એટલે અમે સાથે જ નીકળેલાં ત્યારે ટ્રેનમાં એણે પણ એ બાંધવામાં બહુ મદદ કરી. દહાણુના સ્ટેશન પર બે કરંડિયા ભરી ગુલાબ મંગાવ્યાં હતાં, તેને ખીલેલાં જ રાખવા ટ્રેનમાં હવામાં ખુલ્લાં મૂકી ડબ્બો ભરી દીધો ને સવારે એ ફૂલોથી મંડપ શણગાર્યો.

પરણીને સુમતિ મુંબાઈ આવી. ત્યાર બાદ પણ લડતમાં મારે માટે ખૂબ જ કાળજી રાખતી. '૩૦માં તો લડત ચાલુ હતી ત્યારે અનસૂયા પરણી. એ પણ ભાઈને ભૂલી નહિ.

'૩૧ની સાલમાં એક દિવસ સવારે ચાઈનાબાગમાં સનત ને હું બુલેટિન માટે કંઇક લખવા વિચારી રહ્યા હતા, ત્યાં વિલોચન ધ્રુવ આવ્યા. એ પણ સાથે વિચારમાળાના મણકા ફેરવવા બેઠા. પછી કામ પૂરું થતાં ધીમે રહીને કહે છે, મારે તમને કંઈ કહેવું છે.'

'હા, કહોને,—કેમ એકદમ કંઇ?'

'જરા તમને દુઃખ થાય એવું છે.'

'જરા—?'

'ના, જરા નહિ; આઘાત થાય એવું.'

'હેં?'

'સુમતિ કાલે રાતે અમદાવાદમાં ગુજરી ગઇ!'

પોતાની પડોશમાં જ રહેતી પોતાની એ મિત્ર વિષે એમણે આટલું જ કહ્યું. ફેબ્રુઆરી '૨૯માં એ પરણી, ને ફેબ્રુઆરી '૩૧માં તો ગુજરી ગઇ. અને એ પણ એમ જ—મળ્યા વગર ને એકાએક! કોણ જાણે કેમ, આ વખત તો રડી પણ ન શક્યાં!

સુમતિ ઈલા તો હતી, પણ ઉપરાંત વ્હાલસોઈ દોસ્ત પણ હતી.

અને હવે '૩૨નો મે મહિનો. એપ્રિલમાં નવનીત ચોકશીના ઘરમાં સંતાયો હતો. કવિ નાનાલાલ મુંબાઇ આવ્યા હતા એમને મળવું હતું. મેં એમને કહેવડાવ્યું કે રાતે આઠ વાગે તૈયાર રહેજો; માણસ આવશે અને લઈ જશે. જમવાનું સાથે રાખજો. ચોકશીનાં નવાં પરણેલાં વહુ નિર્મળાએ ખૂબ જ કાળજી કરી જમણ તૈયાર કરાવ્યું. જમ્યા. ગાંધીવાદ સામે નાનાલાલ ઊકળ્યા. પણ મઝા એ કે પોતાનું

આવવુંજવું બધું એમણે ખાનગી રાખ્યું. ફલટું 'સારથિ' નવલકથાની પ્રસ્તાવનામાં મારા સંતાવા વિશે ખૂબીથી કહ્યું. એમણે ત્યારે વાતમાં એક સૂચના કરી કે મારે અને વિલાસે એમને ત્યાં આઠ દિવસ સાથે રહેવું. એમાં ભીડ ભાંગે તો ઠીક છે, નહિતો છૂટા જ થઇ જવું. પણ એ તો કહેતા કે પોતાને ત્યાં સંતાયા વિના રહે જ નહિ.

એ પ્રસંગ ન આવ્યો. તે દરમ્યાન વલસાડથી મારા બાપુજીની માંદગીના ખબર આવ્યા. બાલપણનો સાથી, બંનેના પિતા દોસ્ત, સ્વબળે સારી નામના કાઢનાર ડૉક્ટર મિત્રે બે વાર વલસાડ આંટા મારી તપાસ કરી. એક વાર તો અમે બે સાથે જ ઊપડ્યા. ક્યાં વડોદરાની કાંપની નિશાળનો ગોઠિયો અને ક્યાં આજે એ ડૉ. ભાસ્કર ગોધ્રને નામે પંકાઇને મને એની પડખે નિશાળે બેસાડનારની તબિયત તપાસવા ઊપડે છે!

મુંબાઇમાં સર હરકિશનદાસ ઑસ્પિટલમાં એમને લઈ આવ્યા, અને ત્યાં ખડે પગે ભાસ્કરભાઇએ મિત્રધર્મ બજાવ્યો. મારાથી તો ત્યાં જવાય-અવાય નહિ; અધરાત-મધરાતે જઇ આવું. એ માટે ઑસ્પિટલે બધી સગવડ આપી હતી. ત્યાંથી સાજા થઈ બહાર નીકળ્યા અને થોડા દિવસ સૅન્ડહર્સ્ટ રોડ પર એક સ્નેહીને ત્યાં રહ્યા. શરૂમાં તબિયત સારી થતી જતી હતી, પણ એક દિવસ ચણચણાટ થયો. ગામદેવીમાં એક ઠેકાણે ભરાયો હતો ત્યાંથી ડૉ. ગોધ જાતે સાંજે હિમ્મતભેર એકાએક લઈ ગયા. એમણે તપાસી દવા આપી. દાદર ઊતરતાં મને કહ્યું: 'મને હવે ઠીક લાગતું નથી; તમે અહીંથી હવે ખસશો નહિ.'

અમારું આખું કુટુંબ ત્યાં હાજર હતું, બેત્રણ કલાક રહી અંધારું થતાં દીવો કર્યો. બાપુજીની આંખ પર દીવાનું તેજ આવતું હતું એથી આંખ બંધ રાખતા હતા. મેં કહ્યું 'આ હોલની બાજુ પરનો દીવો કરું?' એમણે ધીમેથી કહ્યું, 'બધું સરખું છે.' થોડી મિનિટ જોયું અને પછી આંખો મીંચી દીધી,—મીંચી જ દીધી!

કોણ જાણે કેમ, પણ બચુભાઇ રાવતને ત્યારે મેં એટલું જ લખ્યું કે 'છત્ર વિનાનો થઇ ગયો!' મારી બા,—પણ હવે એના દુ:ખ વિષે તો લખવાનું જ શું હોય?

લૌકિકમાંથી પરવાર્યાં ત્યાં સુધી પોલિસ દાદાએ મહેરબાની કરી એ માટે એમનો આભારી છું. એમાં. હવે તો પોલીસમાંથી રીટાયર્ડ થઇ ગએલા રાવબહાદુર મોહનલાલ દેસાઇનો જ આભાર માનવાનો?

હા; જેને પાળ્યોપોષ્યો, પાઈપાઈ બચાવી એકઠી કરી ભણાવ્યો-પરણાવ્યો, ઠેકાણે પાડવા પ્રયત્નો કર્યા, એવા, ભણેલાગણેલા કહેવાતા, ત્રીસેક વરસની ઉમરના અને દોસ્ત જેમ ગણેલા દીકરાની આપકમાઈની એક પૈ, કે માંદગીમાં ચાકરી કે કશી હૂંફ લીધા વિના, જિંદગીની છેલ્લી વીશીમાં એકધારી નોકરી કરી, એક જ પણ આખરી માંદગી ભોગવી બાપે વિદાય લીધી. અને ત્રીસની ઉપરનો નવજુવાન, હજી પણ કમાવાની શક્તિ વિનાનો, માથે આવેલા ભારને વહી શકવાનો વિચાર પણ કરે છે ખરો? (ચાલુ)

મહેશે સાકરનો ગાંગડો મોંમાં મૂક્યો કે તરત મગન બોલ્યો, 'હવે તું મરી જવાનો!'

'કેમ?' મહેશે ગભરાટથી પૂછ્યું.

'કહેવાય છે કે ગધેડો સાકર ખાય તો મરી જાય.' (પ્રિ. ર. શાહ)

મારા એક મિત્રે ગલુડિયું પાળ્યું અને તેને ભૂખ લાગે ત્યારે ભસીને માગી લે એવી ટેવ પાડવા સારુ રોજ તેને ખવડાવતી વખતે તેનું વાસણ થોડે દૂર રાખીને પોતે ભસી બતાવતો અને પછી ગલુડિયાને ખાવા આપતો.

પંદરેક દિવસ આમ કર્યા પછી પોતે શીખવેલું આવડ્યું છે કે નહિ તે તપાસી જોવા તેણે કૂતરાથી થોડે દૂર ખાવાનું વાસણ રાખીને મૂગા મૂગા જોયા કર્યું. પણ તે કાંઈ ભસ્યું નહિ. છેવટે તેણે વાસણ તેની પાસે મૂકી દીધું. છતાં તેણે ખાધું પણ નહિ. અંતે મારો મિત્ર જ્યારે ભસ્યો ત્યારેજ તેણે ખાધું!

અમેરિકાનો એક વિદ્યાર્થી પોતાની મોટર પોતાની કૉલેજની હોસ્ટેલના પાછલા વાડામાં મૂકીને વૅકેશનમાં ઘેર ગયો. પાછળથી હોસ્ટેલમાં રહેલા વિદ્યાર્થીઓ તેની મોટરનો એકેએક ભાગ છૂટો કરી નાખી હોસ્ટેલમાંની તેની ઓરડીમાં તે લઈ ગયા.

મોટરનો માલિક વિદ્યાર્થી વૅકેશનમાંથી પાછો આવ્યો ત્યારે તેણે હોસ્ટેલમાંની પોતાની ઓરડીની અંદર મોટરને ઊભી કરી દીધેલી જોઈ! તેને એ બહાર કઇ રીતે કાઢે?



રંગલાનું કાર્ટૂન (લોકનાદ)

પડોશીને ઘેરથી આવેલો લાડુ માએ પોતાનાં બે બાળકો તનસુખ અને મેનાને વહેંચી આપ્યો. તે ખાતાંખાતાં થોડી વારે તનસુખ બોલ્યો, 'મા, તારા વિના એકલા ખાતાં તો મને લાડુ ગળે નથી ઊતરતો. તું મેનાનો કટકો લઇ લેને!'

બે પીધેલા એક બસમાં ચડ્યા અને એક જણે ખાખી પોશાકમાં જે માણસ પહેલો જોયો તેને પાવલી આપી બે ટિકિટ માગી.

પેલાએ ગુસ્સામાં ત્રાડ પાડી કહ્યું. 'મને એ નહિ આપવાની. હું તો કપ્તાન છું.'

દારૂડિયાએ પોતાના મિત્રને કહ્યું, 'અલ્યા ઊતર નીચે, આપણે બસને બદલે ભૂલથી સ્ટીમરમાં ચડી ગયા લાગીએ છીએ!'

એકસરખા ચહેરાના પોતાના બે જોડિયા પુત્રોને લઈને સાવિત્રીબાઈ તેમને બજારમાં ટોપીઓ અપાવવા ગયા. ટોપીઓ પસંદ કરી લીધી એટલે દુકાનદારે કહ્યું, 'છોકરાઓને અરીસામાં બતાવી જુઓને?'

જવાબ મળ્યો: 'તેમને અરીસાની જરૂર જ નથી પડતી; એકબીજાનાં મોં સામે જોઇ લે છે.'

નીચે: પથારીમાં માકણ પડ્યા છે (શંકર્સ વીકલી)




ભારતભરમાં વિશિષ્ટ સૌંદર્ય ધરાવતું ગુજરાતનું મુસ્લિમ સ્થાપત્ય


અમદાવાદની જુમા મસ્જિદ હિંદની સર્વથી ઉત્તમ અને મોટામાંમોટી જુમામસ્જિદોમાંની એક ગણાય છે. દિલ્હીની જુમા મસ્જિદ બહારથી ઘણી ભવ્ય ને સુંદર દેખાય છે, પણ અમદાવાદ અને દિલ્હીના મસ્જિદોની સુંદરતામાં ફેર છે. દિલ્હીના મસ્જિદ એક સુંદર પરદેશી સ્ત્રી જેવી લાગે છે; અમદાવાદની મસ્જિદ એક સુંદર અને કોમળ હિંદુ નારી જેવી લાગે છે.

અમદાવાદની મસ્જિદમાં પેસતાં જ વાતાવરણ જુદું લાગે છે અને તેની ભવ્યતા મન ઉપર અસર કરે છે. આજે તો આ મસ્જિદના મિનારા પડી ગયા છે; પણ એ ઊભા હશે ત્યારે તો કેવો યે ભવ્ય દેખાવ લાગતો હશે! ઈ. ૧૭૮૧માં જ્યારે મિનારા ઊભા હતા ત્યારે જેમ્સ ફાર્બસે એનું એક ચિત્ર દોરેલું હતું. ઈ. સ. ૧૮૧૯ના ભૂકંપમાં એ પડી ગયા. મસ્જિદની વિશાળ બાંધણી, ઉત્તમ અલંકારો અને સ્થાપત્યની કલાથી, ઈશ્વરના પ્રાર્થનાનું સ્થળ તો આવું જ હોવું જોઈએ એવી મન ઉપર અસર થાય છે. જહાંગીરને અમદાવાદનો ખૂબ અણગમો થએલો અને એણે આ શહેરને ગાળો પણ દીધેલી. પરંતુ એને પણ જુમા મસ્જિદમાં આવતાં જ એવી અસર થઈ કે એણે આ મસ્જિદનાં તો વખાણ જ કર્યાં છે. એવું જ એને અમદાવાદનું કાંકરિયું તળાવ પણ ગમેલું. એક લેખક લખે છે કે આ મસ્જિદ અસાધારણ ગંભીર વાતાવરણવાળી છે, છતાં સુંદર પણ એટલી જ છે. દરવાજામાંથી એના પર નજર નાખતાં જાણે એ 'થાંભલાઓનો બગીચો' હોય એમ લાગે છે! બીજો એક લેખક કહે છે કે ગમે તેવા હલકા વિચારથી આવી મસ્જિદમાં માણસ પ્રવેશે, પણ અંદર જતાં જ મન પવિત્ર થઈ જાય.

આખી મસ્જિદની લંબાઈ-પહોળાઈ ૩૮૮'-૯"×૨૪૬'-૮" છે. તેનો ચોક પૂર્વ-પશ્ચિમ ૨૮૪⅚' અને ઉત્તર-દક્ષિણ ૨૩૬'-૮" છે; અને પડાળી બાદ કરતાં ચોક ૨૭૪⅚×૨૧૬⅚ ફૂટ છે. મસ્જિદના ખુદ લીવાનની લંબાઈ ૨૦૭'-૪" ફૂટ ને પહોળાઈ ૧૦૦'-૫" ફૂટ છે. વચ્ચેનો ભાગ ૪૫ ફૂટ ઊંચો છે. લીવાનમાં ૨૫૨ થાંભલા છે. થાંભલા અષ્ટકોણ મંડપો બનાવીને કરેલા હોઈ એકસરખા હારમાં કોરેલા દક્ષિણના થાંભલાના મંડપ જેવી નીરસતા (monotony) અહીં લાગતી નથી.

ગયા મહિને આપણે જોઈ ગયા તે પ્રમાણે અષ્ટકોણ મંડપોની હરોળને વધારતા જઈ લીવાનની વિશાળતા યોજેલી છે, અને મસ્જિદનો ચહેરો ચડતો ઊતરતો કરી દેખાવમાં વૈવિધ્ય આણ્યું છે. વચલો ઘુમ્મટ ઊંચો કરી ત્યાં ત્રણ માળ યોજીને મેઘનાદ મંડપનો દેખાવ આપ્યો છે, અને વચલી કમાન ઊંચી લઈ, ઊંચા થાંભલાને હિંદુ રીત પ્રમાણેના તોરણથી જોડીને દેખાવ ખૂબ ભવ્ય અને મનોહર કર્યો છે. વચલા થાંભલા ૨૬⅚ ફૂટ ઊંચા લીધા છે, અને તેમાં ૨૨ ફૂટથી તોરણ શરૂ થાય છે. એ તોરણને લીધે ઊંચા થાંભલાનું બેડોળપણું લાગતું નથી. એનો મહેરાબ પણ સુંદર છે ને મહેરાબ પાસેના થાંભલાને તોરણ છે. મસ્જિદના વાયવ્ય ખૂણામાં સ્ત્રીઓને પ્રાર્થના કરવા માટે ખાસ મુલુકખાનું બનાવેલું છે. એમાંના થાંભલા બધા જ આખા ને આખા કોઈ જૈન મંદિરમાંથી લીધા હોય એવા છે. વિખ્યાત વિવેચક ડૉ. બર્જેસ ધારે છે કે એ થાંભલાની બાંધણી અમદાવાદ વસ્યા અગાઉ બસોથી ત્રણસો વર્ષ પહેલાંની હોય એવી લાગે છે. મસ્જિદની ઉત્તર તરફનું પ્રવેશદ્વાર તથા પૂર્વ અહમદશાહના રોજામાં પડતો મુખ્ય દરવાજો બંને સાદા છે, પણ દક્ષિણનો શાકબજાર તરફનો દરવાજો ઉત્તમ કારીગરીવાળા હિંદુ મંડપ





ઈ. ૧૮૧૯માં થએલા ધરતીકંપમાં આ મસ્જિદના ઊંચા ને સુંદર મિનારા પડી ગયા તે પહેલાં એ મિનારા સાથે તે કેવી શોભતી હતી તેનું આવું આખું ચિત્ર આજ સુધી કોઈએ આપ્યું નથી. ઈ. ૧૭૮૧માં જેમ્સ ફૉર્બ્સે તે જોઈને કરેલા સ્કેચ પરથી આ સપ્રમાણ આલેખન યોજ્યું છે.


અમદાવાદની જુમા મસ્જિદ એમાં ઘણી જૂની અને ભવ્યમનોહર છે.

જેવો છે ને કોઈ હિંદુ મંદિરનો જ આખો ગે મંડપ આણીને ત્યાં ઊભો કર્યો હોય એમ તેના થાંભલાઓમાં ઘસી નાખેલી મૂર્તિઓની જગ્યાઓ ઉપરથી સમજાય છે.


મસ્જિદના મિનારા તો બહુ જ ઊંચા હતા. ઈ.૧૮૦૯માં હિંદના સર્વેયરજનરલ મૅાનિયરવિલિયમ્સે એની નોંધ લીધી ત્યારે, ઉપરથી હલાવતાં એ હાલતા હતા, અને ગતિ એકમાંથી બીજા મિનારામાં પસાર થતી હતી! વિલિયમ્સે આ બાબતની ઘણી ઘણી તપાસ કરેલી, પણ એનું કશું કારણ જાણી શકાએલું નહિ, અને આમ, અમદાવાદના વિખ્યાત હાલતા મિનારાઓનું રહસ્ય હજી સુધી અણઉકેલાએલું જ રહ્યું છે. અમદાવાદની મસ્જિદોના આ એક ચમત્કાર ભરેલી વિશેષતા છે. એક વખત અમદાવાદની બધી મસ્જિદોના મિનારા ઊભા હતા ત્યારે તે બધા હાલતા હતા. આજે એવા મિનારાઓના જે કાંઇ અવશેષો ઊભા છે તે ખૂબ સુંદર છે. હિંદુ કારીગરોએ એ મિનારાઓમાં પોતાની કલાને ખૂબ બુદ્ધિપૂર્વક ને મસ્જિદની સાદાઇમાં અલંકારો ગોઠવવાની ચાતુરીને નમૂના તરીકે બનાવીને યોજના કરી છે. આ મિનારાની બાજુની ભીંતના ગોખમાં કરચલિયાની નકશીવાળી કોતરણી છે. એ પ્રાચીન હિંદુ મંદિરોમાંથી લીધેલી છે.

આ મસ્જિદ ઇ. ૧૪૧૧માં અહમદશાહે અમદાવાદ વસાવ્યા પછી બીજે વર્ષે બાંધવાનું શરૂ કરેલું અને છેક બારે વર્ષે ઇ. ૧૪૨૨-૨૪માં તેનું બાંધકામ પૂરું થએલું. તેના વચલા મહેરાબ ઉપર અરબીમાં એક લેખ છે એમાં આ પ્રમાણે લખ્યું છે: '...આ મોટી મસ્જિદ ખુદામાં અને એની મદદમાં વિશ્વાસ રાખનાર સેવક નસીરૂદ્દુનિયા વ ઉદ્દીન અબુલફતહ અહમદશાહ બિન મુહમ્મદશાહ બિન મુઝફ્ફરશાહ સુલતાને બંધાવી. બંધાયાની તારીખ પયગંબર સાહેબની (એમના ઉપર અલ્લાહના આશીર્વાદ હો) હિજ્રી સંવત ૮૨૭ના સફર માસ (મહિનો વિજયી અને સફળ નીવડો)નો પહેલો દિવસ છે.' એ હિસાબે તેની ખ્રિસ્તી તારીખ ૪થી જાન્યુઆરી ૧૪૨૪ આવે છે.

અહીં એક કલ્પનાચિત્ર જરા ખડું કરીએ. અહમદશાહે અમદાવાદ શહેર વસાવ્યું ત્યારે માત્ર ભદ્રનો કિલ્લો બાંધી તેમાં પહેલી એક મસ્જિદ બાંધી. એ મસ્જિદ આજે ગુજરાત ક્લબની પાછળ છે. એ પછી (ઉત્તરદક્ષિણ) ૧૬૦૦ ફીટનું મોટું મેદાન છોડીને ત્રણ દરવાજા બાંધ્યા. ત્રણ દરવાજાથી ફરી થોડી જગ્યા છોડીને આ મોટી જુમામસ્જિદ બાંધી. મસ્જિદની પૂર્વ તરફ પોતાના મરણ પછીના સ્થાન માટે પોતાનો રોજો પોતાની હયાતીમાં જ બાંધ્યો ને તેની સામે પોતાની રાણીઓને માટે રોજો બાંધ્યો. એ બધું બંધાયું ત્યારે આજની પેઠે મસ્જિદ અને રોજાઓની આસપાસ નાની ગંદી દુકાનો ને ઘરો બંધાયાં નહોતાં એ રોજાઓની વચ્ચે અને ચોમેર મોટું મેદાન હતું તેનું નામ માણેકચોક પાડયું. આ ચોકમાં, અમદાવાદ જ્યારે વધ્યું અને મહમુદ બેગડાના સમયમાં બહારનો કોટ બંધાયો ત્યારે ચારે બાજુઓના દરવાજાઓમાંથી રસ્તાઓ આવીને મળતા. પરંતુ એ પહેલાં તો સુંદર પત્થરનાં આટલાં જ મકાનો એ મોટા મેદાનમાં ઊભાં હતાં. કિલ્લો પણ આજે છે તે કરતાં ખૂબ સારી બાંધણીનો હતો એવું સોળમી સદીના મુસાફરોનાં વર્ણન ઉપરથી લાગે છે. ત્યારે કિલ્લા સાથે આ બધાં મકાનો અને વચ્ચે ત્રણ દરવાજા, એ બધો દેખાવ કેટલો ભવ્ય અને મનોહર લાગતો હશે? કલાવિવેચક મિ. પર્સી બ્રાઉને પોતાના સ્થાપત્યના પુસ્તકમાં આવાં પ્રાચીન સ્થાપત્યસ્થાનોનાં કેટલાંક કલ્પનાચિત્રો આપ્યાં છે. એ ઢબે અમદાવાદના




આ પાનાને વાળીને સામેના પાનાની નજીક લઈ જઈ બંને કિનારો મેળવીને જોવાથી સમગ્ર ચિત્રથી ઊપજતી મસ્જિદની ભવ્યમનોહરતાનો ખ્યાલ આવશે. મૅાનિયર વિલિયમ્સે ઈ. ૧૮૦૯માં નોંધ્યું છે કે આ મિનારા હાલતા હતા ને એક મિનારાને હલાવવાથી બીજામાં ગતિ પસાર થતી.



આ મૂર્ત સ્વરૂપનું પણ ઉપર કહ્યું એવું કલ્પનાચિત્ર કોઈ કલાકાર દોરે તો કેવું સુંદર લાગે? આટલી સૂચના અહીં અસ્થાને નથી.*

ડાબીબાજુ: અમદાવાદની જુમા મસ્જિદમાં સ્ત્રીઓને પ્રાર્થના કરવા માટે ખાસ જુદા રચેલા મુલુકખાનાની છતમાંનું spiral (સ્ક્રૂની પેઠે ચડાઊતરી વધતું જતું-છલ્લાદાર) શિલ્પશોભન, જે મધ્યમાંથી નાના બિંદુમાંથી શરૂ થઇ મોટું થતુંથતું પાછું છેડે પાતળું થતું જઇ અદૃશ્ય થાય છે. એ આખા મુલુકખાનાની સ્થાપત્યરચના હિંદુ છે. નીચે ડાબી બાજુ: જુમા મસ્જિદના ભોંતળનો નકશો, જેમાં મોટા ચોક સામે ૨૫૬ થાંભલાવાળી મસ્જિદનું મકાન, આગળ ચોક અને તેની વચ્ચે હોજ છે. જમણી બાજુ: જુમા મસ્જિદનો દક્ષિણ તરફના મુખ્ય પ્રવેશદ્વારનો મંડપ, જે આખો હિંદુ મંદિરનો જ આણેલો હોય તેમ, તેના થાંભલા ઉપરથી ઘસી નાખેલી મૂર્તિઓ ઉપરથી લાગે છે.





*ગયા સપ્ટેમ્બરમાં અમદાવાદની ગુજરાત સાહિત્ય સભા તરફથી યોજાએલી સ્થાપત્યયાત્રા પ્રસંગે અપાએલાં વ્યાખ્યાનો પૈકીનું બીજું.

પ્રેમ શરદી અને ફાંસીનો સાથી રૂમાલ

બકુલ ત્રિપાઠી

નિર્બંધિકા

રૂમાલ? રૂમાલ તો કોઈ અદ્ભુત ચીજ છે. કોણે એ શોધી હશે? આપણા લોકોએ કે પશ્ચિમવાળાઓએ? આપણે ત્યાં તો પુરાણોમાં એનો ઉલ્લેખ નથી. શ્રુતિમાં નથી, સ્મૃતિમાં નથી, વેદોમાં નથી. અરે, નળદમયંતીને પણ પ્રેમ વ્યક્ત કરવા હંસની મારફત એક બીજાને, પોતાના નામના પ્રથમાક્ષરવાળા રૂમાલો ભેટ મોકલવાનું નહોતું સૂઝ્યું. શેરડી ખાતાં કૃષ્ણ ભગવાનની આંગળી કપાઇ ત્યારે ય દ્રૌપદીએ તે પર રૂમાલ ફાડીને નહિ પણ સાડી ફાડીને જ પાટો બાંધેલો. ત્યારે પશ્ચિમના દેશોમાં તો પુરાણા સમયથી પ્રેમીઓ ને અપ્રેમીઓ રૂમાલ વાપરતા આવ્યા છે. શેક્સ્પિયરના નાટક ઑથેલોમાં જ જુઓને, ઑથેલો ને ડેસ્ડિમોનાના પ્રણયભંગના કારણરૂપ એક નાનકડો રૂમાલ જ હતો ને? આમ, આપણા આર્ય વડવાઓએ બીજું બધું શોધેલું, પણ રૂમાલ નહિ શોધેલો એમ લાગે છે.

પણ એ કેમ ચાલે? આપણા પવિત્ર આર્ય પિતૃઓને એટલું ય નહોતું જડ્યું એમ માની જ કેમ શકાય? હાં, યાદ આવ્યું. આપણે ત્યાં ધોતિયું પહેરવાનો રિવાજ પહેલેથી પ્રચલિત હતો, એટલે રૂમાલ વાપરવાનું કોઇને સૂઝ્યું નહિ હોય એમ બને. દાઢીની દાઢી ને સાત રાણીની સાતરાણી જેવું આપણું ધોતિયું વસ્ત્ર તરીકે તો વપરાતું'તું જ, પણ ચાદર, શેતરંજી, રજાઇ કે રૂમાલ તરીકે પણ વપરાતું હશે. હશે શું, હજી ય ક્યાં નથી વપરાતું? જ્યારે યુરોપવાળાને બિચારાને ધોતિયું નહિ જડેલું એટલે એમને રૂમાલની શોધ કરવી પડી હશે. વળી સ્ત્રીઓય આપણે ત્યાં સાડીઓ પહેરે છે, જે એક રીતે જોતાં ધોતિયાનો જ અવતાર છે. જ્યારે બિચારી પશ્ચિમની સ્ત્રીઓ ફ્રૉક પહેરે એટલે એમને રૂમાલ વિના કેમ ચાલે? આ કારણે જખ મારીને એ લોકોને રૂમાલ વાપરવાની ટેવ પાડવી પડી હશે અને આપણા બુદ્ધિમાન આર્યો એ પંચાતમાંથી ઊગરી ગયા હશે!

પંચાત તો ખરી જ ને? રૂમાલ સાચવવો એ તે કંઇ રમત વાત છે? જોકે ઘણા સાચવી શકે છે,—મહિનાઓના મહિનાઓ એ ને એ રૂમાલથી ચલાવી શકે છે એ વાત ખરી. પણ મારા જેવા કેટલાકને તો રૂમાલ સાચવવો એ જીવ સાચવવા કરતાં ય અઘરું થઈ પડે છે.

હા, છત્રી જેવી વસ્તુઓ ય વારંવાર ખોવાય છે એ ખરી વાત. પણ એનો તો એક ઉપાય છે. મારી પેઠે છત્રી વાપરવી જ બંધ કરી દેવી, એટલે ખોવાવાની ચિંતા જ નહિ! પણ રૂમાલનું એવું નથી કરી શકાતું. એના વિના આ સંસારમાં જીવવું વસમું છે—ખાસ કરીને બે જણને તો ખરું જ: એક તો શરદીના દરદીને ને બીજું પ્રેમના દરદીને.

શરદીના દરદીની વાત તો દેખીતી જ છે, અને પ્રેમના દરદીની સ્થિતિ પણ સમજવી મુશ્કેલ નથી. એક રીતે તો બંને દરદીનાં દર્દોમાં ઘણું સરખાપણું છે. બેઉ રોગને પરિણામે માણસ વિહ્વળ બની જાય છે, એની આંખોમાંથી જલ નીતરવા માંડે છે અને એને પોતાના દર્દ સિવાય જગતમાં બીજું કશું જ દેખાતું નથી! અને એ ય ખરું કે મોટે ભાગે તો થોડો સમય જતાં કંઇ પણ દવા વિના બંને દર્દો આપોઆપ શમી જાય છે, મટી જાય છે!

તમે વિચાર તો કરો, કે રૂમાલ ન હોત તો મારા જેવા, જેને ધોતિયું પૂરું પહેરતાંય નથી આવડતું એવા શરદીના દરદીની દશા શી થાત? અને પ્રેમના દરદીઓની મુશ્કેલી પણ એવી જ છે. અથાનક રિસાઈને આંસું વહાવવા મંડી પડેલી પ્રિયાનાં આંસું કંઇ ધોતિયાના છેડાથી ઓછાં જ લ્હોવાય છે? એવે વખતે જો રસિકજન પાસે રૂમાલ ન હોય તો? તો શું? જબરદસ્ત મુશ્કેલી ઊભી થઈ જાય! અરસપરસ ભેટ મોકલવા માટે ય પ્રેમીજનોને રૂમાલ સમી સુલભ બીજી કઈ ચીજ છે? અને ઘણી વાર તો રૂમાલથી જ પ્રેમની શરૂઆત થાય છે. બસમાં કે રસ્તામાં કોઇ બહેનનો રૂમાલ પડી જાય અને એ કોઇ ભાઇની નજરે ચડે. એ ધસીને એ રૂમાલ ઉઠાવી લે, 'આ...આ તમારો રૂમાલ કે?' એમ મધુર શબ્દોમાં કહીને એ રૂમાલ બહેનની આગળ ધરે, અને બદલામાં મળેલા એક મીઠા થૅંક્યૂથી ભાઇ સાતમા સ્વર્ગમાં પહોંચી જાય, એવું ક્યાં નથી બનતું? પ્રથમ પિછાન પૂરતું જ નહિ, ત્યાર પછી પણ ફરવા ગએલાં પ્રેમીઓને ચિનાઈશીંગ ખાવામાં મદદરૂપ થવાના રૂમાલના ગુણની તો મેં વાત જ નથી કરી.

એટલે છત્રી વિના માણસ ચલાવી લઇ શકે, પણ જો એ શરદીનો કે પ્રેમનો દરદી હોય તો રૂમાલ વિના તો એ ન જ ચલાવી શકે. અને બીજા બિનદર્દીઓ માટે ય બજારમાંથી દૂધીબટાટા બાંધીને લાવવાથી માંડીને તે જીવનથી કંટાળીને આપઘાત કરતાં ગળે ફાંસો ખાવા સુધીના ઉપયોગો માટે રૂમાલ ઉત્તમ સાધન છે. રેશમી રૂમાલથી ફાંસો સફળ રીતે ખાઇ શકાય કે નહિ, અથવા એના કરતાં (તરત દોરડું ન મળે તો) જનોઇ કે સાડી કેટલે અંશે વધુ યોગ્ય છે વગેરેની ચર્ચા કરવાને હું લાયક નથી. પણ દૂધી, બટાટા કે શીંગોડાં લાવવા માટે તો રૂમાલનો ઉપયોગ સૌને વિદિત છે જ!

પણ આમાં ય બહેનલોકોના રૂમાલની વાત અનોખી છે. 'લેડીઝ રૂમાલ' સામાન્યરીતે 'ચાર બાઈ ચાર' કે 'છ બાઈ છ'ના હોય છે. એથી વધુ મોટા હોય તો એ રૂમાલ 'લેડીઝ' નથી રહેતો. હવે આ રૂમાલ તો ઉપર્યુક્ત કોઈ પણ ઉપયોગમાં ન આવી શકે! અરે, પાથરીને બેસવાના કામમાં પણ એ ન આવી શકે. તો પછી એ રાખ્યાનો અર્થ શો?

મેં એક બહેનમિત્રને એક વાર પૂછેલું કે 'તમે આ રૂમાલ આવડા નાના શા માટે રાખો છો?'

'બધા રાખે છે એટલેસ્તો!' એ 'બધા' એટલે બધી સ્ત્રીઓ જ, હોં.

મેં પૂછ્યું 'પણ તો બધી જ સ્ત્રીઓ આવડા નાના રૂમાલ કેમ રાખતી હશે?' પહેલાં તો એમને કંઈ જવાબ ન સૂઝ્યો, એટલે 'આવા ચક્રમ જેવા સવાલો શું પૂછો છો?' એમ કહીને મને નિરુત્સાહી કરવાનો પ્રયત્ન કર્યો. પણ મારી જ્ઞાનપિપાસા એમ શમે એમ નહોતી તો! એટલે મેં હિંમતપૂર્વક પ્રશ્ન જારી રાખ્યો, 'લેડીઝ રૂમાલ આવડા નાના કેમ હોય છે?'

એમણે થોડો વિચાર કર્યો. વિચાર કર્યો તો શું, પણ કરવાનો પ્રયત્ન કર્યો. પછી એકદમ કહ્યું, 'હં, અમારાં ખિસ્સાં એવડાં નાનાં હોય છે કે મોટા રૂમાલ એમાં માય જ નહિ ને?'

'પણ તો પછી ખિસ્સાં મોટાં શા માટે નથી રાખતાં?'

'ખિસ્સાં તો કોઇ દિવસ મોટાં રખાતાં હશે?' એમણે જડબાતોડ દલીલ કરી! અને ઉમેર્યું, 'ઘણી વાર તો અમારે ખિસ્સાં હોતાં જ નથી. પર્સ જ હોય છે.'

'ઓહો, તો તો પર્સમાં તો મોટા રૂમાલ રખાય ને?'

'શેનો રખાય? કોઇ મોટા રૂમાલ રાખે છે તે અમે રાખીએ?'

'પણ હું એ જ પૂછું છું, કે કોઈ પણ પર્સવાળાં, પર્સમાં મોટા રૂમાલ કેમ નથી રાખતાં?'

'તેની મને શી ખબર? હું તો મારું જાણું! આપણે તો એટલું સમજીએ કે કોઈ ના કરે એવું કરવાની આપણે શી જરૂર?'

'પણ તો રૂમાલ રાખ્યાનો અર્થ શો?'

'અર્થ તો...ભલે કંઇ અર્થ ના હોય! તમારી જોડે દલીલો કોણ કરે? દલીલોમાં તો તમે અમને હરાવો જ ને! એમાં શું થઈ ગયું?' એમણે કહી દીધું. ખલાસ! આપણે હવે કંઇ બોલવાનું જ ન રહ્યું.

જોકે આ નાનકડા રૂમાલો જ નહિ, બહેનલોકો અંગેના આવા કેટલા યે સવાલો અનુત્તર જ રહેવા સર્જાયા છે. દાખલા તરીકે લેડીઝ છત્રી. લેડીઝ છત્રી એટલે બેબીઝ રમકડું! છત્રીનો મુખ્ય ઉદ્દેશ વરસાદથી આપણને બચાવવાનો હોય છે. આ વાત બહેનલોકો ભૂલી જ જાય છે. છત્રી પણ નાનકડી જ હોવી જોઇએ એમ એ સૌ માનતાં લાગે છે. પણ ભગવાન એમના જેટલો સમજુ નથી, એટલે એ તો ઘણી વાર 'નાનકડો' નહિ પણ ધોધમાર વરસાદ વરસાવી દે છે. અને તે વખતે છતી છત્રીએ એ છત્રીવાળાંઓને ભીંજાવું પડે છે. અને છતાં ય તમે કહો કે છત્રી જરા મોટી રાખોને, તો કહેશે 'કોઈ એવું કરે છે કે અમે કરીએ?'

વેણીની વાત લો. બગીચામાં જઇને ફૂલ લઈ આવવાં, સંભાળીને એને ગૂંથવાં, એની વેણી બનાવવી, સારી જહેમત લઇને અંબોડો ગૂંથવો, ને એના પર વેણી ગોઠવવી, એ સારી વસ્તુ છે,—ઘણી સારી વસ્તુ છે. ફૂલનો શૉખ હોવો એ તદ્દન વ્યાજબી છે. પણ એ ફૂલને આટલી બધી સંભાળથી વેણીમાં ગૂંથીને ગોઠવવાનાં ક્યાં, તો કે અંબોડે! કે જ્યાંથી એ પોતે તો તે સૂંઘી શકે જ નહિ, અને બીજા કોઇની તો સૂંઘવા જવાની હિંમત જ ક્યાંથી ચાલે? ફૂલનો હાર બનાવીને ગળે પહેરતાં હોય તો તો જાણે ઠીક, કે એમને એની મધુર સુવાસ આવ્યાં કરે. પણ અંબોડે? જેમ એન્જિન ચાલતું જાય ત્યારે એનો ધૂમાડો આગળ જવાને બદલે પાછળ જાય છે, તેમ વેણીધારિણીની વેણીની સુંગધ પણ આગળ જવાને બદલે પાછળ જ વહી જાય ને? એ રીતે એ ફૂલોની સૌરભનો પૂરો લાભ કોઇને જ નથી મળતો—અરે, એ લોકોને તો પોતાનો વેણીગૂંથ્યો અંબોડો સહેલાઈથી જોવા પણ નથી મળતો. અને છતાં સૌ અંબોડે જ વેણી ગૂંથે છે, ગળામાં કદી નથી પહેરતાં. કારણ? તો કે' બધાં એવું જ કરે છે!

પણ મુદ્દે વાત એ કે નાના રૂમાલો રાખવાનું કારણ એ રૂમાલવાળાંઓ પાસેથી જાણવા મળે એવી આશા રાખવી જ નહિ! પણ તો નાના રૂમાલો રાખવાનું કારણ શું? મને તો લાગે છે કે એ લોકો એમ માને છે કે રૂમાલો કંઈ દૂધી-બટાટા લાવવા માટે કે રેતી પર પાથરીને બેસવા માટે નથી. એનો ખાસ ઉપયોગ તો એક જ છે, અને તે આંસુ લ્હોવાનો! જોકે તમારા જેવા દલીલ કરશે કે એમનાં આંસુ તો જ્યારે વહે છે ત્યારે ધોધમાર જ વહે છે, અને એ તે કંઇ નાના રૂમાલોમાં ઝિલાતાં હશે? પણ ત્યાં જ, બિરાદર, તમારી ભૂલ થાય છે. રૂમાલો કંઈ ખરાં આંસુ લોહવા માટે કે ઝિલવા માટે નથી હોતા. પણ આંસુ ન આવતાં હોય ને છતાં આંસુ આવડાવવાં હોય, ત્યારે ખોટાંખોટાં ડૂંસકાં ભરતાં ભરતાં આંખો લોહવા માટે તો નાના રૂમાલો ચાલે જ ને? રિસામણાંમાં રંગત એ રીતે જ લાવી શકાય છે.

આમ, આંસું ન હોય તો ય રુદનનો આભાસ ઊભો કરવામાં રૂમાલ ઉપયોગી થઈ પડે છે; એટલું જ નહિ, ભૂલકણીઓ રૂમાલને ગાંઠો વાળીને પોતાને કરવાનાં કામ યાદ રાખવા પ્રયત્ન કરે છે. જોકે આમાં ઘણી વાર કાં તો એ ગાંઠવાળો રૂમાલ જ કોઇ જગ્યાએ ભૂલાઈ જાય કે ખોવાઈ જાય છે, કે કાં તો એ ગાંઠ કશુંક યાદ કરાવવા બંધાઈ છે પણ શું યાદ કરાવવા, એ જ યાદ નથી આવતું! કોઈની જોડે વાત કરતાં સંકોચ થતો હોય ત્યારે આંગળી પર ગોળ ગોળ વીંટ્યા કરીને કે મોં પર ફેરવ્યા કરીને પણ તમે રૂમાલનું સાર્થક્ય સાબિત કરી શકો છો.

આમ, રૂમાલ એવી અનેકરંગી સેવા બજાવે છે અને છતાં દેખાવે એવો નાચીજ છે કે મને રૂમાલ ખરેખર કોઇ અદ્ભુત ચીજ છે એમ કહેવાનું મન થઇ જાય છે. જે વસ્તુ દૂધી-બટાકા લાવવામાં, પ્રેમમાં અને ફાંસો ખાવામાં—જીવનનાં આ ત્રણેય લાક્ષણિક કાર્યોમાં [illegible] આવી શકે છે તે વસ્તુમાં કાવ્ય નથી એમ તો કેમ જ કહી શકાય?



૧૯૫૦માં સંયુક્ત રાષ્ટ્રસંઘના સેક્રેટરી-જનરલે નીમેલી છ નિષ્ણાતોની એક સમિતિએ વીસ મહિનાની વિચારણા બાદ મોટા રસ્તાપર રાહદારીઓને માર્ગદર્શન કે ચેતવણી આપવા, આંતરરાષ્ટ્રીય ચિત્ર-ઉપયોગમાં આવી શકે એવી આ સંજ્ઞાઓ યોજી છે. કોઇ પણ ભાષા કે અપરિચિત લિપિનો તેમાં ઉપયોગ ન થતો હોઈ અજાણ્યા પરદેશીને પણ તે સમજાય તેવી છે.

કલાચાર્ય અવનીન્દ્રનાથ ઠાકુરની આત્મકથા

જોડાસાંકોર ધારે

૧૧

શ્રીમતી રાણી ચંદના બંગાળી ઉપરથી અનુવાદક રમણિક મેઘાણી

બા

બાપુજીના અવસાન પછી ઠીકઠીક સમય વીત્યો. એક દિવસ મારાં લગ્ન પણ થઈ ગયાં ને સાથોસાથ જીવન-ધોરણ, પહેરવેશ અને રીતભાત બધું જ બદલાઈ ગયું. નોકરચાકરો મને 'છોટાબાબુ'નું સંબોધન કરતા થયા. દરવાનો પણ 'છોટા હજૂર' કહી સલામ કરતા થયા. સવારસાંજ કપડાં બદલવાની ટેવ પાડવી પડી. મોંઘાભાવનાં ધોતિયાં—જમીનદારી ઢબે છેડે કરચલી પાડેલાં—પહેરવાનું ને સજધજથી ગાડીમાં બેસી ફરવા જવાનું; જરાતરા અત્તર-લવંડર કે ગુલાબજળ વાપરવાનું ને તકિયે અઢેલીને બેસવાનું; હોકો ગડગડાવવો, ડ્રેસ-સૂટ બૂટ ચડાવી થીએટરમાં જવાનું ને ડિનર લેવાનું;—ટૂંકામાં કહું તો અમારા મકાનના છોટાબાબુ થવું પડ્યું.

બાળપણમાં મારા શિશુ મને શું શું મેળવ્યું હતુ તેની વાત ઘણી જગ્યાએ ઘણાની પાસે કહી છે. યુવાનીમાં મન-ભ્રમરે જે કંઈ મધ સંઘર્યું છે તેનો પણ જરાતરા સ્વાદ ચખાડ્યો છે, અને હજુ યે હાથે દોરેલાં ચિત્રોમાં એ સંભારણાંને સાચવી રહ્યો છું—આપી રહ્યો છું. 'પદ્મપત્ર ઉપર ઝાકળબિંદુ'ની જેમ એ બધા સુખના દિવસ વહી ગયા છે, એ મારા એ નામના ચિત્રમાંથી સમજાતું નથી? (જુઓ ૩૩૭-મા અંકમાંનું ચિત્ર) 'પ્રસાધનવેળાના જોડાસાંકોના અંદરના ઘરમાં જે સુંદર ચહેરા ને દશ્યો મન ઉપર અંકાએલાં તેની અસર મારા 'કન્યાના શણગાર' ચિત્રમાં સ્પષ્ટ દેખાશે. સુખનાં શમણાં તૂટી પડતાં જે દાહ થાય છે તે પણ ઘણા સમયથી મનમાં સંચિત હતો. સુખના માળામાં વસતો હતો તેથી જ, ચીતરતાં શીખ્યો કે તુરત, મનના એ સંચિત ભાવોને 'શાહજહાંની મૃત્યુશય્યા' ચિત્રમાં રૂપસાવ્યા.

બાળપણમાં રમકડે રમવાની વેળાએ મનમાં જે કંઈ સંઘરાયું હતું તે આ પાછલી ઉમરે લખાણમાં તેમજ પથ્થર-પાંચીકા કે લાકડાનાં નાનાંમોટાં રમકડાં બનાવવામાં ઉપયોગમાં નથી આવતું એમ નથી. મન તો એ શિશુવયથી જ કામ કરતું રહ્યું છે. મનના સંચયને તે વખતે કામમાં ન લાવી શક્યો. પણ એ સંચય તો હતો જ. સમય પ્રમાણે એ ઉપયોગમાં આવતો રહ્યો. મારા લેખનમાં, ચિત્રોમાં વાર્તાકથનમાં અને બીજાં યે ઘણાં કાર્યોમાં એ સંચય ખપ આવ્યો છે—હજી આવી રહ્યો છે. અને એમ મારી જીવન-યાત્રા કપાઈ રહી છે. મારું મન સંગ્રાહક છે. સંગ્રાહક મનનું કામ જ આ છે: સંગ્રહ કરતા જવું—સારું-ખરાબ, વેરણ-છેરણ જે કંઈ મળ્યું તે. કાગડો જેમ અનેક કિંમતી ચીજો તેમજ તૂટફૂટ ને તદ્દન નકામી ચીજો પણ એક માળામાં ખડકતો જાય છે, તેમ મારું મન-પંખી પણ સંઘરો કર્યે જાય છે. એ બધાં સંભારણાંના સંગ્રહને જો તમે ગોઠવીકરીને લખવા ઈચ્છતા હો તો લખો, હું મારે બોલ્યે જઈશ,—મારે શું?

રોજ ત્રણ વાગ્યાનો સમય સ્ત્રી-વર્ગને વાળ ઓળવાનો સમય હતો. કવિના-શબ્દોમાં એ 'પ્રસાધન-વેળા' હતી. અમારા અંદરના ઘરમાં ને રસોડામાંના લાંબા ઓરડામાં દાસીઓ શેતરંજી બિછાવી માથું ઓળવા માટે અરીસા, તેલ, દાંતિયા વગેરે ગોઠવી દેતી, ને બા, ફૈબા વગેરે પોતપોતાની દાસીઓ પાસે માથાં ઓળાવવા બેસતાં.

એ જ વખતે બીબીજી નામની એક ઘરેણાંવાળી આવીને ઊભી રહેતી. કોઈ નવી વહુના કાન માટે મોતીનાં ઝૂલણિયાં જોઈતાં હોય કે કો'કના નાક માટે ચૂની જોઈતી હોય કે કો'કના અંબોડા માટે સોનાચાંદીના ફૂલની જરૂર હોય, તે ત્યારે લઈ લેવાતું. બંગડીવાળી આવી બંગડીનો ટોપલો ખોલે કે તરત નાનામોટા કેટલાયે હાથ નવી-નવી બંગડી પહેરવા અધીર બની જતા. ઝીણીઝીણી પટીવાળી લાખની બંગડી, કાચની બંગડી વગેરે ખૂબ કુશળતાપૂર્વક હાથમાં પહેરાવી તેના પૈસા લઈ એ ચાલી જતી. બંગડી વેચવાની ને પહેરાવવાની કુશળતા તેનામાં હતી. કયા રંગ પછી કયા રંગની બંગડી પહેરાવવાથી ઓપશે તે એક કળાકારની જેમ એ સમજતી. વૈષ્ણવી પણ બરાબર એ જ વેળા ભક્તિભાવભર્યાં ભજનો સંભળાવવા આવતી. બંકિમબાબુની નવલકથાઓમાં તમે જે વાંચો છો તે અમે બાળપણમાં અમારી નજરોનજર નિહાળ્યું છે. અત્યારે બંગડીવાળીનું ચિત્ર દોરતાં બાલમાનસ પર અંકાએલું એ દશ્ય ખપ લાગે છે. હાથ ઉપરની બંગડીઓ ચીતરની વેળા કયા રંગ પછી કયો રંગ લેવો તે તુરત સમજાય છે, ને તેથી તેની કલ્પના કરવી પડતી નથી. તે દિવસે તમે પૂછેલું ને, કે સાંથાલ નારીનો અંબોડો કઈ રીતે યથાવત્ દોર્યો? અંબોડાની ગૂંથણી ને ભાત એ માથું ઓળવાના ઓરડામાં બેઠાંબેઠાં મારા શિશુ મને બરાબર સંઘર્યાં હતાં.

બા પાટ ઉપર બેઠી હોય અને દાસીઓ નાનીનાની વહુ દીકરીઓનાં માથાં ઓળતી હોય. કેટકેટલી જાતના એ અંબોડા ને વેણી-ગુંથન! વૈષ્ણવી ગાતી હોય 'કાનડા છાન્દે કબરી બાંધે'; અને ગામડાગામની દાસીઓ એ કાનડા ભાતનો અંબોડો ગૂંથે. તમે ય અંબોડા તો લો છો, એ અંબોડાના પ્રકાર! જલેબી અંબોડો, ઈંઢોણી અંબોડો, ચોટલીચોટલો, ઝૂલા ચોટલો, ખજૂરી ચોટલો, સાતસરો ચોટલો—કેટલા વર્ણવું? કેટલા આંકી બતાવું? પછી આવતી ફૂલવાળી,—કેળના પાનમાં ફૂલમાળા લઈને. એ ફૂલની માળાઓ બા પોતે જ સહુના અંબોડામાં સુંદરરીતે પહેરાવી દેતી. સાંજલ તારા ઊગતા, આકાશમાં ચંદ્રમા દેખાતો. સાંજ પડતાં જ મૂછે તાવ દઈ દખણાદા વરંડામાં બેસી આળસ ઉડાડતા મોતીબાબુ આવતા, શ્યામસુંદર આવતા. હું કયારેક મેન્ડોલિન લઈને તો કયારેક ઇસરાજ લઈને બેસતો. મોતીબાબુ શિવવિવાહનાં ગીતો ગાતા, ને એમ એ દિવસો આનંદે વીતતા. બાની છાંયડીમાં હું નચિંત હતો.

ભુવનબાઇ નામની એક ડોશી આવતી. બા એને કહેતી કે વહુઓને ગીત સંભળાવો. સખીસંવાદ, માથુર વગેરે એ ગાતી. ફોફળ દાંતે, તોતડા સૂરે એ આ ગીતો ગાતીગાતી મરી ગઇ. પણ એ ડોશી મારા મન ઉપર જે છાપ મૂકી ગઈ તે મારાં કૃષ્ણલીલાનાં ચિત્રોમાં નહિ ઉપસી હોય એમ કેમ કહી શકાય?

સાંભળ્યું છે કે નજીબાઈ એક કાળે લખનૌમાં બહુ વિખ્યાત ગાનારી હતી. રૂપાની પાટ ઉપર તો એ સૂતી એવું તેનું ઐશ્વર્ય હતું. સર્વસ્વ ગુમાવી કરીને એ ભિખારણની જેમ આવતી અને અમારા વંડીઘેર્યા ગોળ ચક્કર પાસે બેસીને ગીતો ગાતી ને અહીંતહીંથી જે કંઇ પાઇ-પૈસો મળતો તે લઇને ચાલી જતી. વૃદ્ધાવસ્થા છતાં એનું ગળું કંઈ અજબ હતું. અત્યારના ઘણા યે ઉસ્તાદો એની પાસે હારી જાય!

શ્રીજાન પણ આવતો. એ પણ ડોસો બની ગયો હતો. પણ અજબ ગાઈ શકતો. બાને કહ્યું કે એક વાર એને ગાતો સાંભળવો છે. બાએ શ્રીજાનને કહ્યું. એણે કહ્યું કે હવે ઓછું અગાઉ જેવું ગાઈ શકીશ? બાબુઓને ગીતો સંભળાવતો ત્યારે ગાઈ શકતો હતો. હવે આ બાળકોની મેહફિલમાં શું ગાઉં? બા કહે ભલે એમ હોય, છતાં પણ એક

દિવસ ગાવા તો આવો જ. શ્રીજાને હા પાડી. અને એક દિવસ તેનાં ગીતોનો આખી રાતનો જલસો ગોઠવી સગાંસ્નેહીઓને આમંત્રણ અપાયાં. નાટોરના રાજવી પણ એમાં હતા. મોટા નૃત્યખંડમાં મેહફિલ ગોઠવાઈ. શ્રીજાન ચાર પ્રહરનાં ચાર ગીતો ગાનાર હતા. એણે ગીત શરૂ કર્યું. દીઠે એ જરા યે સુંદર નહોતો. પણ એનું ગળું?! કોકિલ કંઠ જ જોઇ લો. એક એક ગીત સાંભળીએ ને અમે વિસ્મયે દિગ થઈ અવાક્ બની જઈએ. સૌએ તલ્લીન થઇ ત્રણ પહોરનાં ત્રણ ગીત સાંભળ્યાં. હવે છેલ્લા પહોરમાં છેલ્લું ગીત હતું. દીવા બધા બુઝાઇ ગયા છે. માત્ર એક ઝાંખો દીપ ટમટમી રહ્યો છે. ખંડના બારણાં બંધ છે. ચારે બાજુ નિઃસ્તબ્ધતા છવાઈ છે. સૌ પોતપોતાની બેઠકે સ્થિર થઇને બેઠા છે. શ્રીજાને ભૈરવી ઉપાડી. ગીત પૂરું થતાં છેલ્લો દીવો બુઝાયો, ને ઉષાના રતુંબડા પ્રકાશે નૃત્યખંડમાં ડોકિયું કર્યું. કાનડા અને ભૈરવીમાં શ્રીજાન સિદ્ધ હતો.

ફરી પણ એક વાર ગીતો સાંભળ્યાં હતાં. એ વખતે હું રીતસર ગીતોની ચર્ચા કરતો. ક્યાં કોણ ગવૈયો-બજવૈયો આવ્યો-ગયો તેના ખબર રાખતો. કાશીથી સરસ્વતીબાઈ નામે એક ગાયિકા આવી છે. અજબ છે એનું ગળુ. સાંભળવી પડશે. એક રાતના ૬૦૦ રૂપિયા લે છે. શ્યામસુંદરને કહ્યું 'જાઓ. જુઓ તો, કેટલે ઓછે સોદો કરી શકો છો.' એણે જઇને ઘણી મહેનતે ૩૦૦માં વાત પાકી કરી. આવીને એણે કહ્યું કે ત્રણસો રૂપિયા એનાં ગીત માટે અને એ બૉટલ બ્રાન્ડી આપવી પડશે. બ્રાન્ડીના નામે જરા ચિંતા પેઠી કે બા બિગડશે. પણ શ્યામસુંદરે કહ્યું કે બ્રાન્ડી પીધા વિના એ ગાઈ જ શકતી નથી! આખરે બધું ગોઠવાઈ ગયું. એ આવી: દેહે સ્થૂલકાય ને નાક ચીબું. જોતાં જ ચીતરી ચડે. નાટોર (નાટોરના રાજવી) કહે કે અવનંદા, આ શું કર્યું? ત્રણસો રૂપિયા પાણીમાં ગયા! એ સરસ્વતીબાઇ એ ગીત ગાવાની છે. નાટોર મૃદંગનો સાથ આપવા આવ્યા છે. દસ વાગ્યા ને ગીત શરૂ થયું. એક જ ગીતમાં અગિયાર વાગ્યા. નાટોર ખોળામાં મૃદંગ લઇને તલ્લીન થઇને બેઠા હતા. સરસ્વતીબાઈના એ અજબ ગળાના સૂરે એટલો મોટો નૃત્યખંડ ગુંજી રહ્યો હતો. અજબ હતી એની સ્વરસાધના. અમે સૌ—કોઈ તકિયો બાજુમાં રાખીને તો કોઈ ખોળામાં રાખીને-સ્તબ્ધ બનીને બેઠા હતા. એક જ ગીતમાં મેહફિલ મુગ્ધ બની મહાત થઇ ગઈ. ગીતની અસરમાં બધા તરબોળ હતા. સરસ્વતીબાઇએ કહ્યું, 'ઔર કુછ ફરમાઇએ.' પણ એમનું ગીત સાંભળી બીજું કંઈ ફરમાવવાની કોઈની મગદૂર નહોતી. સૌ પરસ્પરના મોં સામે તાકી રહ્યા. આખરે શ્યામસુંદરને કહ્યું કે એકાદ ભજન થવા દે એમ કહો. કાશીના ભજન માટે ખૂબ સાંભળ્યું છે. અને સરસ્વતીબાઇએ સૌનું પરિચિત એક ભજન ઉપાડ્યું: 'આઓ તો વ્રજ નંદલાલ.' બધા સ્તંભિત થઇ ગયા! મેં ઝટપટ એનું ચિત્ર ચીતર્યું ને બાજુમાં એ ગીત પણ લખી લીધું. ગીત પૂરું થતાં એ ઊઠી પણ એ ગીતને માટે ૩૦૦ રૂપિયા આપ્યા એ સાર્થક થયા હોય એમ લાગ્યું.

આ જ રીતે એક વાર નાચ પણ જોયો હતો. નાટોરના પુત્રનાં લગ્ન હતાં. નાચગાનની મોટી મેહફિલ યોજાઈ હતી. કર્ણાટકથી એક વિખ્યાત બાઇજીને બોલાવાઈ હતી. એ ખૂબ ઉસ્તાદ નાચનારી હતી. એની નાનીમા સાથે એ આવી હતી. વૃદ્ધ નાનીમા કાલકાવિન્દની શિષ્યા હતી. મેહફિલ ગોઠવાઇ ગઇ હતી. વૃદ્ધાની સાથે એની દોહિત્રી પણ પ્રવેશી. વૃદ્ધા પાછળ બેઠી રહી. છોકરીએ નૃત્ય કર્યું. અજબ નૃત્ય કર્યું. નૃત્ય પૂરું થતાં ચારે બાજુથી વાહવા, વાહવાના પોકારો ઊઠ્યા. મને કોણ જાણે શું થયું, તે મેં કહ્યું કે પેલી બુઢ્ઢીનું નૃત્ય જોવું છે! નાટોર કહે અવનંદા, તમારી આ પસંદગી પણ કેવી છે! મેં કહ્યું એ ભલે એવી રહી, પણ એ બુઢ્ઢીનું નૃત્ય જોવા મન થયું છે. તમે એને કહો. નક્કી એ કંઇ અજબ એવું નૃત્ય જાણતી હોવી જોઇએ. નાટોરે એને કહેવડાવ્યું. પ્રથમ તો બુઢ્ઢીએ થોડી હા-ના કરી કે હવે પોતે બુઢ્ઢી થઈ ગઈ છે અને સાથે કંઈ સાજ-શણગાર પણ લાવી નથી. મેં કહ્યું, કંઇ વાંધો નહિ. વિના શણગાર-સાજ ચાલશે. અને બુઢ્ઢી પોતાની દોહિત્રીને લઇને અંદર ગઇ. એ લોકોમાં એક નિયમ છે કે મેહફિલમાં એક નર્તિકા હાજર હોય ત્યારે બીજી નાચે નહિ. થોડી વારે દોહિત્રીનાં વસ્ત્રોમાં સજ્જ થઈ, ઓઢણી-પાયજામો પહેરી બુઢ્ઢીએ મેહફિલમાં પ્રવેશ કર્યો. એક જણે સારંગીના સૂર છેડ્યા ને ડોશીમાએ નૃત્ય આરંભી દીધું. શું કહું? કંઈ અજબ હતો એ નાચ! એના પગ જાણે ગાલીચાથી બે ત્રણ આંગળ અદ્ધર-હવામાં જ જાણે ફરી રહ્યા હતા! અને શી ધૈર્યભરી એની ગતિ હતી! એનું વૃદ્ધ મોં ભૂલી ગયો. નૃત્યના સૌન્દર્યે એને સાચેસાચ 'સુંદરી' કરી બતાવી.

વળી એક વાર બ્લન્ટ સાહેબ, વૂડરફ સાહેબ વગેરે અમે દેશી સંગીતના થોડાક પ્રેમીઓએ મળીને મદ્રાસથી એક પ્રસિદ્ધ બીનકારને બોલાવ્યા હતા. દર અઠવાડિયે રાતના નવ પછી અમારે ત્યાં એ બીનકારની બેઠક થતી. સાહેબ-સુબાઓ માટે કમળાલીંબુનું શરબત, આઇસ્ક્રીમ, પાનચીરૂટની ગોઠવણ થતી. રાત્રે શહેરનો કોલાહલ જ્યારે શમી જતો, ઘરમાં બાળકો જ્યારે ઊંઘી જતાં, નોકર-ચાકરનું કામ-કાજ પૂરું થતું ને ચારેબાજુનું વાતાવરણ શાન્ત-પરિશાન્ત બની જતું ત્યારે બીનકારનાં આંગળાં વીણા છેડતાં. કેસરલિંગ પણ એક વાર અમારી એવી બેઠકમાં આવેલા. બીનકાર વીણા વગાડી રહ્યા છે, બાજુમાં આંખો મીંચીને કેસરલિંગ શાન્તપણે બેઠા છે. નિહાળીને જોયું તો વીણા સાંભળતાં સાંભળતાં કેસરલિંગના કાન-ગાલ લાલચોળ બની ગયા છે! સૂરનો ખરો રંગ સાહેબના મનને સ્પર્શી ગયો હતો! સતત એક કલાક સુધી 'પૂર્ણચંદ્રિકા' રાગિણી વગાડી બીનકારે વીણા નીચે મૂકી. મેહફિલ પૂરી થઇ, પણ સૌ અવાક્ હતા! (ચાલુ)

સુભાષિત

गतशोको न कर्तव्यो भविष्यं नैव चिंतयेत् ।
वर्तमानेषु कार्येषु वर्तयन्ति विचक्षणाः ॥

(અનુવાદ)

ગયું ના શોચશો, ચિંતા ના કરો ભાવિની કદા,
ડાહ્યા ચતુર લોકો તો વર્તમાન વિચારતા.

[વિવરણ: ગયા અંકના સુભાષિતમાં જોયું કે ઈશ્વરનો અનુગ્રહ હોય તો બધું સારું થાય છે. જ્યોતિષથી ભવિષ્ય જાણવાની દોડાદોડી વ્યર્થ છે. વિશ્વ ત્રિકાલ-બાધિત છે. ગએલાંનો-મૂએલાંનો શોક ન કરવાનું ગીતામાં પણ કહ્યું છે. તદનુસાર આ કવિ ભૂતકાળમાં થઈ ગયું તે થઈ ગયું માની તેનો શોક ન કરવા કહે છે. તે સાથે ભવિષ્યની ચિંતા પણ ન કરવા કહે છે. વર્તમાન કાળમાં જે કાર્ય હાથમાં હોય તેનો જ વિચાર કરી, તનમનથી તે પર ધ્યાન આપવું એ જ ખરો કર્મયોગ છે. પરંતુ આપણી ટેવો એવી પડેલી છે કે નજર આગળ છે તેને જોવું નથી ને બગડવા દેવું છે, ગયું તેને રોયા કરવું છે, અને જે દેખાતું નથી અને જાણતા નથી તેની ચિંતા કર્યા કરવી છે! આ ટેવે આપણને એક મહાન પ્રજા તરીકે શિથિલ બનાવી દીધા છે. —ર. ભી.]

ઉચ્ચ સંગીત અને આપણે

લેખક · વિશનજી મારુ ★

ઉચ્ચ ને શુદ્ધ સંગીત પ્રત્યે આજે જે ઉપેક્ષા પ્રવર્તે છે તે અત્યંત ગ્લાનિજનક છે. વર્નાક્યુલર બીજીનો અભ્યાસ પણ ન કર્યો હોય એવા માણસને 'ચન્દ્રકાન્ત'નો બીજો ભાગ વાંચવા આપીએ અને જેવા હાલ થાય તેવા જ હાલ આજે આમ જનતા આગળ ઉચ્ચ સંગીતના થાય છે. અબ્દુલ કરીમખાંની મધુરમાં મધુર ચીજ રેકર્ડ યા નભોવાણી દ્વારા સંભળાતી હોય, એવામાં જો 'મીઠા લાગે મને આજના ઉજાગરા' ક્યાંકથી સંભળાય તો તરત આમ વર્ગ એ ગીત તરફ જ આકર્ષાય છે. એમ શા માટે બને છે?

પ્રથમ તો આપણા આજના સમાજમાં કળા-કૌશલ્ય પ્રત્યે અભિરુચિ જ નથી. અહર્નિશ વ્યાપાર તેમજ નોકરીમાં રત રહેલા મોટા ભાગના સમાજને સંગીત, નૃત્ય, શિલ્પ, સ્થાપત્ય, ચિત્રકલા વગેરે ઉચ્ચ કળાઓની જાણે કંઈ પડી જ નથી. અને શાળાઓમાં તેમજ કુટુંબમાં, બાળકોને તેના સંસ્કાર પાડવાની ખેવના પણ નથી.

સામાન્ય પ્રજા માત્ર શબ્દલાલિત્યથી કંઇક આકર્ષાય છે, કારણ કે કેળવણી દ્વારા શબ્દોની રમઝટભરી છણાવટ તેઓ સમજી શકે છે. તેથી આપણો આમવર્ગ લોકગીતો, ગરબા કે સિનેમા ને નાટકની તર્જો તરફ વધુ ખેંચાય છે. જ્યારે ઉચ્ચ સંગીતની ઇમારતો તો સ્વરના નાદ ઉપર રચાએલી હોય છે. કોઈ રાગની આલાપચારી થતી હોય તો સંગીતના સંસ્કાર વિનાની વ્યક્તિને તે કંટાળા રૂપ નીવડે છે.

ઉચ્ચ સંગીતનું વાતાવરણ અને સંસ્કાર જન્માવવા સમાજે શરૂઆતથી બાળકોને જ ખાસ તાલીમ આપવી જોઇએ. ઘરમાં સંગીત પ્રતિ આદર, શાળામાં સંગીતના વર્ગો, શુભ પ્રસંગોમાં સંગીતને ઘટિત સ્થાન, સંગીતની હરીફાઈઓ, સંગીતનાં મંડળોને એ કળાને લગતાં વ્યાખ્યાનો વગેરે તમન્નાપૂર્વક કરવામાં આવે તો જ સંગીતનાં બીજ સમાજમાં ઘર કરે ને બેએક દાયકામાં તે પલ્લવિત થાય.

આ વિષયમાં સૌથી વધુ જવાબદારી મધ્યસ્થ સરકારની છે. પ્રાથમિક તેમજ માધ્યમિક શિક્ષણના અભ્યાસક્રમમાં સંગીતનું સ્થાન અગ્ર હોવું જોઇએ ને વિદ્યાપીઠોમાં પણ સંગીતના ઉચ્ચ અભ્યાસનો આદર થવો જોઇએ. કોઈ પણ દેશની સંસ્કૃતિનું માપ તેની લલિત કળાઓના વિકાસ પરથી જ અંકાય છે. આજે તો વર્ગમાં ચલાવાતી કવિતાઓ પણ આપણાં બાળકો જાણે પાઠ વાંચતાં હોય એમ બોલે છે! ગદ્ય અને પદ્યનો કોઈ ફરક જ જાણે તેઓ જાણતાં નથી. ઘેર પણ જો હોંશીલું બાળક ભોગજોગે રાગથી કવિતા બોલતું હોય તો તેનાં માબાપને એ કંટાળા રૂપ થઈ પડે છે અને તરત જ, 'ગરબડ ન કરતાં શાંતિથી અભ્યાસ કરવા'નો વટહુકમ નીકળે છે!

શાળામાં પણ આજે તો ઘણા જ ઓછા શિક્ષકો કવિતાઓ રાગથી ગાતાં શીખવે છે ત્યાં સંગીત-શિક્ષકો રોકવાની તો શી વાત? આમ નાનાં બાળકોની પદ્ય-ગાનની અભિરુચિ કેળવાતી જ નથી. પ્રાથમિક છંદોનાં ગાન કે હળવા સંગીત પ્રતિ જવામાંથી પણ આ રીતે તેમને વંચિત રખાય છે તો પછી ઉચ્ચ સંગીતના ક્ષેત્રમાં તેમની ચાંચ જ શી રીતે ડૂબે? જ્યારે સમાજનું આ નાનું બીજ સંગીતથી આમ વંચિત રહેતું આવે ત્યારે તેમાંથી બનેલા પ્રૌઢ સમાજના સંગીતપ્રેમની આશા રાખવી આકાશકુસુમવત્ જ રહે.

આમ, આપણી ઊગતી પ્રજામાં સંગીતના સંસ્કારો આપણે રેડી શકતા નથી. જ્યારે બીજી બાજુ સંગીતશાસ્ત્રનો અભ્યાસ કાંઈ ઘેર બેઠાં સંગીતનાં પુસ્તકોનો આશરો લઇને કે યોગ્ય ગુરુ વિના થઈ શકતો નથી. પરિણામે ગુરુ વગરના એવા છાત્રો સંગીતનાં તત્ત્વોની સંપૂર્ણ માહિતી વગરના લેભાગુ 'કળાકારો' થાય છે, અને ખોટી આલાપચારી, સારા ગાયકોની વ્યર્થ નકલ, તાનોના ભૂંડા ખટકાઓ, વાદી-સંવાદીથી અજ્ઞાત બેહૂદાં મિશ્રણો વગેરે આપણને મળે છે.

પ્રથમ તો સમાજના મનમાં એ ઠસવું જોઇએ કે સંગીત એ સાંસ્કારિતાનું એક આવશ્યક અને શ્રેષ્ઠ અંગ છે. ભારતવર્ષની એ અનોખી આદ્ય વિદ્યા છે. છેક સામવેદના કાળથી એનું શાસ્ત્ર સ્થાપિત થયું છે. મધ્ય યુગમાં પણ અનેક ભક્તોએ તેની મસ્તી દ્વારા ઇશ્વર સાથેનું તાદાત્મ્ય સાધ્યું હતું. હિંદની તવારીખમાં અનેક સંગીત-પ્રતિકૂળ સામ્રાજ્યો આવ્યાં–ગયાં છતાં તે હજી ટકી રહ્યું છે. તેનું ઉચ્ચ સ્થાન સમાજમાં ફરી પ્રસ્થાપિત કરવું જોઇએ અને તે માટે તરેહતરેહના માર્ગો લેવા પડશે. દરેક શાળાનો સંચાલક આગ્રહ રાખે કે પોતાના સંચાલન તળેની સંસ્થામાં સંગીતશિક્ષક અવશ્ય હોય. તે અશક્ય હોય ત્યાં પાઠ્ય પુસ્તકોમાંનાં કાવ્યો યોગ્યરીતે ગવાવાનો જ આગ્રહ રાખવો જોઈએ. પરીક્ષકો આગ્રહ રાખે કે જે બાળક રાગથી કાવ્ય ગાય તેને વધુ ગુણ મળે. માબાપો પોતાનાં બાળકોને સંગીતના સંસ્કાર મળે તે માટે ગજા પ્રમાણેના બધા પ્રયત્નો કરે જ. કળાકારો પોતાના જ્ઞાનશ્રમંડને દૂર હડસેલીને ઉત્સુક ઊગતી પ્રજાની સાથે સંપર્ક સાધે અને મોંઘા ન બને. આમ જનતાને પણ પોતાની કળાનો લાભ આપે ને સંગીતના વિકાસને એક ધર્મકાર્ય mission ગણે. રાજ્ય પણ તેને એક પવિત્ર કર્તવ્ય સમજીને તેના ગૌરવ તથા પ્રચાર માટે પ્રયત્નો કરે. કળાકારો વચ્ચે પ્રસંગોપાત સ્પર્ધાઓ ગોઠવાય, સમારંભો થાય ને અમુક સમયના ગાળે જાહેર બાગ વગેરે આમજનતાનાં સંપર્કસ્થાનોમાં તેમની કલાનો જાહેર લાભ મળે. કળાકારોને તે આર્થિક ઉત્તેજન આપે. ઉપરાંત બાળગીતો, લોકગીતો, ગરબા, નૃત્યો વગેરે દ્વારા પણ લોકસમાજમાં સંગીતપ્રચારને વેગ અપાતો રહે. આમ, ચારે દિશાએથી ખરી ધગશથી પ્રયત્નો થાય તો ઉચ્ચ સંગીત પોતાને ગૌરવભર્યે સ્થાને અવશ્ય પુનઃસ્થાપિત થઈ શકે.

બાળકોમાં સંગીતપ્રેમ પોષતી અમેરિકાની યોજના

શાળાનાં વિદ્યાર્થીઓ સમક્ષ સારા સંગીત–કાર્યક્રમો રજૂ કરીને એમને સંગીત સમજતાં અને તેનો આસ્વાદ માણતાં શીખવવા માટે અમેરિકામાં એક રાષ્ટ્રીય સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે. આ સંસ્થાનું નામ છે 'યંગ ઑડિયન્સિઝ ઈનકૉર્પોરેટેડ.'

શ્રીમતી નિના પરેરા કોલિયર નામનાં એક સામાજિક નેતાએ ઈ.૧૯૫૦માં પોતાના વતનની મુલાકાતે આવેલા સંગીતકારોને ત્યાંની કેટલીક શાળાઓમાં સંગીતકાર્યક્રમો આપવા સમજાવ્યા. તેમાં સંગીતકારોએ વાદ્યો તેમજ સંગીતની સમજણ આપી અને વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછવાની તેમજ કાર્યક્રમ અંગે વિવેચન કરવાની છૂટ આપી. વિદ્યાર્થીઓનો રસ જળવાઈ રહે એ માટે કાર્યક્રમો ટૂંકા યોજેલા.

આ યોજનાને સારી સફળતા મળી ને એ પછીને વર્ષે તો વધારે કાર્યક્રમો રજૂ થયા. ફલતઃ ૧૯૫૧ના ઑક્ટોબરમાં 'યંગ ઑડિયન્સિઝ' નામની દેશવ્યાપી સંસ્થા સ્થપાઈ. આ કાર્યક્રમોમાં સફળ કળાકારો ભાગ લે છે અને વિદ્યાર્થીઓ સંગીતને સાચીરીતે સમજતાં શીખે એમાં તેઓ રસ લે છે. બાલ્ટિમોરનાં એક પ્રખર સંગીતપ્રેમી તેમજ રાષ્ટ્રીય સંસ્થાનાં પ્રમુખ શ્રીમતી એડગર લેવન ટ્રીટ નામનાં સન્નારીએ આ કાર્યક્રમો માટે આર્થિક સહાય આપી છે. (યુસિસ)



ઇજિપ્તના આ ઉદ્ધારક ઝગલુલ પાશાનું વિસ્તૃત ચરિત્ર ત્યારે શ્રી કકલભાઈ કોઠારીની કલમથી પહેલવહેલું લખાએલું તે 'કુમાર'માં પણ આવેલું. તેનો સાર ભાગ આજે પણ સ્મરણીય છે.

પચ્ચીસ વર્ષ પહેલાં

કારતક ૧૯૮૩
અંક ૪૧માંથી

ઇજિપ્તના આકાશમાં પંચાવન વર્ષ સુધી અખંડ તપી ઇજિપ્તનો પરમ જ્યોતિર્મય એક અહ ઝગલુલ પાશા ૧૯૨૭ના ઑગસ્ટની ૧૩મી તારીખે, એકાએક અદૃશ્ય થયો.

૧૮૬૦માં ઇજિપ્તના ઇબિયન જિલ્લામાં, એક પ્રતિષ્ઠિત ખેડૂત કુટુંબને ઘેર એનો જન્મ થયો. પ્રાથમિક શિક્ષણ ગામડાની નાની નિશાળમાં ને ઉચ્ચ શિક્ષણ 'અલ અઝહર' વિદ્યાપીઠમાં લીધું. ૨૦ વર્ષની ઉમરે શિક્ષણ પૂરું કરી એક સરકારી અખબારના સંપાદક તરીકે જિંદગીની શરૂઆત કરી. એ નોકરીમાં એનો ઉત્કર્ષ થવા માંડયો-પણ એટલામાં તો ઇજિપ્તની સ્વાધીનતાના યુદ્ધના ઇતિહાસમાં યાદગાર એવી ૧૮૮૨ની સાલ આવી.

ઈજિપ્તના ખેદીવ ઈસ્માઇલે પોતાની ફનાગીરી નિભાવવા પોતાની પાસેના સુએઝ કૅનાલના ચાળીસ લાખ પાઉન્ડની કિંમતના શેર વિલાયતને વેચ્યા, તે દિવસથી ઇજિપ્તમાં અંગ્રેજોનો બરાબર પગપેસારો શરૂ થયો. વિલાયતના એ અંગ્રેજ દુકાનદારો, પૂર્વના મુલકોમાં જે રીતે ધીમે ધીમે સત્તા જમાવતા જવાને માટે વિખ્યાત થયા છે તે જ રીતે તેમણે ઇજિપ્તમાં પણ પોતાની કાર્યવાહી શરૂ કરી. ઇજિપ્તની આઝાદીને જીવન કરતાં યે વધારે કીમતી ગણનારા સ્વાધીનતાપ્રેમી ઇજિપ્તવાસીઓને એ બદ મુરાદો સમજાઇ ગઇ અને અરબ્બી પાશાના નેજા નીચે રાષ્ટ્રીય હલચલનાં મંગળાચરણ થયાં.

અરબ્બી પાશાએ ૧૮૮૨માં ઍલેક્ઝાન્ડ્રિયા શહેર લૂટીને બાળવાની શરૂઆત કરી. બાવીસ વર્ષનો જુવાન ઝગલુલ, જેના દિવસો ઇજિપ્તની મુક્તિનાં સ્વપ્નો જોવામાં જ જતા, તે તો કેમ જ શાન્ત રહી શકે? જગતની એ પ્રાચીનતમ અને જાજરમાન સંસ્કૃતિના આસપાસ વેરાએલા અવશેષો જોઇજોઈ, એ ભવ્ય સંસ્કૃતિની કલ્પના કરીકરી, તે તેની માતૃભૂમિ પ્રત્યે અદ્‌ભુત પ્રેમભાવ અનુભવતો. ઝગલુલ પણ નોકરી ફગાવી અરબ્બી પાશાના નેજા નીચે જઇને ઊભો. તેલેલકબીર મુકામે મિસરીઓ અને અંગ્રેજો વચ્ચે યુદ્ધ મચ્યું. વિલાયતના તે કાળના વડા પ્રધાન ગ્લૅડસ્ટનની સરકારે ૨૦ લાખ પાઉન્ડ સાથે છ હજાર સિપાઇઓનું સૈન્ય તત્કાળ મોકલ્યું. મિસરી 'બળવાખોરો' હાર્યા. અરબ્બી પાશા અને ઝગલુલ વગેરે અગ્રેસરોને ગિરફતાર કરવામાં આવ્યા. અને કાસર-અલનીલની લશ્કરી કોટડીઓમાં તેમને કેદ રાખવામાં આવ્યા. પોતાના જાહેર જીવનની આવી મંગળ શરૂઆત થતી જોઈ, પ્રસન્નચિત્ત બની ઝગલુલે જેલની કોટડીમાં પણ મિસરી માતાની જ માનસિક આરાધના કર્યા કરી.

જીવનનું પ્રથમ પ્રકરણ સોનેરી અક્ષરોએ લખી ઝગલુલ ૧૮૮૩માં છૂટા થયા. સરકારી નોકરી તો ગઇ જ હતી, એટલે તેણે કાયદાનો અભ્યાસ કરી, બૅરિસ્ટર બની, વકીલાત શરૂ કરી ને બીજી તરફથી જાહેર પ્રવૃત્તિઓ વધારવા માંડી. તેના વક્તૃત્વે તમામ વર્ગો પર જાદુ કરવા માંડ્યું. તેની અસામાન્ય બુદ્ધિમત્તાએ પ્રૌઢોની પ્રીતિ મેળવવા માંડી. તેના આતશે અંગ્રેજોને દાંત કચકચાવતા કર્યા. આ બધાં બળોને આધારે જોતજોતાંમાં તેનો આર્થિક ઉત્કર્ષ પણ થયો અને ૧૮૯૨માં તેણે ફ્રેન્ચ ભાષા તથા ધારાશાસ્ત્રમાં પ્રવીણતા પ્રાપ્ત કર્યા પછી તેને 'કોર્ટ ઑવ અપીલ'માં મુખ્ય સલાહકાર સ્થાપવામાં આવ્યો.

આ અરસામાં ઝગલુલે, વિખ્યાત વિપ્લવવાદી પ્રિન્સેસ નાઝલીના મકાન ઉપર જામતી કેરો નગરના ક્રાન્તિવાદીઓની મિજલસમાં ભાગ લેવા માંડ્યો. ત્યાં તેને મુસ્તફા પાશા ફાહમીની પિછાન થઈ. ૧૮૯૫થી ૧૯૦૮ સુધી ઇજિપ્તના વડા પ્રધાન તરીકે ઇજિપ્તનું ભાવી ઘડનાર ફાહમી ઝગલુલ ઉપર મુગ્ધ થઇ ગયો. ૧૮૯૬માં તેણે ઝગલુલની સાથે પોતાની એકની એક પુત્રીના લગ્ન કરી દીધાં અને ૧૯૦૬માં તેને પોતાની દેખરેખ તળે કેળવણીનો પ્રધાન બનાવ્યો.

કેળવણી-પ્રધાન તરીકે તેણે શિક્ષણનો ખૂબ જ પ્રચાર કર્યો. પોતાની સરદારી નીચે ભવિષ્યમાં થનારી સ્વાધીનતાની દેશવ્યાપી હલચલમાં, ઇજિપ્તના ખૂણેખૂણાના લોકોને ભાગ લેવડાવવાની જાણે આગળથી તૈયારી કરતો હોય તેમ, તેણે કેળવણીનો એટલો તો જબ્બર પ્રચાર કર્યો કે તે જોઇ તેના સાથી પ્રધાનો ને અંગ્રેજ હાકેમો સ્તબ્ધ જ થઇ ગયા.

૧૯૧૦માં ઝગલુલને ન્યાયખાતાનો પ્રધાન બનાવવામાં આવ્યો, પણ ૧૯૧૨માં લૉર્ડ કિચનરના આગમન પછી તેને એ જગ્યા છોડવી પડી. પણ, એ જ વર્ષમાં, ઇજિપ્તને નવી પ્રતિનિધિ સંસ્થાઓ મળતાં ઇજિપ્તની વડી ધારાસભાના ઉપપ્રમુખ તરીકે ઇજિપ્તના મતદારમંડળોએ ફરી તેને ચૂંટી મોકલ્યો. ત્યાં તેની સરદારી નીચે રાષ્ટ્રીય પક્ષ સ્થપાયો અને તેણે ધારાસભામાં વિરોધપક્ષના અગ્રણીઓનો મુગટ પહેર્યો. એ પહેરતાં વેંત જ તેણે 'ઇજિપ્તને સંપૂર્ણ સ્વાધીનતા જોઇએ —એથી જરા યે ઓછું ન ચાલે' એવી હાકલ દીધી. દેશમાં રાષ્ટ્રીય હલચલ પૂર જોશમાં શરૂ થઇ અને ઇજિપ્તે ઝગલુલને પોતાના આત્મારામ તરીકે હૃદયના સિંહાસને સ્થાપ્યો.

એવામાં ૧૯૧૪માં યૂરોપમાં મહાવિગ્રહ મંડાયો. અંગ્રેજોએ ધારાસભા તથા બીજી પ્રજાકીય સંસ્થાઓને તાળાં દીધાં અને ઇજિપ્ત જે આજ સુધી તુર્કી સામ્રાજ્યની સત્તા નીચે હતું તેને બ્રિટિશ છત્ર નીચે લીધું.

બીજી બાજુએ ૧૯૧૪ના જુલાઈથી ૧૯૨૨ના પ્રારંભ સુધી, અંગ્રેજોએ ઇજિપ્તમાં જે લશ્કરી કાયદાનું રાજ્ય ચલાવ્યું તેમાં કેવો કાળો સિતમ ગુજાર્યો તેનો ખ્યાલ તો, પંજાબમાં લશ્કરી કાયદાનું રાજ્ય સ્થાપીને ઑડવાયરે પોકરાવેલી તોબાહથી જે વાકેફ હશે તેને સહેજે આવી જશે. પણ એથી તો ઇજિપ્તવાસીઓનો સ્વાધીન બનવાનો આતશ તો વધુ ને વધુ સળગતો ગયો. ઝગલુલે હવે અંગ્રેજો સામે ઉઘાડે છોગે મોરચા માંડ્યા

ને તેમાં તેના ધ્વજ નીચે અલ અઝહર વિદ્યાપીઠનો તમામ વિદ્યાર્થી સમુદાય તથા ઇજિપ્ત આખાનો તરુણસંઘ આવીને ખડો થઇ ગયો.

યૂરોપમાં યુદ્ધ ખતમ થયું તેને બીજે જ દિવસે, સા'દ ઝગલુલ પાશાએ સમસ્ત મિસરી પ્રજાને નામે, કૈરોમાં વસતા અંગ્રેજ સત્તાના પ્રતિનિધિને રીતસર ખબર મોકલ્યા કે 'હવે ઇજિપ્ત ખાલી કરો.' બીજી તરફથી એ દક્ષ રાજપુરુષે ઇજિપ્તની માગણીથી વિલાયતને વાકેફ કરવા ઇજિપ્તના પ્રતિનિધિઓનું શિષ્ટ મંડળ વિલાયત લઇ જવાની વાત ચલાવી. પરંતુ વિજયના નશામાં ચકચૂર બનેલા વિલાયતના રાજપુરુષોને એ બાબતમાં ચર્ચા કરવાની ફુરસદ નહોતી. ઝગલુલને એ જ જવાબ જોઈતો હતો. ઈજિપ્તમાં દારૂખાનું તો ક્યારનું તૈયાર થઈ ગયું હતું, માત્ર એક ચિનગારીની જ જરૂર હતી, તે આ જવાબે પૂરી પાડી. ઇજિપ્તના પ્રધાન મંડળમાંથી મુખ્ય પ્રધાન રશદી પાશા અને અદલી પાશાએ રાજીનામાં આપ્યાં.

ઝગલુલે વિલાયત જવાની વાત માંડી વાળી અને નવો દાવ માંડયો. તેણે પારીસમાં બેઠેલી સુલેહ પરિષદ સમક્ષ ઇજિપ્તનો દાવો રજૂ કરવાના ખરીતા મોકલ્યા. યુરોપના પ્રતિનિધિઓની એ પરિષદ સમક્ષ ઇજિપ્તના આત્મનિર્ણયના અધિકાર માટે દલીલ કરવા તેણે બાર પ્રતાપી મિસરીઓનું શિષ્ટ મંડળ તૈયાર કર્યું. અંગ્રેજો એ કેમ સાંખી શકે ? તેમણે ૧૯૧૯ની ૮મી માર્ચે ઝગલુલ અને તેના ત્રણ સહચારીઓને ગિરફતાર કરી માલ્ટા ટાપુમાં દેશપાર કર્યા.

ઇજિપ્તની પ્રજાલાગણીનો જ્વાળામુખી ફાટી નીકળ્યો. મિસરીઓએ સ્વાધીનતાની ચળવળ બમણા જોરથી ચલાવી. રમખાણો થયાં, પરદેશીઓનાં ખૂન થયાં, અનેક નિર્દોષોનાં લોહી રેડાયાં. અંગ્રેજ સત્તાધીશોએ લશ્કરી કાયદાના અમલમાં સખ્તાઈ વધારી. છતાં ઇજિપ્તનો પ્રકોપ ન શમ્યો ને અંગ્રેજોને આખરે ઝગલુલને છૂટો કરવો પડયો.

ઝગલુલ માલ્ટાથી સીધો પારીસ ગયો. તેણે ફરીવાર ઘોષણા કરી કે ઇજિપ્ત સંપૂર્ણ સ્વાધીનતા માગે છે. પણ તેની એ વાત પારીસની સુલેહ પરિષદે ન સાંભળી.

ઝગલુલે જોયું કે પરાધીન પ્રજાઓને માટે તેમની સ્વાધીનતા પાછી મેળવવાનો એક જ માર્ગ છે અને તે કટ્ટર અસહકારનો. પારીસથી પાછા આવી તેણે એ શસ્ત્ર અજમાવ્યું. ઇજિપ્તમાં અસહકાર શરૂ થયો. તમામ સરકારી સંસ્થાઓનો બહિષ્કાર મંડાયો. વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓએ હજારોની સંખ્યામાં તેમની શાળા-કૉલેજો છોડી. પ્રધાનોએ રાજીનામાં આપ્યાં. સરકારી નોકરોએ અને અમલદારોએ સરકારી નોકરીઓ છોડી. આખું રાજતંત્ર અટકી પડયું.

પરિણામે અંગ્રેજ સત્તાધીશોને ધોળે દિવસે તારા દેખાઈ ગયા! ઇજિપ્તને સ્વતંત્રતાનાં વચન અપાયાં. તેની માગણીઓનો વિચાર કરવા મિલ્નર કમિશનની નિમણૂક થઈ.

પણ મિલ્નર કમિશનનો કાર્યપ્રદેશ એટલો સંકુચિત રખાયો હતો કે ઝગલુલ અને તેના મતનો રાષ્ટ્રીય પક્ષ એની નિમણૂકથી ઊલટા અસંતુષ્ટ થયા ને મિલ્નર કમિશનનો બહિષ્કાર થયો ને તે આવ્યું હતું એવું પાછું ગયું.

આખરે, ગ્રેટબ્રિટનની સરકારે ૧૯૨૧ના માર્ચમાં જાહેરનામું બહાર પાડી ઇજિપ્તની સ્વતંત્રતાનો સ્વીકાર કર્યો. પણ સ્વતંત્રતાને મર્યાદિત બનાવનારી કેટલીક શરતો પણ સાથે હતી. સંપૂર્ણ સ્વાધીનતાના પૂજારી ઝગલુલપક્ષને એ શરતો કેમ રૂચે?

ઝગલુલે ઇજિપ્ત પાછા આવી બેવડા જોરથી પોતાની સંપૂર્ણ સ્વાધીનતાની ચળવળ ઉપાડી. તે વખતના ઇજિપ્તના હાઈ કમિશ્નર લૉર્ડ ઍલેન્બીની આંખો રાતી બની. તેણે તેને દેશપાર કરવાનો હુકમ ફરમાવ્યો.

ઝગલુલ દેશપાર થતાં એ સરદારી ઝગલુલનાં સહધર્મચારિણી શ્રીમતી સોફિયા બાનુએ હસતે મોંએ સ્વીકારી લીધી અને દેશીકલાદની લડત બેવડા જોશથી ચાલુ રાખી. તેણે અંગ્રેજી માલનો બહિષ્કાર શરૂ કર્યો. અને ઇજિપ્તમાં સ્વાધીનતાની લડતનો જુસ્સો ઉત્તરોત્તર વધતો જ ગયો. પરિણામે ૧૯૨૩ના એપ્રિલમાં ઝગલુલને, નબળી તબિયતને કારણે દેશપારીની સજામાંથી મુક્તિ અપાઈ. ઝગલુલને માટે અધીરી મિસરી પ્રજાએ તેનું બાદશાહી સ્વાગત કર્યું. ઝગલુલે ઇજિપ્તમાં પગ મૂકતાંની સાથે જ, ઈંગ્લંડના વડા પ્રધાને જે ઠગારો ખરીતો બહાર પાડયો હતો તેની સખ્ત ઝાટકણી કાઢી, ને બીજી તરફથી નવા બંધારણ મુજબની ધારાસભાની ચૂંટણીમાં પોતાના પક્ષને ઉતારી તેની ૯૦ ટકા જગ્યાઓ સર કરી લીધી. ઝગલુલ પાશાએ પોતાનું પ્રધાન મંડળ રચ્યું અને તેના મસ્તક ઉપર ઈજિપ્તના વડા પ્રધાનનો તાજ પહેરાવાયો.

પોતાના હાથમાં દેશની લગામો આવતાં જ તેણે ઇજિપ્તની સંપૂર્ણ સ્વાધીનતાનો પ્રશ્ન ઉપાડયો અને જે પાંચ શરતોએ સ્વાધીનતાની બક્ષિશ કરવામાં આવી હતી તે કઢાવી નાખવા પ્રયાસ માંડયા. પણ કશું જ પરિણામ આવ્યું નહિ, અને એ જ વર્ષના–૧૯૨૪ના–નવેમ્બરમાં ઇજિપ્તનો મામલો ફરી રંગે ચડયો. સુદાનના ગવર્નર જનરલ સર લીસ્ટેકસનું ખૂન થયું! ખૂનની શિક્ષા તરીકે અંગ્રેજોએ ઇજિપ્તને પાંચ લાખ પાઉન્ડનો દંડ અને અપમાન કરનારી શરતો ફરમાવી. ઝગલુલે એવી બેઈજ્જતીભરી શરતો સ્વીકારવા કરતાં પ્રધાનપદનો ત્યાગ કર્યો.

૧૯૨૫માં ફરીવાર ચૂંટણીઓ થઈ, ત્યારે પણ ઝગલુલના પક્ષે સબળ બહુમતિ સાથે ધારાસભામાં પ્રવેશ કર્યો. પણ હવે તેની તબિયત દિવસે દિવસે વધારે નબળી પડતી ચાલી. તો યે જિંદગીની છેલ્લી ઘડી સુધી તેણે પોતાનું કાર્ય કર્યા કર્યું. આખરે ૧૯૨૭ની ૨૩મા ઑગસ્ટે તેનું અવસાન થયું અને ઇજિપ્તના ઇતિહાસકારનું એક અત્યંત મહત્ત્વનું પ્રકરણ પૂરું થયું.

અમર ઇતિહાસે

(ખંડ શિખરણી)

ભમો ઝંઝાવાતો

ખમો વજ્રઘાતો : હૃદય પળ ના દુર્બળ કરો;
તમારા માર્ગોમાં અધિક બળિયું પૌરુષ ભરો:
નખશિખ નિરાશા પરહરો.

યુવાનો સત્કર્મે

પ્રજાના આદર્શે પ્રગતિમય ઉદ્ધાર સજશે;
પ્રયાણોના પંથે વિશદ પુનરુત્થાન ભજશે:
શિવસ્વરૂપ સૃષ્ટિ સરજશે.

ઊગેલાં સ્વપ્નોનું

અધૂરા યત્નોનું જતન કરવા જાગ્રત રહો;
નવા સંસ્કારોનું મધુર ઝરવું ઓજસ વહો:
પરમ પ્રભુ-આદેશ ઉચરો.

મહા હેતુ માટે

મહાસિદ્ધિ માટે અડગ દિલથી અંત મથવું;
ગ્રહીને સંજોગો જગ સકલને શોધી વળવું:
અખૂટ ઊલટે લક્ષ્ય રળવું.

ઊંડા આંતર્નાદે

ઊંચા આશાવાદે યુવકજન હો! રાષ્ટ્ર રચવું;
પુરાતા પાયાના ચણતર મહીં પથ્થર થવું:
અમર ઈતિહાસે ભળી જવું.

શ્રી દેશળજી પરમારે એ સમયમાં યુવાન જનતા માટે 'ઉદ્બોધ-કાવ્યો'નો જે એક વિશિષ્ટ કવિતાપ્રકાર ખીલવ્યો તેમાં સૌથી જાણીતું થએલું એમનું કાવ્ય આજે ફરીથી ઉતારીએ છીએ.



નર્તકી



શૃંગાર



વીંછીનો ડંખ

ગુજરાતનું મૂર્તિશિલ્પ

કલાકાર શ્રી યજ્ઞેશ્વર શુક્લનાં આલેખેલાં તેનાં થોડાં રેખાચિત્રો

મુસ્લિમ કાળ સિવાય હિંદના સર્વ સમયનાં, સર્વ પ્રાંતનાં, સર્વ પ્રકારનાં સ્થાપત્યોમાં, મુખ્ય દેવપ્રતિમા ઉપરાંત સુશોભન તરીકે પણ સર્વત્ર મૂર્તિશિલ્પ નિર્વિવાદપણે તેમજ મબલખપણે રહેતું આવ્યું છે. (મઝહબના મનાઈને લીધે મુસ્લિમ સમયમાં તેનું સ્થાન ભૌમિતિક તેમજ બીજી ફૂલવેલની શોભનલીલાએ લીધું.) તેમાં યે દેવમંદિરો જેવાં વિશાળ જનસંપર્કનાં સ્થાનો કે જ્યાં ગરીબ તવંગર સૌ સમાન અધિકારથી આવી શકે ત્યાં તો સવિશેષપણે શિલ્પકલાનો આ પ્રસાદ લોકસંગ્રહ કાજે રજૂ થયો છે.

ગુજરાતનું હિંદુ, જૈન અને મુસ્લિમ સ્થાપત્ય હિંદમાં પોતાનો અનોખો જ પ્રકાર ધરાવે છે. (તેનું મુસ્લિમ સ્થાપત્ય પણ હિંદુ ભૂમિકા ઉપર ને મોટે ભાગે હિંદુ અસરવાળું છે, કેમકે તેના બાંધનાર હિંદુ પરંપરામાં તાલીમ પામેલા સ્થપતિઓ જ હતા.) પરંતુ બીજાં બધાં સ્થાનો કરતાં હિંદુ ને જૈન મંદિરોમાં એમણે વિવિધ શિલ્પમૂર્તિઓમાં માનવ-આકૃતિની વૈવિધ્યભરી અંગસ્થિતિની ખૂબ લીલા દાખવી છે. તેમાં યે અલ્પાચ્છાદિત સ્ત્રી-દેહની ક્ષણેક્ષણે પલટા લેતી માયાવી વિલોલતાને એમનાં કુશળ ટાંકણાંઓએ જે સાકાર કરી છે તે અદ્ભુત છે.

ગુજરાતમાં અમદાવાદ તો એનાં રૂપસુંદર સ્થાપત્યો માટે હિંદ ઉપરાંત દેશવિદેશમાં પણ જાણીતું છે; અને છેક ગઈ સદીના પૂર્વાર્ધમાં આશરે સો વરસ પર બંધાએલા હઠીસિંહના જૈન મંદિર સુધી નારીદેહના લાવણ્યની એ લીલાઓ શિલ્પમૂર્તિઓમાં કંડારેલી જોવા મળે છે પ્રેમચંદ સલાટ નામના સ્થપતિ પાસે શેઠ હઠીસિંહે જૈનોના ૧૫મા તીર્થંકર ધર્મનાથની સેવામાં બંધાવેલું એ મંદિર પ્રાચીન ભારતીય પરંપરા પર નવનિર્માણ પામેલા ને આબુના ૧૧મી સદીના શિલ્પની યાદ આપતા જૈન સ્થાપત્યનો છેલ્લો અવશેષ છે. ફરગ્યુસન જેવા કલાવિવેચકોએ તેની બાંધણીનાં મુક્ત કંઠે વખાણ કર્યાં છે, ને તેની શિલ્પમૂર્તિઓમાં પરંપરા ઘસાતી જણાતી હોવા છતાં પણ એની વૈવિધ્ય-સમૃદ્ધિમાં જરા પણ ઊણપ આવી નથી. બહારના મંડપના મહોરાઓ પરના ગોખોમાં, મુખ્ય મંદિરના થાંભલાઓના ટોડલાઓ ઉપર તેમજ ઉપલા વિમાનનાં બધાં પડખાંઓ તથા ખૂણાઓ પર છુટ્ટે હાથે વેરેલી અપ્સરાઓ, નર્તકીઓ, વાદ્યધારિણીઓ તેમજ ગૃહજીવનની વિવિધ લીલાઓ દાખવતાં નારીપાત્રોમાં સ્ત્રીદેહના સૌંદર્યની શાલીનતા તેના પૂર બહારમાં જોવા મળે છે. નમણી શુકનાસિકાઓ, કાન સુધી લંબાતી નેત્રરેખાઓ, પુષ્ટ યૌવનભર્યાં વક્ષપ્રદેશ અને કદલીદલ જેવાં અંગાંગવાળી એ અંગનાઓઓના વિવિધ દેહવિન્યાસ ઉપરાંત તે સમયના પોશાક, અલંકારો, કેશગુંફનની કલા, અને ઊડતાં ઉત્તરીય સૌંદર્યની એક સૃષ્ટિ ખડી કરી દે છે. તેનો અલ્પ આસ્વાદ આપવા માટે શ્રી યજ્ઞેશ્વર શુક્લે કરેલા તેના સંખ્યાબંધ સ્કેચ પૈકી એક આ અંકના પૂઠા ઉપર ને થોડા અહીં તથા સામેના પાના પર ઉતાર્યાં છે. [કલાકારે જ અંગ્રેજીમાં લખેલી નોંધના આધારે]



અપ્સરા



શુકસુંદરી



ઢાલ-કટાર



મોહના



ખડ્ગ-પદ્મા



હાર-સિંગાર



સરોદસુંદરી



ત્રિભંગ

ગરુડના કાકાની વાત (અનુસંધાન પૃ. ૪૨૫થી)

માં ગૌતમબુદ્ધ તરીકે અવતાર લઇશ. પરંતુ કલિનો પ્રભાવ તો એવો હશે કે પહેલાંના યુગોમાં મેં પ્રવર્તાવેલા ધર્મો કાંઇક અંશે ય ચાલુ રહેશે, પણ કલિમાં પ્રવર્તાવેલો અહિંસાધર્મ તો એની આ જન્મ-ભૂમિ ભારતવર્ષમાંથી જ અદૃશ્ય થશે ને બીજા દેશોમાં પ્રવર્તશે. કલિના સંતાપ એવા હશે કે લોકોને વર્તમાન મૂકીને ભૂત-ભવિષ્ય જાણવાનું મન થશે. એમને સંતોષવા માટે જ્યોતિષ નામની વિદ્યા ઉદ્ભવશે. પરંતુ હે ગરુડ, આજે તેં પ્રત્યક્ષ જોયું કે અમે દેવો પણ કેટલું જાણીએ છીએ? માટે વિશ્વનાં પ્રાણીઓને, શું થવાનું છે એનો વિચાર કર્યા વિના પોતાનું કર્તવ્ય કરવાનો મારો સંદેશ કહેજે :

लाभं च हानिं च जनिं मृतिं च वित्तं च नृणां पुरुषस्य भाग्यम् ।
अवर्षणं चाप्यतिवर्षणं च देवो न जानाति कुतो मनुष्यः ॥'

આ પછી સુરશ્રેષ્ઠો સ્વસ્થાને ગયા અને ગરુડજી કાકીને દિલાસો આપવા ગયા.

રખડપટ્ટીશંકર ભીંડાશંકર

ટિકિટજગત નામનું ટિકિટ-સંગ્રાહકોને ઉપયોગી લખાણોવાળું માસિક, જાણીતા ટિકિટ-સંગ્રાહક શ્રી હરિલાલ બૅંકર તરફથી થોડા વખત પર નીકળતું હતું. તેના પ્રકટ થએલા આઠ અંકો પૈકી નં. ૨ સિવાયના બીજા ૭ અંક (૧, ૩, ૪, ૫, ૬, ૭, ૮) હજુ મળી શકે છે અને સામટા ખરીદનારને માત્ર બે રૂપિયામાં (પોસ્ટેજ માફ) મળશે. ઈચ્છુકે નીચેને સરનામે બે રૂપિયાનો મની ઑર્ડર કરવો :

શ્રી હરિલાલ બૅંકર, સુરેન્દ્રનગર (સૌરાષ્ટ્ર).





ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ જુઓ પાછલા પૂંઠા પર

પૃ. ૪૨૫ ઉપરની રહસ્યકથાનો ખુલાસો

કેખુશરોએ કહ્યું એ પ્રમાણે બેડરૂમનાં બારણાં અંદરથી બંધ કરીને મરનારે આપઘાત કર્યો હોય તો બારણાંની અંદરની મૂઠ તેમણે પકડવી જ પડે; જ્યારે ફિંગર-પ્રિન્ટ-નિષ્ણાતની તપાસમાં એ મૂઠ પર તો કોઈનાં જ આંગળાંની છાપ જણાઈ ન હતી; માત્ર બહારની મૂઠ અને ચાવી પર જ છાપ હતી. અને આ હકીકતે ચાડી ખાધી કે કેખુશરો જૂઠું બોલી પોતાનો ગુનો છુપાવે છે. બબરચીએ મોઢે એનું નામ પહેલી વાર કાને પડતાં જ દીક્ષિતને થોડા વખત ઉપર ઍન્ટી-કરપ્શન ખાતા તરફથી આવેલા એક ખાનગી રીપોર્ટમાં, જંગી દાણચોરી અને કાળા બજારને અંગે મોટી લાંચ આપવા બાબતમાં કેખુશરોનું નામ જણાવ્યું, મૂકેલું તે યાદ આવેલું. એટલે ત્યારથી જ તેને વહેમ પડેલો. પછી તો કેસ ચાલતાં જણાયું કે જહાંગીરજી ખાનગીરીતે કેખુશરો સાથે એ ધંધામાં સામેલ હતા, પરંતુ પાછળથી જહાંગીરજીનું પાપભીરુ બનેલું મન ભાંગી પડ્યું અને એ ગભરાઈ ગએલા. સોલીને આ વાતની પાકી નફરત હતી, અને તેની સાથેની એ બાબતની ચર્ચા પરથી એમને ડર લાગેલો કે કદાચ સોલી વહેલોમોડો આ ભંડો ફોડી નાખે. આથી તેઓ બધી કબૂલાત પોલીસ સમક્ષ કરી નાખીને એ ધંધો છોડવા તૈયાર થયા હતા. જો આમ થાય તો કેખુશરો ફસાઈ પડે. એટલે જ્યારે જહાંગીરજી તીજોરીમાંથી કાગળો કાઢતા હતા ત્યારે એણે જહાંગીરજીની પિસ્તોલ વડે જ જહાંગીરજીનું ખૂન કરી, રિવૉલ્વર એમના હાથમાં પકડાવી, ઓરડાની બહાર નીકળીને ચાવી મારી દીધી હતી. પછી જ્યારે તેઓ ત્રણે ઉપર ચડીને બારી વાટે અંદર પેઠા ત્યારે ચાવી લાશની બાજુમાં સરકાવી દેવામાં કંઇ બહુ મોટી વાત ન હતી. એના ગજવામાંથી મળી આવેલા ગ્લવ (હાથમોજું) પરથી દીક્ષિતને પુરાવો મળી ગયો કે રિવૉલ્વર ઉપર કે બહારથી ચાવી મારીને બારણું બંધ કરતાં ચાવી કે મૂઠ કશા ઉપર પોતાનાં આંગળાંની નિશાની ન પડે તેની અગમચેતી રાખવાનું પણ એ ભૂલ્યો ન હતો. (અંગ્રેજીને આધારે)

'આ...પ...ણે'

તા. ૬ઠ્ઠી (નવેમ્બર)ની રાત્રે (અમારી સ્ટીમર ઉપર) બધા દેશના વિદ્યાર્થીઓનું 'કૅમ્પ ફાયર' ગોઠવ્યું હતું. અમેરિકનો, જર્મનો, તુર્કીઓ, બધાએ ખૂબ સરસ કોરસ આપ્યા. હિંદીઓનો સ્વભાવ અહીં જણાયો. અમારા ચાર જણ સિવાય કોઈ ત્યાં આવેલા જ નહિ—કુલ ૨૬ હિંદીઓ હોવા છતાં. કેટલાક તો ગાઈ પણ શકે તેવા હતા. તેમને જઇને આવવા કહ્યું ત્યારે 'કોણ ઑર્ગેનાઇઝર છે? અમને કોઇએ જણાવ્યું નથી' એવા પ્રશ્નો કરી બેદરકારી બતાવી અને ગપ્પાં માર્યાં કર્યાં. આ બાજુ બધાનો કાર્યક્રમ પૂરો થતાં જ 'હિંદીઓ ...હિંદીઓ' કહીને બધા વિદ્યાર્થીઓએ બૂમો પાડવા માંડી. છેવટે અમે, સારું ગાઇ શકતા નથી અને સારું ગાઇ શકે તેવા બીજા ભાઈઓ 'સી-સિક' છે એવી પ્રસ્તાવના કરીને 'જનગણમન' અને 'સારે જહાં સે અચ્છા' સમૂહમાં ગાયાં. જોકે તેનો પણ તે લોકોએ સ્વીકાર કર્યો અને ખૂબ સારું ગણ્યું. સૌથી વધારે સારી છાપ જર્મનોની પડી. ગીતોમાં તો અમેરિકનોને પણ તે લોકોએ પાછળ પાડી દીધા. તેમાં એક પણ રાષ્ટ્રીય ગીત ન હોવા છતાં પણ તેમણે ગાએલું એકેએક લોકગીત ઉલ્લાસ અને ઉત્સાહથી ભરેલું હતું. હારેલી પ્રજા કહીએ, છતાં દરેક જણનો ચહેરો ચમકતો હતો. ગાવામાં શિસ્ત અને મેળ એટલાં સુંદર કે ૫૦ ગળાંમાંથી એકે જણ છૂટું ન પડે. અવાજ એટલો બધા કેળવાએલા કે વાજિંત્રના સાથની જરૂર જ ન પડે. દરેક જણ જર્મનીના જુદાજુદા પ્રાંતમાંથી આવતું હોવા છતાં બધા જ ભાગ લઇ શકે તેવાં સર્વત્ર જાણીતાં અને પ્રચલિત સમૂહગીતો તેમની પાસે છે અને તેની અગત્ય અમને ત્યારે જ સમજાઈ, અને બધા જ ગાઈ શકે એવાં સમૂહગીતોની ખામી સાલી. આપણને જાણીતી એવી શાળાઓના આચાર્યોને આ વાત જણાવવા જેવી છે. ખરી રીતે કેળવણી ખાતા તરફથી સરસ, જોરદાર કોરસ-ગીતોનો પ્રચાર થવો જોઇએ.' (ભાઈ કનક રવિશંકર રાવળના અમેરિકાના એક પત્રમાંથી)





કદી આકાશ બદલે છે, કદી પાતાલ બદલે છે,
દિશાઓ તો દિશાઓ, ખુદ અહીં દિક્પાલ બદલે છે!
દિવસ બદલાય છે નિત, સાલ પણ હરસાલ બદલે છે,
નવાઈ છે અમારો કોઇ દિ' ના હાલ બદલે છે!
તને કોણે કહી દીધું, 'મરણની બાદ મુક્તિ છે?'
રહે છે કેદ એની એ, ફક્ત દીવાલ બદલે છે!

(એ ઘડી મોજ) —અમૃત ઘાયલ

અમેરિકાના નવા પ્રમુખ: ડ્વાઇટ ડેવિડ આઇઝનહોવર

આપણે ત્યાં જેમ કૉંગ્રેસ અને બીજા પક્ષો છે, તેમ અમેરિકામાં 'ડેમૉક્રૅટિક' અને 'રીપબ્લિકન' નામના બે મુખ્ય રાજકીય પક્ષો છે, અને દરેક ચૂંટણી વખતે એ બંને પક્ષો વચ્ચે જબરો ગજગ્રાહ ચાલે છે. છેલ્લાં વીસ વરસથી અમેરિકામાં ડેમૉક્રૅટિક પક્ષ સત્તા પર હતો અને રૂઝવેલ્ટ તથા ટ્રુમેન જેવા એના ઉમેદવારો તરીકે પ્રમુખ થએલા. એ પક્ષે વિશાળ આંતરરાષ્ટ્રીય દૃષ્ટિબિંદુ રાખીને દુનિયાના ઘણા દેશો સાથે સહકાર અને સહાયના સંબંધો રાખી, પ્રગતિમાન રાષ્ટ્ર તરીકે દુનિયાનું ધ્યાન ખેંચ્યું છે. રીપબ્લિકન પક્ષમાં ધનપતિઓ ને રૂઢિચુસ્ત માન્યતાવાળો વર્ગ વિશેષ છે અને તે માત્ર પોતાના ઘરઆંગણાના જ પ્રશ્નોમાં વધુ ધ્યાન આપવાના મતનો છે. છતાં અત્યારના પ્રગતિમાન વાતાવરણમાં એ જ પક્ષના નેતા તરીકે જનરલ આઇઝનહોવર ચુંટાઈ આવ્યા એથી દુનિયામાં આશ્ચર્ય ફેલાયું છે. પણ આ વિજય એ આઇઝનહોવરનો અંગત વિજય છે; કેમકે ગયા મહાયુદ્ધમાં મિત્રરાજ્યોના વિજય માટે વીરમૂર્તિ તરીકે એને જનતાએ વધાવેલો. એ સિપેહસાલારે પોતાના પક્ષ તરફથી માગણી થતાં સઘળી મિત્રમહાસત્તાઓના સરસેનાપતિનું ઉજ્જવલ કારકિર્દીવાળું પદ છોડી ચૂંટણીજંગમાં ઝુકાવ્યું અને તે વિજયી થયો.

આ સૈકાના પ્રારંભકાળમાં આઇઝનહોવર નામે ઓળખાતા એક અમેરિકન કુટુંબના છ મહત્ત્વાકાંક્ષી કિશોરો કુટુંબની આછીપાતળી આવકમાં ઉમેરો કરવા જાતજાતનાં મજૂરીનાં કામ કરતા હતા. એમાંના જે આજે હયાત છે એ પાંચે આઇઝનહોવર બંધુઓએ, વરસોના સખત પરિશ્રમ પછી વકીલાત, દાક્તરી અને બીજાં ક્ષેત્રોમાં નામના કાઢી છે. પણ એમાં સૌથી વધુ ખ્યાતનામ ડ્વાઈટ આઈઝનહોવર અમેરિકન લશ્કરમાં જનરલના ઓદ્ધા સુધી પહોંચ્યા અને આજે રીપબ્લિકન પક્ષ તરફથી એ મહાન દેશના પ્રમુખ તરીકે ચુંટાઇ આવ્યા છે.



નવા પ્રમુખ આઇઝનહોવર

'આઈક'ના ટૂંકા નામે લોકપ્રિય થએલા, કુલ સાત ભાઈઓમાંના ત્રીજા, એ ડ્વાઇટ ડેવિડ આઇઝનહોવરનો જન્મ, અમેરિકાના ટેક્સાસ પરગણાના ડેનિસન નામે ગામમાં, ઈ. ૧૮૯૦ની ૧૪મી ઑક્ટોબરે થએલો. પિતા, ગામની એક માખણ-પનીરની દુકાનમાં નોકરી કરતા. કુટુંબના ખર્ચને પહોંચી વળવા એમણે પોતાની ત્રણ એકર જમીન છોકરાઓમાં વહેંચી દીધી. જેમાં તેઓ શાળા સિવાયના સમયમાં કામ કરી તેમાંથી ઉત્પન્ન થતી શાકભાજીની ફેરી કરીને તથા જાતમહેનતનાં બીજાં વિવિધ કામો કરીને ઘરની આવકમાં ઉમેરો કરતા. આ કમાણીમાંથી બચત ભાગ્યે જ થતી અને ઘણી વાર તો સાંધેલાં કપડાં ને ફાટેલાં પગરખાં પહેરવાં પડતાં. વળી

આસપાસનાં પંખી [૮૨]

કુલાં (Gull)



આ પણે ત્યાં શિયાળો ગાળવા આવતા અનેક પરદેશી પંખીઓ જોઉં આવનાર, દરિયાની સુઘરાઈના આ સેવકો કુલાંને આપણે કલાં કે વેળિયાંને નામે પણ ઓળખીએ છીએ. પાણીમાં તેઓ ડૂબકી મારી શકતાં ન હોઈ, પાણી પર તરતો અને ખાઈ શકાય તેવો બધો કચરો તેઓને ખપે. ઊડતાં એમને મુદ્દલે થાક નહિ, એટલે મોટી નદીઓ પર કે બંદરકાંઠે કિનારાથી ઘણે દૂર સુધી પણ તે જોવા મળે. વહાણ કે હોડીઓ સાફ થતાં બહાર ફેંકાતા કચરા ને સડેલાં માછલાં વગેરે પર તેમનો નિભાવ થતો હોઇને એવાં સ્થળે તો દક્ષિણમાં છેક ત્રાવણકોર સુધી તે જોવા મળે છે. મોટી નદીઓને કાંઠે જળાશયાં, છીછરાં અને કુણું ઘાસ ખાતાં પણ તે દેખાય.

ઑગસ્ટ-સપ્ટેમ્બરથી અહીં આવવા માંડતાં આ પંખીનો વર્ણ, આ ઋતુમાં તો, માથું, ગરદન, પૂંછડી અને હેઠળનો સઘળો ભાગ સફેદ; આંખ ને કાન પાસે નાનો બીજચંદ્રાકાર તપખીરી ડાઘ; પીઠ અને પાંખો મોતિયા રાખોડી; પણ ઉનાળે ગરદનના ઉપલા ભાગ સાથે આખું મસ્તક ઘેરા તપખીરી રંગે રંગાઈ જાય. આંખની કીકી ઘેરી બદામી. ને આંખ ફરતી એક ઝીણી કિનારી. ચાંચ, ને જોડાએલાં આંગળાંવાળા પગ લાલ. ચાંચ ઉપલે ભાગે છેડેથી વળેલી. પાંખો મોટી. શિયાળામાં આપણે ત્યાં હોય છે ત્યારે તેની આંખ આગળના ટપકાથી તથા પાંખના છેડા પરની શ્વેત કિનારીથી તે ઝટ વરતાઈ આવે છે.

એપ્રિલ સુધી આપણે ત્યાં રોકાઈ તે પાછાં ફરવા માંડે છે અને છેક યુરોપમાં જઇ, ત્યાં પાણી નજીક વનસ્પતિના રેસાઓ વગેરેનો માળો બાંધી, તેમાં એક છેડે સહેજ અણિયાળાં થતાં, પહોળાં, રાખોડી કે તપખીરી રંગનાં, ને તે પર ઘેરી બદામી કે જાંબુડી છાંટચીતરામણવાળાં બેથી ચાર ઇંડાં મૂકે છે.

ઘરમાં એકે પુત્રી ન હોવાથી કચરોપૂંજો કાઢવાનું, પથારીઓ કરવાનું, કપડાં ધોવાનું તથા રસોઈ-પાણીનું ઘરકામ પણ એમને કરવું પડતું. ઉપરાંત, ઘરમાં પૈસા ખૂટી જતા ત્યારે મજૂરીએ પણ જવું પડતું.

અત્યંત સામાન્ય ઘરમાં જન્મેલા આ છ છોકરાઓ કડક ધાર્મિક વાતાવરણમાં ઊછર્યા હતા. સ્વિસ અને જર્મન વંશમાં જન્મેલાં એમનાં માતાપિતા પાસેથી તેમને શક્તિ, આકાંક્ષા ને વિદ્યાપ્રાપ્તિની તમન્ના વારસામાં મળી હતી. અને સખત પરિશ્રમ, પ્રામાણિકતા તથા અડગ નિરધારથી માણસ સફળતાને વરે છે એ અમેરિકન પ્રણાલિકાને તેમણે સાચી ઠેરવી છે. એ પાંચે ભાઈઓની સિદ્ધિઓ આ રહી : સૌથી મોટા આર્થર એક મોટી બૅંકના ઉપપ્રમુખ છે; બીજા ભાઈ એડગર સફળ કાયદાશાસ્ત્રી છે; ત્રીજા ડ્વાઈટ ડી. આજે રીપબ્લિકન પક્ષ તરફથી પ્રમુખ થયા છે; ચોથા અર્લ ઇજનેર છે; અને સૌથી નાના મિલ્ટન અમેરિકન સરકારમાં એક ઊંચા ઓદ્ધેદાર છે તથા પેન્સિલ્વાનિયા રાજ્યની કૉલેજના પ્રમુખ છે. છઠ્ઠા ભાઈ રૉય દવાની એક મોટી દુકાનના માલિક હતા. ૧૯૪૨માં એમનું અવસાન થયું.

દીકરાઓની કૉલેજ જવાની ઉમરે પણ ઘરમાં પૈસા તો હતા જ નહિ, એટલે ૧૯૦૯માં શાળા છોડયા બાદ ડ્વાઈટ અને એડગરે એકબીજાનો શિક્ષણનો ખર્ચ કાઢવા માટે આંતરે વરસે વારાફરતી કમાવાનો નિર્ણય કર્યો. એડગરે કાયદા-શાળામાં પ્રવેશ લીધો અને ડ્વાઇટે એમના પિતા કામ કરતા હતા તે માખણ-પનીરની દુકાનમાં રાતપાળીની નોકરી લીધી. તેજસ્વી વિદ્યાર્થી તરીકે એનો પ્રિય વિષય ઇતિહાસ હતો, અને મહાન લશ્કરી તથા નૌકાસેનાપતિઓનાં ચરિત્રો વાંચીને એણે પણ એ માર્ગે દેશસેવા કરવાનો નિર્ણય કર્યો હતો. એની ઇચ્છા તો નૌકાદળમાં જોડાવાની હતી, પરંતુ ઉમર વટી જવાને કારણે તેમાં તેને પ્રવેશ મળી શક્યો નહિ. અંતે ઈ. ૧૯૧૧માં લશ્કરી શાળામાં તેણે પ્રવેશ મેળવ્યો. હવે એડગર માટે કામ કરવાના પોતાના નિર્ણયને એણે પડતો મૂકવો પડ્યો. લશ્કરી શાળામાંથી સ્નાતક તરીકેની પદવી મેળવી ૧૯૧૫માં તો તે સેકંડ લેફ્ટેનન્ટ બન્યા; અને ૧૯૧૬ની પહેલી જુલાઇએ, સાન ઍન્ટોનિયો ગામની મેમ ડાઉડ નામની યુવતી સાથે લગ્ન કર્યા એ જ દિવસે, એમને ફર્સ્ટ લેફ્ટેનન્ટની પદવી મળી. ત્યારથી છેક ૧૯૪૧ સુધી તેમણે અમેરિકાના લશ્કરમાં જુદીજુદી જગ્યાઓ સંભાળી. બે વિગ્રહ વચ્ચેનાં શાંત વરસોમાં પણ તે અનુસ્નાતક લશ્કરી શાળામાં નિયમિત હાજરી આપતા હતા. એમનો આરામનો—ફુરસદનો સમય તેઓ અભ્યાસમાં ગાળતા હતા. તેઓ ખૂબ વાંચે છે અને અસાધારણ સ્મરણશક્તિ ધરાવે છે. તરુણ વયે તેઓ અચ્છા ખેલાડી હતા. ફૂટબૉલ રમતાં તેમનો એક પગ ભાંગ્યો હતો, ને એ હાડકું હજી બરાબર બેઠું નહિ ત્યાં તો ઘોડેસવારી કરતાં ફરી પાછું હાડકું ભાંગેલું! ટૅંકયુદ્ધની કલામાં તેઓ નિષ્ણાત છે, પરંતુ વિમાન-ઉડ્ડયન અંગે ઘણા ઉત્સાહી હતા, એટલે ૪૭ વર્ષની વયે તેઓ 'પાયલોટ' બન્યા ને બીજું વિશ્વયુદ્ધ આવ્યું ત્યાં સુધીમાં તો એમણે સર્વ પ્રકારની તાલીમ મેળવી લીધેલી.

પર્લ હાર્બર પર જાપાનનો હુમલો થયો ત્યાર પછી પાંચ દિવસે, યુદ્ધ ખાતાએ બ્રિગેડિયર જનરલ આઇઝનહોવરને 'વૉર પ્લૅન્સ ડિવિઝન' સંભાળવા માટે વૉશિંગ્ટન બોલાવ્યા. તમામ લશ્કરી મોરચાઓ માટે વ્યૂહો નક્કી કરતો એ વિભાગ છ મહિના સુધી એમણે સંભાળ્યો અને ૧૯૪૨ના જૂનમાં એ યુરોપનો લશ્કરી મોરચો સંભાળવા ગયા.

ત્યાર પછીના મહિનાઓમાં આઈઝનહોવરે ઉત્તર આફ્રિકા, સિસિલી, ઇટાલી અને છેવટે નૉર્મન્ડીમાં સેનાઓને દોરી. નૉર્મન્ડીમાં થઇને એમણે પોતાનાં દળોને નાઝી દળોની શરણાગતિના સમય સુધી ફ્રાન્સ અને જર્મનીમાં દોર્યાં હતાં. સાથી દળોના સર્વોચ્ચ સેનાપતિ તરીકે દૂરંદેશી અને વહીવટી શક્તિ વાપરીને એમણે બારેક જેટલાં રાષ્ટ્રોના સૈનિકોને એક તાંતણે બાંધી અંતે વિજય હાંસલ કર્યો હતો.

૧૯૪૩માં તેઓ જનરલ બન્યા. બીજે વર્ષે અમેરિકન લશ્કરનું સર્વોચ્ચ પદ 'જનરલ ઑવ ધ આર્મી' એમણે પ્રાપ્ત કર્યું. ૧૯૪૫ની ૭મી મેએ નાઝી દળો શરણે થયાં ત્યાર પછી જર્મનીમાંનાં અમેરિકન કબજાદળોના તેઓ વડા હતા. એ જ વર્ષના નવેમ્બર માસમાં 'આર્મી ઑવ સ્ટાફ'નો ઓદ્ધો સંભાળવા તેમને વૉશિંગ્ટન બોલાવવામાં આવ્યા, ને પછી કોલંબિયા યુનિવર્સિટીનું પ્રમુખપદ સ્વીકારવા માટે ૧૯૪૮માં એમણે એ ઓદ્ધાનું રાજીનામું આપી દીધું. વિશ્વશાંતિ સ્થાપવા માટે શાળાઓ જ ખરું કાર્યક્ષેત્ર છે એમ તેઓ માનતા હોઈ એ પદેથી એમણે વિવિધ નવા અભ્યાસક્રમો દાખલ કર્યા હતા.

૧૯૫૦ના ડિસેમ્બરથી શરૂ કરીને દોઢ વરસ સુધી યુરોપમાંનાં સાથી દળોના સરસેનાપતિ તરીકે તેઓ 'ઉત્તર આટલાંટિક કરાર-સંસ્થા' (નાટો)નાં રાષ્ટ્રોનાં સૈન્યોને કોઇ પણ ભાવિ આક્રમણ સામે ટકવા માટે એકત્રિત કરી રહ્યા હતા. ૧૯૫૨ની પહેલી જૂને તેમણે યુરોપ ખાતેના વરિષ્ઠ સેનાપતિ તરીકેના સ્થાન ઉપરથી રાજીનામું આપ્યું અને ૩જી જૂને પોતાની લશ્કરી કારકિર્દીનો વિધિસર ત્યાગ કર્યો. એમણે પોતાની પ્રૌઢ વયનો મોટો ભાગ દૂરપૂર્વના દેશો, યુરોપ અને પનામા ખાતે લશ્કરી સેવામાં ગાળ્યો છે. આમ છતાં જેઓ તેમના નિયમિત સંપર્કમાં આવ્યા છે તેઓ એમને 'રાજકીય સેનાપતિ' તરીકે ઓળખાવે છે, કેમકે યુરોપમાં સરસેનાપતિ-પદે રહીને એમને એકીસાથે મુત્સદ્દી અને સેનાપતિ તરીકે કામ કરવું પડતું હતું.

છતાં એ જાણીને નવાઈ લાગશે કે ગયા મહાયુદ્ધનો આ વિજયી વીર યુદ્ધને ધિક્કારે છે. તે એક એવા કુટુંબમાં જન્મ્યા છે જેને લશ્કરવાદ પ્રત્યે ચીડ હતી. એમના દાદા જૅકબ આઇઝનહોવર પ્રખર શાંતિવાદી પાદરી હતા. એમનાં માબાપ પણ ધાર્મિક દૃષ્ટિએ યુદ્ધના વિરોધી હતાં, અને ૧૧ વર્ષની વયે જ્યારે દીકરે જાહેર કર્યું કે 'હું તો લશ્કરી નોકરીમાં જોડાવાનો છું' ત્યારે તેઓ આશ્ચર્યમાં પડી ગએલાં. પણ દીકરાના આ નિર્ણયને માબાપે માન આપ્યું.

તેઓ માને છે કે લાંબા ગાળે, અણુશસ્ત્રોના નિયંત્રણ સહિત અસરકારક આંતરરાષ્ટ્રીય નિઃશસ્ત્રીકરણ માટે અને સંયુક્ત રાષ્ટ્ર-સંસ્થાના પોલીસદળની સ્થાપના માટે નક્કર પગલાં ભરવાં જોઇશે. ન્યાય, સ્વાતંત્ર્ય ને આર્થિક તકો તમામ માનવીઓને મળે એ માટે આંતરરાષ્ટ્રીય સહકારની ભાવના વિકસાવવી જોઇએ એમ તેઓ માને છે. એકાગ્રચિત્ત બનાવવાની એમનામાં જબ્બર શક્તિ છે. લશ્કરી સમસ્યા હોય, કે બ્રિજની યા ગૉલ્ફની રમત હોય, ગમે તે પરિસ્થિતિમાં તે એકાગ્રચિત્ત બની શકે છે. વળી તેઓ ઉચ્ચ કક્ષાના વક્તા છે અને એમનું વ્યક્તિત્વ પણ આકર્ષક છે.

અજબ આંકડાભેદુ મહેન્દ્રકુમાર નરસિંહભાઈ પટેલ

જે કદાચ લખવામાં પણ આપણે ભૂલ કરી બેસીએ એવી લાંબીલચ રકમોના ગુણાકાર-ભાગાકાર, સ્લેટ કે કાગળ-પેન્સિલની મદદ વિના, કેવળ ગણતરીની પળોમાં જ ગણી આપનાર આંકડાભેદુ મહેન્દ્ર વિષે છાપાંમાં ઘણાંએ વાંચ્યું હશે.

આંકડા પર આવો જાદુમય કાબૂ ધરાવનાર ભાઇ મહેન્દ્રકુમાર નરસિંહભાઈ પટેલ નડિયાદ પાસેના ડભાણ ગામના વતની છે. પિતા આફ્રિકાની એક માધ્યમિક શાળામાં શિક્ષક છે. હજી હમણાં ૧૯૪૮માં જ આણંદની દાદાભાઇ નવરોજી હાઈસ્કૂલમાંથી માત્ર ચૌદ વર્ષની વયે તેમણે મુંબાઈ યુનિવર્સિટીની મૅટ્રિકની પરીક્ષા ૪૩,૬૪૫

વિદ્યાર્થીઓમાં ત્રીજે નંબરે આવીને પાસ કરી છે. તેમાં યે ગણિતમાં તો ૨૦૦માંથી ૧૯૯ ગુણ મેળવી એ વિષયમાં તે પ્રથમ આવેલા.



આજે તે પૂનામાં એન્જીનીઅરિંગના જ્યુનિયર બી.ઈ.ના વર્ગમાં છે.

પ્રકૃતિએ શરમાળ અને નરમ સ્વભાવના મહેન્દ્રે માત્ર ગણિતમાં જ નહિ, પરંતુ જે જે વિષયો પોતે શીખ્યા તે બધામાં ધારી સફળતા મેળવી છે. પોતાની શક્તિનું પણ એમને પૂરેપૂરું ભાન છે. મૅટ્રિકમાં પ્રથમ દિવસે જ્યારે વર્ગમાં સૌ વિદ્યાર્થીઓની મહત્ત્વાકાંક્ષા વિષે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે મૅટ્રિકમાં પહેલે-બીજે નંબરે પાસ થવાની જ ઈચ્છા વ્યક્ત કરેલી. અને એ સિદ્ધિની કેટલા નજીક તે આવ્યા !

આંકડા પર કાબૂ મેળવવાની લગની એમને દક્ષિણ હિંદનાં કુ૦ શકુન્તલાના ઉદાહરણ પરથી લાગી; અને પછી માત્ર ૨૫-૩૦ કલાકના પરિશ્રમમાં જ તેમણે પોતાની આ શક્તિ વિકસાવી. પરિણામે આજે હવે ૧,૯૯,૦૨,૫૧૧ જેવી મોટી રકમનું ઘનમૂળ ૨૭૧ છે એમ બે સેકંડમાં જ તે કહી દે છે. ૯૫૨૮૦૯૭૫૭૯૧૩૯૨૯નું અગિયારમું મૂળ ૨૩ છે એમ પૂનાના વિદ્વાનો સમક્ષ તેમણે ફક્ત દસ જ સેકંડમા મનોમન ગણી આપેલું. એ જ વિદ્વાનોએ પૂછેલા $\frac{૧}{૭}$નું દશાંશરૂપ ૦·૧૨૭૬૫૯૫૭૪૪૬૮૦૮૫૧૦૬૩૮૨૯૭૮૭૨૩૪૦૪૨૫૫૩૧૯૧૪૮૯૩૬૧૭૦૨૧ છે એ શોધી કાઢતાં એમને માત્ર પાંચ જ સેકંડ લાગેલી ! જ્યારે આપણને એ વાંચતાં યે કદાચ એથી વધુ સમય લાગે! એથી આગળ જઈ આપણે સાદા વર્ગ ૫^{૨}=૨૫ કાઢીએ છીએ તેમ ૩૨·૫૧ ૨·૩૭૩=૩૮૭૨ એ શોધી કાઢતાં કે એથી અવળું $^{૫}\sqrt{}$૨૮·૩૭=૯૫૩ એમ ગણી કાઢતાં એમને માત્ર દસેક સેકંડ જ લાગે. વળી ૩૫૦૭૩×૪૨૭૬=૧૫૦૮૨૭ ૩૪૮૦માં ખૂટતો આંકડો બે (૨) છે એમ એ પાંચ જ સેકંડમાં કહી દે. ગઈ તા. ૬ઠ્ઠી નવેમ્બરે આણંદની વિદ્યાનગરની કૉલેજના ગણિતશાસ્ત્રના અધ્યાપક ડૉ. વૈદ્ય તથા અન્ય પ્રતિષ્ઠિત વિદ્વાનો સમક્ષ એમણે પોતાની આ અજબ આવડત દેખાડી હતી. પૂનામાં દાખવેલ શક્તિ કરતાં યે અહીં એમણે વધુ ચપળતા બતાવી હતી. ૬૧૩૯૪૯૩૬૪૪૯૧૬૨૪૧ જેવડી સોળ આંકડાની રકમનું વર્ગમૂળ ૭૮૩૫૪૯૨૧ હોવાનો ઉકેલ તેમણે છ મિનિટ ને બાર સેકંડમાં આપેલો! ૧૦૧૫૦૮૭૨૪૫૩૪૮૨૪૦૦૬૪—આ એગણીસ આંકડાની લાંબી રકમનું ઘનમૂળ ૧૦૦૫૦૦૪ હોવાનું એમણે ત્રણ મિનિટ ને પાંત્રીસ સેકંડમાં ગણી આપેલું. આવા કુલ સત્તાવીસ અટપટા દાખલાએ એમને પૂછવામાં આવેલા અને બધાના એમણે સાચા ઉત્તર આપેલા. એમનું કહેવું છે કે તેઓ બધા મોટામોટા ગુણાકાર ભાગાકાર વગેરે આપણી માફક જ ગણે છે પણ તેમની યાદશક્તિની સાદશતા એટલી શક્તિશાળી છે કે એ બધા આંકડાઓ તે યાદ રાખી શકે છે.

—ઈશ્વરભાઈ પટેલ

ગણિતજ્ઞાનના ચમત્કારની ચાવીઓ

ગણિતના જ્ઞાનના પ્રત્યક્ષ ચમત્કારથી પ્રેક્ષકોને આંજી નાખતી વિલક્ષણ શક્તિ કેટલીક ચાવીઓ પર અવલંબેલી હોય છે, એ ન જાણનારને તે જરૂર અદ્ભુત લાગે છે. દાખલા તરીકે છ આંકડાની સંખ્યાનું ઘનમૂળ તુરત કહેવું, એ લાગે છે એટલું મુશ્કેલ નથી. ઘન સંખ્યાના એકમને સ્થાને ૦, ૧, ૪, ૫, ૬ અથવા ૯ એમાંનો કોઇ આંકડો હોય તો ઘનમૂળમાં એકમને સ્થાને એ જ આંકડો આવે છે, અને જો ૨, ૩, ૭ કે ૮, એમાંનો કોઇ આંકડો હોય તો અનુક્રમે ૮, ૭, ૩ અને ૨ એમ અવળા ક્રમમાં આવે છે.

હવે દશમના સ્થાનની વાત: ઘન સંખ્યાના છેલ્લા ત્રણ, એટલે કે એકમ દશમ ને શતમના આંકડા છોડી દઇને બાકી રહેલી સંખ્યામાંથી, ૧ થી ૯ સુધીના આંકડા પૈકી જે વધુમાં વધુ આંકડાનો ઘન બાદ થઇ શકે તે આંકડો ઘનમૂળના દશમને સ્થાને આવે છે.

એક દાખલો લઈએ: ૩૫૭૯૧૧ એ ઘન સંખ્યા છે. તેમાં એકમને સ્થાને ૧ છે, એટલે ઘનમૂળના એકમને સ્થાને તે આંકડો કાયમ રહેશે. હવે છેવટના ત્રણ આંકડા (એકમ, દશમ ને શતમ) છોડતા બાકી ૩૫૭ રહ્યા. તેમાંથી વધુમાં વધુ ૩૪૩ (૭ની ઘનસંખ્યા) બાદ થઈ શકે છે, (૮ની ઘનસંખ્યા ૫૧૨ તેમાંથી બાદ થઇ શકતી નથી,) એટલે જવાબમાં દશમને સ્થાને ૭ આવે. અર્થાત્ પૂછેલી સંખ્યા એ ૭૧ની ઘન સંખ્યા છે, એ એક ક્ષણમાં જ કહી શકાય છે. માત્ર આમાં આપણે ૧ થી ૯ સુધીના આંકડાની ઘનસંખ્યા મોઢે કરી રાખવી જોઇએ તે અનુક્રમે ૧, ૮, ૨૭, ૬૪, ૧૨૫, ૨૧૬, ૩૪૩, ૫૧૨ ને ૭૨૯ છે. આ રકમો મોઢે રાખવાથી ૧ થી ૯૯ સુધીના કોઇ પણ આંકડાની ઘન સંખ્યાનું મૂળ ઉપરની રીતે તુરત કહી શકાશે.

બીજા પ્રયોગોની પણ આવી જ ચાવીઓ હોય છે. (પ્રજાબંધુ)

શિયાળાનું અમૃતફળ જમરૂખ

રાંધેલા કે એવા બીજા આહારો કરતાં ઋતુઋતુના ફળો તંદુરસ્તી માટે વધુ હિતકારી છે. એથી જઠર પર ત્રાસ ઓછો થઇ ફળોનું પાચન વહેલું થાય છે અને શરીરને એટલું વહેલું પોષણ મળે છે. વળી તેમાં રહેલાં તત્ત્વો (જો વિવેકસર ફળ લેવાય તો) નુકસાન નથી કરતાં.

શિયાળાની આ ઋતુમાં આવતાં જામફળ કે જમરૂખ પણ એક ગુણકારી ફળ છે. તેની બે ફસલ હોય છે: શિયાળુ અને ચોમાસુ. બંનેમાં તેનો યોગ્ય લાભ લેવાવો જોઇએ. તેમાંનાં બીને કારણે જામફળ ઓછાં ખવાય છે, કેમકે તે બીનું પાચન નહિ થઈ શકતું હોઇ કવચિત આંત્રપુચ્છમાં ભરાઇ રહી તે ઍપેન્ડિસાઈટિસ પેદા કરે છે. પરંતુ ઓછાં બીવાળું ફળ બરાબર ચાવીને ખાવાથી તે ગુણ જ કરે છે. નરણે કોઠે, મરીમીઠું ભભરાવ્યા વિના જ, છાલ સાથે, મોંએથી સીધેસીધું જ બટકાવી, બરાબર ચાવીને ખાવું એ જમરૂખ ખાવાનો સર્વોત્તમ રસ્તો છે. જમ્યા પછી લેવાય તો યે ઓછામાં ઓછા પાંચેક કલાક બાદ જ તે લેવા. વળી, સહેજ પણ લીલાશ વિનાનું, આછી પીળાશ લેતા સફેદ રંગનું, ને દબાવતાં સહેજ નરમાશવાળું પાકેલું જમરૂખ ખાવું જ સારું છે. તેની બે જાત આવે છે: લાલ ને સફેદ. જોકે છે તો બંને સરખી જ ગુણકારી છતાં લાલ જામફળ વધુ સારાં ગણાય છે.

ગુજરાતમાં ધોળકા તરફનાં જમરૂખ વખણાય છે, પણ પૂના તરફથી આવતાં લંબગોળ ઘાટનાં જમરૂખ વધુ સ્વાદિષ્ટ તથા ઓછાં બીવાળાં હોઈ વધુ સારાં છે.

જમરૂખ ખાવા વિષે એક લોકમાન્યતા છે કે દરેક જામફળમાં તેનાં અનેક બીમાંથી એક બી અમૃત સમાન ગુણકારી હોય છે. આથી ખાનારે ખાવા લીધેલું આખું ફળ પોતે એકલાએ જ ખાવું જોઇએ! કદાચ આ માન્યતાને લીધે જ કેટલાક પ્રદેશમાં તેને 'અમૃત' કહે છે.

જમરૂખનો મોટામાં મોટો ગુણ છે દસ્ત સાફ લાવવાનો. એટલે બંધકોષ કે કબજિયાતવાળાઓએ તો તે અવશ્ય અજમાવવું જોઇએ. પણ તે કફકર હોઇ કફ પ્રકૃતિવાળાને તે માફક નથી આવતાં અને તેના અત્યાહારથી શરદી થવાની પણ માન્યતા છે. આયુર્વેદની દૃષ્ટિએ જમરૂખ ત્રણે દોષને હરનાર, શીતળ, તૂરાં, ઉન્માદનાશક, રૂચિકર, વાતકર અને વીર્યવર્ધક છે. દર ઔંસે તેનામાં ૦·૪૨ ગ્રામ પ્રોટીન,

૦.૦૬ ગ્રામ મેદ, ૪.૨ ગ્રામ કાર્બોહાઈડ્રેટ, ૩.૯ મિલિગ્રામ કૅલ્શિયમ, ૧૨.૦ મિલિગ્રામ ફૉસ્ફરસ અને ૦.૩ મિલિગ્રામ લોહ તથા ૧૯.૫ કૅલરીઝ હોય છે. વિટામિન 'બી' ને 'સી' પણ અલ્પ હોવાનું મનાય છે. આથી જમરૂખ એ આ ઋતુમાં ખાવા જેવું ગુણકારી ફળ છે.

થૅંક્સ ગિવિંગ ડે : અમેરિકાનો એક રાષ્ટ્રીય તહેવાર

વર્ષભરમાં મળેલાં સુખશાંતિ બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે આખા અમેરિકામાં દર નવેમ્બરના ચોથા ગુરુવારે આભાર-દર્શન (થૅંક્સ ગિવિંગ)નો આ તહેવાર ઊજવાય છે. અમેરિકાનો આ રાષ્ટ્રીય કૌટુંબિક તહેવાર છે. ઘણાંખરાં કુટુંબનાં માણસો આ દિવસે ગમે તેમ કરીને પણ ભેગાં થાય છે. એ દિવસે વેપારી પેઢીઓ, દુકાનો અને ઘણાંખરાં રેસ્ટોરાં પણ બંધ રહે છે. અમેરિકનો આ તહેવાર ઘરમાં રહીને અથવા સગાંસંબંધીઓ સાથે ગાળવાનું પસંદ કરે છે. ગામડાંઓમાં તો પડોશી કુટુંબો ભેગાં બેસીને જમે છે, અને મોટે ભાગે બધે જ 'ટર્કી' પક્ષીના વાનગીઓ જ ખવાય છે. આ દિવસે એ 'ટર્કી' પક્ષીનું જ મિષ્ટાન્ન રંધાવા પાછળ પણ ઇતિહાસ છે.

ઈ. સ. ૧૬૨૦ના નવેમ્બર મહિનાના એક દિવસે, આજે મૅસેચ્યુસેટ્સ રાજ્ય તરીકે ઓળખાતા પ્રદેશના અમેરિકન આદિવાસી ઇન્ડિયન લોકોએ, કાંઠા ભણી આવી રહેલા 'મે ફ્લાવર' જહાજના ફરફરતા સઢ જોયા. જહાજે લંગર નાખ્યું એટલે આદિવાસીઓ દોડતાદોડતા પોતાના સરદારોને જાણ કરવા ગયા કે અજાણ્યા ગોરા લોકો આપણા દેશમાં ઊતર્યા છે.

એ મે ફ્લાવર જહાજમાં પુરુષો સ્ત્રીઓ અને બાળકો મળીને ૧૦૨ ઉતારુઓ હતાં. ઇંગ્લંડના ચર્ચ (દેવળ)માંથી ધાર્મિક મતભેદને કારણે છૂટા થઈને ધાર્મિક સ્વાતંત્ર્ય મેળવવા તેઓ નવી દુનિયાની શોધમાં નીકળ્યાં હતાં. ત્રણત્રણ મહિના સુધી ભયંકર તોફાનો ભરેલી દરિયાઈ સફર ખેડ્યા પછી પહેલી જ વાર એમણે કિનારે પગ મૂક્યો ત્યારે ઘણા યાત્રીઓનાં મનમાં અનેક જાતની શંકાઓ હતી. એમની પાછળ અસીમ મહાસાગર હતો ને નજર સમક્ષ અજાણ્યા લોકો ને જંગલી પશુઓથી વસેલી ભૂમિ હતી. એમના મોવડી ગવર્નર વિલિયમ બ્રૅડફર્ડના શબ્દોમાં કહીએ તો ઊંચે આકાશ સિવાય બીજે ક્યાંય નજર ઠેરવવાનું એમને ઠેકાણું નહોતું. તેથી, ઈશ્વરની સહાય અને દોરવણી માટે પ્રાર્થના કરી. એ જમીન પર તેમણે આ 'પ્લીમથ' નામની નવી વસાહતો સ્થાપી.

આ દરિયાઈ સફર ધાર્યા કરતાં વધારે લાંબી થઈ જવાને કારણે સાથેનો ખોરાક વહેલો ખૂટી ગયો હતો. વળી, યોજના મુજબ અમેરિકાના દક્ષિણ પ્રદેશમાં ઊતરવાને બદલે તેઓ ઉત્તર પ્રદેશમાં—અને તે પણ શિયાળાની શરૂઆતમાં ઊતર્યા હોવાને કારણે કશું વાવેતર કરીને પેટ ભરવાનું પણ એમને માટે શક્ય નહોતું. પરિણામે, ઉનાળો



બ્રૅડફર્ડે રેડ ઇન્ડિયન સરદાર મેસૉઇટને નોતર્યો.

આવે અને વાવણી થઈ શકે એ પહેલાં તો લગભગ અર્ધોઅર્ધ વસાહતીઓ પૂરતા પોષણને અભાવે ચામડીના રોગના ભોગ બનીને તેમજ ટાઢી હવાને કારણે મરી પરવાર્યા.

કાંઠે ઊતર્યા પછી યાત્રીઓએ આશરો લેવા માટે એક જબરું સહિયારું મકાન બાંધ્યું અને નવી જમીન તથા ખોરાકની શોધમાં નાનીનાની ટુકડીઓ મોકલી. એમાંની એક ટુકડી ઇન્ડિયન લોકોના ગામમાં જઈ પહોંચી. ગોરાઓને જોઈને એ આદિવાસીઓ નાસી ગયા. તેમનાં ઝૂંપડાંઓમાંથી આ યાત્રીઓને અનાજ મળ્યું. એ ચોરીના માલનું વળતર આપવાના શપથ લઈને તેઓ એ અનાજ ઉઠાવી ગયા. છ મહિના પછી એમણે એ પાછું વાળી દીધું.

એક દિવસ સેમોસેટ નામનો એક ઇન્ડિયન હિંમતભેર આ વસાહતમાં આવ્યો. અગાઉ વિદેશી વેપારીઓ પાસેથી તે અંગ્રેજી શીખ્યો હતો. યાત્રીઓએ સેમોસેટને ભેટસોગાદો આપી અને એની સાથે મૈત્રી બાંધી. સેમોસેટ તેમજ સ્ક્વૅન્ટો નામના બીજા એક ઇન્ડિયને આ વસાહતીઓને ઇન્ડિયન અનાજનું વાવેતર શીખવ્યું, માછલાંના ખાતરની રીત શીખવી, અને પછી તેઓ યાત્રીઓના રાહબર અને દુભાષિયા બની રહ્યા.

પછી તો આસપાસની ઇન્ડિયન વસાહતના સરદાર મૅસોઇટે પણ આ નવા વસાહતીઓ સાથે મૈત્રીના કરાર કર્યા. તેમાં ઇન્ડિયનો તેમજ ગોરા લોકોના અધિકારો નક્કી કર્યા. યુદ્ધનો પણ વિરોધ



અને એ બંને પ્રજાએ ભેગા બેસી ત્રણ દિવસ સુધી જ્યાફત ઉડાવી આભારદર્શનનો તહેવાર ઊજવ્યો.

કરવામાં આવ્યો ને કરારનો ભંગ કરનારને માટે શિક્ષાઓ નક્કી કરાઈ.

ઉનાળો આવ્યો, તડકો આવ્યો, વરસાદ આવ્યો. વસાહતમાં વધુ સંખ્યામાં ઇન્ડિયન મિત્રો આવવા લાગ્યા. યાત્રીઓ પણ અનાજ અને શાકભાજીનું સારું વાવેતર કરી શક્યા અને પાનખરમાં અનાજનો એવો તો મોટો પાક ઊતર્યો કે ગવર્નર બ્રૅડફર્ડે ઈશ્વરના આભાર-દર્શન માટે ત્રણ દિવસનો તહેવાર ઠરાવ્યો. વસાહતીઓએ પ્રાર્થના વેળા હાજર રહેવા માટે વડા સરદાર મૅસોઇટને આમંત્રણ આપ્યું. તેઓ નેવુંની સંખ્યામાં ઇન્ડિયનોનું જબરું જૂથ લઈને આવ્યા. એ બધાને પહોંચી વળાય એટલો ખોરાક બ્રૅડફર્ડ પાસે તો નહોતો. છતાં જેમતેમ કરી પૂરું કરી લેવા તેણે નિશ્ચય કર્યો. પણ મૅસોઇટ બહુ ચકોર માણસ હતો. એમણે પોતાના ત્રણ બાહોશ યોદ્ધાઓને જંગલમાં શિકાર કરી લાવવા મોકલ્યા. તેઓ પાંચ હરણો લાવ્યા. દરમિયાનમાં શિકારે ગએલા કેટલાક વસાહતીઓ પણ બતકો અને ટર્કી વગેરેનો શિકાર લાવેલા. બીજા કેટલાક લોકો માછલાં લેતા આવ્યા. આ બધું ભેગું કરી ત્રણ દિવસ સુધી આ બંને પ્રજાઓએ ભેગાં બેસીને જ્યાફત ઉડાવી અને આભાર-દર્શનનો તહેવાર ઊજવ્યો.

અમેરિકાના પ્રથમ આભાર-દર્શન તહેવારનું મૂળ આ પ્રમાણે હતું. પછી તો અમેરિકાભરમાં નિયમિત વર્ષોવર્ષ આ આભાર-દર્શન-દિન ઊજવાવા લાગ્યો. સ્વાતંત્ર્ય-યુદ્ધ દરમિયાન અમેરિકાની ધારાસભાએ દર વર્ષે એક અથવા વધારે આભાર-દર્શન-દિન નક્કી કર્યા; પણ ૧૮૬૩માં પ્રમુખ અબ્રાહમ લિંકને જાહેરનામું બહાર પાડીને આભાર-દર્શન-દિનને રાષ્ટ્રીય તહેવાર બનાવ્યો. ત્યારથી મૂળ વસાહતીઓએ શરૂ કરેલો આ ઉત્સવ અમેરિકનો દર વર્ષે ઊજવતા આવ્યા છે.

મૅગેલન (અનુસંધાન પૃષ્ઠ ૪૨૨થી)

ઇ. ૧૫૧૯ના સપ્ટેમ્બરની એ ૨૦મી તારીખ હતી. મૅગેલનને પૂર્વમાંથી પાછા ફર્યાને ત્યારે આઠ વર્ષ અને સ્પેનમાં રહે ૨૫ મહિના થવા આવ્યા હતા અને બીઍટ્રિસ એક પુત્રની માતા બની ચૂકી હતી. પત્ની ને પુત્ર રોડરિગોની વિદાય લઈ એણે હુકમ આપ્યો: 'ત્રિનિદાદ તરફ મોરા ફેરવો'.

છ મહિને આ કાફલો દક્ષિણ અમેરિકામાં પાટાગોનિયાના કિનારે આવી પહોંચ્યો. માર્ચ મહિનો ચાલતો હોઈ દક્ષિણના શિયાળાની શરૂઆત હતી. બરફ જામવાનું ને કરાનો વરસાદ વરસવાનું શરૂ થયું. મૅગેલને હવામાન સુધરવાની રાહ જોવા માંડી. પણ તે તો વધુ ને વધુ બગડવા માંડયું. કેટલો વખત રોકાઇ જવું પડે એ નક્કી ન હોઈને મૅગેલને સીધાનું પ્રમાણ ઘટાડી નાખવાનો હુકમ કર્યો. ખલાસીઓમાંના કેટલાક તોફાનીઓને આથી જોઇતી તક મળી ગઇ. દક્ષિણ અમેરિકાના કિનારેકિનારે ૮૦૦૦ માઇલના પ્રવાસમાં ક્યાંયે જમીનનો છેડો દેખાયો ન હોઇને હવે પાછા ફરવું વધુ સલામત હોવાનું તેમણે જણાવ્યું. પણ 'એ શોધવા તો આપણે નીકળ્યા છીએ.' એવો મક્કમ મૅગેલને જવાબ આપ્યો.

પરંતુ તેનો આ જવાબ સંતોષકારક ન નીવડયો. કેટલાક અફસરોએ ખલાસીઓ સાથે મળીને બંડ જગાવવાની યોજના કરી. પણ મૅગેલને કડક હાથે તેમને દાબી દીધા. કેટલાકને મૃત્યુદંડ દેવામાં આવ્યો, ને કેટલાકને બેડીઓ પહેરાવવામાં આવી. જોકે મૅગેલનને પોતાને પણ હવે શંકા જવા માંડી હતી કે પોતાની માન્યતા મુજબની સામુદ્રધુની આ ભૂમિખંડમાં ક્યાંય હશે ખરી? પોતાની ધૂનમાં ને ધૂનમાં તે ઠેઠ થીજી ગએલા સાગરજળ સુધી હંકારી જાય ને પોતાની માન્યતા એક તરંગ જ પુરવાર થાય તો? પરંતુ એ શંકા પોતાના સહયાત્રીઓથી છુપાવવી જ રહી, કારણ કે સામુદ્રધુની વિષે કૅપ્ટન-જનરલને પોતાને પણ શંકા હોવાની તેમને ગંધસરખી યે જાય તો તેનું પરિણામ ઘણું ભયંકર આવે તેમ હતું.

ગમે તેવા મજબૂત દિલને પણ ભાંગી નાખે એવી પરિસ્થિતિ હતી. ન ઠંડી ઘટતી હતી, ન અંધકાર હઠતો હતો. પરંતુ મૅગેલને પોતાનું ધૈર્ય ન છોડયું. છેવટે ઑગસ્ટમાં ઠંડી ને અંધકાર હઠવા સાથે દિવસ પણ લાંબો થતાં મૅગેલને સઢ ચઢાવવાનો હુકમ આપ્યો. પરંતુ ખરાબ હવામાનને લઈને વચ્ચે ફરી પાછો વિરામ લેવો પડયો. ફરી પાછો ઑક્ટોબરમાં તે આગળ વધ્યો. કિનારેકિનારે જ કાફલાને લેવાનો એણે હુકમ આપેલો, કારણ કે વખતે દૂર જતાં સામુદ્રધુની ક્યાંક નજર બહાર રહી જાય તો? કાફલામાંનું 'સાન તિયાગો' વચ્ચે એક ખડા સાથે અથડાઇને તૂટી ગયું હોઈ હવે ચાર જહાજો રહ્યાં હતાં.

મૅગેલન રોજ આતુરતાપૂર્વક નીરખી રહ્યો હતો, પરંતુ રેતાળ કિનારાની રેખામાં ક્યાંયે ભંગ પડતો ન હતો. ઑક્ટોબરની ૨૧મીએ તેઓ દક્ષિણ અમેરિકાને એક છેડે પહોંચ્યા, પણ સામુદ્રધુની જેવું કશું ન લાગ્યું. એ વિસ્તાર સામુદ્રધુનીનો હતો કે નહિ તેની તપાસ કરવા મૅગેલને બે જહાજ ખાસ મોકલ્યાં. વળતી સવારે એ જહાજો પાછાં ફર્યાં ત્યારે સથા પરથી તોપો ફૂટી રહી હતી અને ખલાસીઓ ગાંડાઓની માફક કીકિયારીઓ કરી રહ્યા હતા! હિમાચ્છાદિત અને વાદળઘેર્યા પહાડો વચ્ચે એ ભૂમિખંડને છેડે આવેલી સામુદ્રધુની તેમણે શોધી કાઢી હતી! એ સામુદ્રધુની ત્યારથી 'મૅગેલનની સામુદ્રધુની' તરીકે પ્રસિદ્ધ થઇ.

મૅગેલને સઘળા અફસરોને ભેગા કરીને એ અજાણ્યો સાગરપંથ કાપવા સંબંધે તેમનો અભિપ્રાય પૂછ્યો. 'સાન ઍન્ટોનિયો'ના નાખવા સિવાય બધા આગળ વધવામાં સંમત થયા. 'સાન ઍન્ટોનિયો'ના નાખવાએ ખોરાકીનો સવાલ કરતાં મૅગેલને જવાબ આપ્યો કે ખાવાનું ન મળે તો ચામડું ચાવીને પણ પોતે આગળ વધવાનો હતો! પરંતુ 'સાન ઍન્ટોનિયો' ન ઊપડયું તે ન જ ઊપડયું અને મૅગેલન બાકીનાં ત્રણ જહાજોના કાફલા સાથે આગળ વધ્યો.

આમ ત્રણ જર્જરિત જહાજોએ પાસિફિક મહાસાગરમાં પહેલી જ વાર પ્રવેશ કર્યો. અઠવાડિયાં પર અઠવાડિયાં વીતવા લાગ્યાં. મહિના પર મહિના પસાર થવા લાગ્યા; નવું વરસ બેઠું; છતાં તેઓ તો સાગરની છાતી પર જ હતા! ભૂખ અને અસ્થિશોષથી અશક્ત ખલાસીઓ લગભગ મૂર્છિત દશામાં પ્રવાસ કરી રહ્યા હતા. શું આ સાગરનો અંત જ નહોતો? કે પછી પૃથ્વી પરની બધી જ જમીન ઓગળીને સાગરમાં સમાઈ ગઈ હતી?! હર પ્રભાતે ક્ષિતિજ પર નજર તકાતી, પરંતુ કશો ફેર પડયો ન જણાતો. એ જ સાગર અને આસમાનની પરસ્પર ચૂમતી ધૂંધળી રેખા!

છેવટે ૧૫૨૧ના માર્ચની ૧૬મીએ ત્રણ જહાજોનો આ કાફલો ફિલિપ્પાઇન્સ પહોંચ્યો અને અજાણ્યા સાગરના એ પ્રવાસનો અંત આવ્યો. પશ્ચિમમાં ઊપડેલો મૅગેલન છેવટે પશ્ચિમ જ્યાં પૂર્વ બનતું હતું ત્યાં આવી પહોંચ્યો હતો. એના જીવનની એ સર્વોત્તમ ક્ષણ હતી.

પરંતુ યુરોપમાં એની વિજયપતાકા ફરકે એ પહેલાં મૅગેલનના જીવનનો અંત આવ્યો. મકતાન ટાપુ પરના દેશી લોકોના એક ઝગડામાં વચ્ચે પડતાં તેની હત્યા થઈ. એનો કાફલો જ્યારે પાછો સ્વદેશ પહોંચ્યો ત્યારે બીઍટ્રિસ અને રોડરિગો મૃત્યુ પામી ચૂક્યા હતા! આખા કાફલામાંથી માત્ર ૬૦ માણસો પાછા ફરેલા. સ્પેનની પ્રજા એ સાહસવીરનું સ્વાગત કરે તે પહેલાં તો મકતાનની ભૂમિએ તેનું સ્વાગત કરી પોતાના ઉદરમાં સમાવી લીધો હતો.

આ માસ (નવેમ્બર) ઇતિહાસમાં: દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

વ્યક્તિ: પંજાબકેસરી રણજિતસિંહ



અંગ્રેજોની છેલ્લી આડખીલી અને ભારતના છેલ્લા સ્વતંત્ર ભૂપાલ રણજિતસિંહનો જન્મ ૧૭૮૦ની ૨જી નવેમ્બરે થએલો. સુકરસાહિયા સંસ્થાનના જાટ સાંસી જાતિના શીખ ઠાકોર મહાસિંહનો એકપુત્ર. માતાનું નામ રાજકુંવર. પિતાના અવસાન બાદ માતા જ રાજકાજ કરતી હોઈ સત્તરમે વર્ષે તો તેણે ઠકરાતનો ભાર પોતે ઉપાડી લીધો. નાનપણથી જ શસ્ત્રાસ્ત્ર તથા ઘોડેસવારીમાં નૈપુણ્ય મેળવનાર એ મહત્વાકાંક્ષી રણજિત અક્ષરજ્ઞાન તો કદી ન જ મેળવી શક્યા. બાળપણમાં શીળીને લીધે એક આંખ એણે ગુમાવેલી.

૧૭૯૮માં અફઘાનશાહ શાહઝમાંએ તેને લાહોરની આસપાસનો મુલક તથા 'રાજા'નો ઈલ્કાબ આપ્યા. જોકે તેને તો એ પ્રદેશ બીજા સૂબા પાસેથી લડીને જ લેવો પડેલો, પણ એ બહાને એણે આખો પંજાબ હાથ કરી લીધો ને ૧૮૦૧માં રાજ્યાભિષેક કરાવી 'મહારાજા' બન્યો. પુરાણા રિવાજ અનુસાર હવે તેણે દેશનો પ્રબંધ કરવા માંડ્યો, નવા સિક્કાઓ પડાવ્યા અને એક લાખને ખર્ચે લાહોરના પુનરચના કરી. અમૃતસર પણ સર કર્યું અને આમ શીખના રાજકીય તથા ધાર્મિક બંને પાટનગરો કબજે કર્યાં.

એવામાં ફ્રાંસની વધતી જતી (વિજિગિષાથી ગભરાઈ અંગ્રેજોએ પૂર્વમાં પોતાનો પગ સ્થિર રાખવા અફઘાન અને પંજાબના આ શેરની કદમબોસી આદરી. ૧૮૦૮ના ડિસેમ્બરમાં કેસૂર મુકામે તેના અને જનરલ મેટકાફની મુલાકાત ગોઠવાઇ. પણ પોતાની રાજરમતનું પ્યાદું બનાવી સતલજની દક્ષિણેથી જ તેને આગળ વધતો રોકવા માગતી અંગ્રેજી ચાલ તેણે તોડી નાખી, અને ઉત્તરહિંદનાં સઘળાં શીખ રાજ્યોને સંગઠિત કરી એક મહાસત્તા સ્થાપવાનાં પગલાં લીધાં. અંગ્રેજ અફસરો રોકી ફોજે એન. ફોજે સવાર ને ફોજે ખિલાફત નામની યુરોપિયન ઢબની ત્રણ તદ્દન વ્યવસ્થિત સેના રચી તેણે સતલજના દક્ષિણે છેક અંબાલા ને શાહબાદ સુધી પોતાની સત્તા વિસ્તારી ને મેટકાફ જોતો રહ્યો! પણ ત્યાં તો નેપોલિયનની બીક હળવી થતાં મેટકાફે જોર ઉપર આવી તેને આગળ વધતો અટકવા ફરમાવ્યું. પરિણામે બંનેનાં હથિયારો સજાયાં. પણ હજી સુધી કોઈ નથી જાણતું કે શાને લીધે રણજિતે ભોંઠવાઇ જઈ ૧૮૦૯ની ૨૫મી એપ્રિલે તેના સાથે સંધિ કરી નાખી. છતાં સતલજથી પાછા ફરી તેણે હવે બીજી બાજુ'મેં ફેરવ્યું ને કાશ્મીરથી સિંધ તથા સતલજથી પેશાવર સુધી પોતાની હદ લંબાવી દીધી. અફઘાની નિર્વાસિત શાહ શુજાને આશ્રય આપવા બદલ તેની રાણી બાફા બેગમ પાસેનો જગવિખ્યાત કોહીનૂર તેને મળ્યો. પછી રશિયા સામે અંગ્રેજોનું હિત જાળવવા ૧૮૩૧માં શાહ શુજાને અફઘાનની ગાદીએ બેસાડી અંગ્રેજો અને તેણે તેની સાથે ત્રિમુખ સંધિ કરી.

સમરકેસરી હોવા છતાં એ ક્ષેત્રની બહાર એણે કડવા દુશ્મનને યે શારીરિક સજા નથી કરી પોતે નિરક્ષર હોવા છતાં વિદ્વત્તાને એ સત્કારતો. હિંદના બીજા બધા પ્રાંતો કરતાં તેના અમલમાં શિક્ષણ ને વિદ્વત્તાનું પ્રમાણ વિશેષ હતું. નમ્ર અને સાદો પણ એ એવો જ. હાથે વણેલા શણનો જામો જ ફક્ત એ પહેરતો. પણ ગુરુ ગોવિંદસિંહ પછી શીખોનો પહેલો જ જશ્થેદાર બનેલો એ બલવીર લાપરવાહી ને રખડપાટને લીધે અનેક બદીઓનો ભોગ બનેલો. એની અઢાર રાણીઓમાંથી માત્ર નવ જોડે જ એ વિધિસર પરણેલો. એની એ નિરંકુશતાને લીધે જ એના ઉત્તરાધિકારી તરીકેનો હક સાબિત કરવા પ્રપંચો ખેલાયા, શીખ વિગ્રહો થયા ને પંજાબ હાથથી ગયું. પીનારો પણ એ એવો જ, ને કદાચ એટલે જ ૧૮૩૪માં તેને લકવો લાગ્યો ને ૧૮૩૯ની ૨૭મી જૂને એ અવસાન પામ્યો.

પાછલી અવસ્થામાં એ અંગ્રેજોની ચાલ જાણી ગએલો, પણ ત્યારે તેની તાકાત ઓસરતી હતી. પણ ત્યાં સુધી કોણ જાણે અંગ્રેજોએ કઈ રીતે તેને એવો તો બેબસ બનાવી મૂકેલો, કે પોતાના યશજીવન દરમિયાન તેણે અંગ્રેજો વિરુદ્ધ કદી પગલું ભર્યું નહિ. અને તેની એ મૈત્રીની ધરપતને લઈને જ અંગ્રેજો ઘણા પીળા પ્રદેશમાં લાલ રંગ ભરી શક્યા.

દિનવિશેષ

તા. ૩ અંગ્રેજ લશ્કરે અમદાવાદ શહેર કબજે કર્યું, ૧૮૧૭.

તા. ૧૦ શિવાજીએ પોતાને મારવાના શપથ લઇ આવેલા અફઝલખાનનો વધ કર્યો, ૧૬૫૯.

તા. ૧૧ કથકલી નૃત્યના પુનરુદ્ધારક કેરલકોકિલ કવિ વલ્લાથોલનો જન્મ, ૧૮૭૮.

તા. ૧૨ વાઢકાપ કરવામાં ઉપયોગી બેહોશીની દવા ક્લૉરોફૉર્મનો પ્રથમ પ્રયોગ, ૧૮૪૭.

તા. ૧૫ સ્વાતંત્ર્યવાંછુ શિક્ષણ આપતી ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના, ૧૯૨૦.

તા. ૧૭ પૂર્વના વ્યવહારમાર્ગે સુએઝની નહેરમાંથી પહેલું જહાજ પસાર થયું, ૧૮૬૯.

તા. ૨૦ મહાન રશિયન ચિંતક કાઉન્ટ લીઓ ટૉલ્સ્ટોયનું અવસાન, ૧૯૧૦.

તા. ૨૪ ડાર્વિને પ્રાણીઓની ઉત્ક્રાંતિનો સિદ્ધાંત પ્રસિદ્ધ કર્યો, ૧૮૫૯.

તા. ૨૫ ચિન્સુરા નજીક બીદેરા મુકામે અંગ્રેજ સેનાપતિ ફૉર્ડે વલંદાઓને પરાજિત કરી હિંદમાંથી તેમના પગદંડો ઉખેડી નાખ્યો, ૧૭૫૯.

તા. ૨૮ પ્રતિભાસંપન્ન ગુજરાતી વિદ્વાન કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજીનો જન્મ, ૧૦૮૯.

પ્રસંગવિશેષ: લાહોરના હિંદુ રાજા જયપાલનો પરાભવ: ૨૭મી નવેમ્બર ૧૦૦૧

હારૂન-અર્-રશીદના અવસાન પછી મધ્ય એશિયામાં ફૂટી નીકળેલાં નવાં રાજ્યોની માફક તુર્ક ગુલામ સબક્તગીને પણ ગઝની અને કંદહારની આસપાસ પોતાનું એક રાજ્ય સ્થાપ્યું; અને તેને વૈભવથી શણગારવા પડોશના સમૃદ્ધિશાળી હિંદોસ્તાંને લૂટવા ચડાઈ કરી. લાહોરના હિંદુ રાજા જયપાલે તેને કાબુલ આગળ જ અટકાવ્યો હતો. એ સબક્તગીનના પુત્ર મહમદ ગઝનીએ તખ્તનશીન થતાં જ હિંદ લૂટવા સવારી કરી. એ જ જયપાલે ફરી તેને પણ ઈ. ૧૦૦૧ની ૨૭મી નવેમ્બરે પેશાવરની યુદ્ધભૂમિમાં રોક્યો, પણ સૈન્યમાં શિસ્તને અભાવે તે હાર્યો ને પોતાના બે પુત્રો સહિત કેદ પકડાયો. પાછળથી બંને પુત્રોને બાન રાખી ખંડણી ભરવાની શરતે મહમદે તેને છોડ્યો. પણ પરાભવથી નિરાશ થએલા જયપાલે શરમના માર્યા ચિતાપ્રવેશ કરી આપઘાત કર્યો, અને આમ, લૂટારુ મુસ્લિમ આક્રમકો સામે થનાર એ છેલ્લો હિંદુ રાજા અસ્ત પામ્યો. તે પછીનાં પચ્ચીસ વર્ષમાં સત્તર સવારી કરી, લૂટ ચલાવી, મહમદે હિંદુસ્તાનને કપાળે જે ટીલી ચોડી છે તે ત્યારના આપણા કુસંપ, અશિસ્ત, બિનજવાબદારી અને અંધશ્રદ્ધાનો જ રંગ દાખવે છે.

મન, મોતી ઓર દૂધ કા તીનોં એક સ્વભાવ,
ફાટે પીછે ના મિલે કોટિ જતન બનાવ.

આસામનાં અંતરાળનાં ગામડાંઓમાં ટપાલ પહોંચાડનાર એક મામૂલી હલકારાને, એક ગામના લોકોએ ત્યાંથી બીજે ગામ જતાં રોક્યો, કેમકે રસ્તામાં માણસખાઉ વાઘ આવેલો હતો. પણ ફરજનો ચુસ્ત હલકારો એકનો બે ન થયો, ત્યારે ગામલોકોએ ભેગા ચોકીદાર મોકલ્યો. છતાં તેની જિંદગી ખૂટેલી તે રસ્તે વાઘે તેને જ ઝડપ્યો. તોપણ ટપાલ બરોબર પહોંચે તે માટે મરતાંમરતાં યે તેણે તેનો થેલો ચોકીદાર તરફ ફેંક્યો.

અનેકાર્થી શબ્દ: **છાલકું**-છાબડું, છીતળું; આછકલું, બેઅદબ; પાણી; ગધેડા ઉપર નાખવાની બે પાસિયાંવાળી ખુલ્લી ગૂણ કે કોથળો; ચાર મણનો સંતોલો.

કહેવતોના અર્થ: 'હાથીના દંતૂશળ ને મરદનો બે.લ'-હાથીના દંતૂશળ જેમ એક વખત ફૂટીને બહાર નીકળ્યા પછી પાછા અંદર પેસી જતા નથી, તેમ ટેકીલા મરદનું વેણ નીકળ્યા પછી ફોક થતું નથી, એમ એકવચનીપણાની તીવ્રતા દર્શાવવા આ કહેવત વપરાય છે. એવી જ બીજી કહેવતો: 'સાકરના હીરા, ગળ્યા તે ગળ્યા', 'થૂક્યું ચટાય નહિ'. 'જે મોંએ પાન ચાવ્યાં તે મોંએ ચણા ન ચવાય'; વગેરે.



ભારતના સૌથી જાડા માણસ (વજન ૫૧૦ રતલ) શ્રી નાથુરામ ભાર્ગવ ગઈ ૨૨મી ઑક્ટોબરે અવસાન પામ્યા. મધ્યભારતના ગુણા કસબાના એ અગ્રણી કૉંગ્રેસ કાર્યકર હતા.

ગણિતગમ્મત: ૧૪૨૮૫૭ એ એવી રકમ છે કે જેને ૧ થી ૬ સુધીના અંકો વડે ગુણતાં ગુણાકારમાં એ જ રકમના અંકો આવશે:

૧૪૨૮૫૭×૧=૧૪૨૮૫૭
૧૪૨૮૫૭×૨=૨૮૫૭૧૪
૧૪૨૮૫૭×૩=૪૨૮૫૭૧
૧૪૨૮૫૭×૪=૫૭૧૪૨૮
૧૪૨૮૫૭×૫=૭૧૪૨૮૫
૧૪૨૮૫૭×૬=૮૫૭૧૪૨

પણ હવે એને ૭ વડે ગુણી જોઈએ:

૧૪૨૮૫૭×૭=૯૯૯૯૯૯ !


રામજી: પેલા દાક્તર પાસે હું જઈ આવ્યો.
કાનજી: તેં કહ્યું ને કે મેં તને મોકલ્યો છે?
રામજી: હા, કહેલું.
કાનજી: પછી એમણે શું કહ્યું?
રામજી: પૈસા અગાઉથી માગ્યા.

▯ યુરોપના ઈતિહાસમાં 'જેન' નામની જે જે રાણીઓ થઈ છે તે સર્વનું કાં તો ખૂન થયું છે કે તેઓ પદચ્યુત થઈ છે. ▯ પૃથ્વી પરના બધા જ રેલવેમાર્ગને સાંધી એક સળંગ માર્ગ તૈયાર કરવામાં આવે તો તે અહીંથી ચંદ્ર સુધી પહોંચી તેને સાત આંટા લે. તેટલો લાંબો થાય. ▯ બેરિંગની સામુદ્રધુની પર એક વર્ષમાં એક લાખથી વધુ 'સીલ' માછલી નહિ મારવાનો કાયદો છે. ▯ દરિયામાં દર વર્ષે સરાસરી ૨,૨૦૦ જહાજ, આગબોટ ઇત્યાદિ ડૂબી જાય છે.




આપણા સામાજિક દોષો પાણી કે શબ્દોથી ધોવાય એવા નથી. આપણા પરસેવાથી જ તે ધોવા પડશે. અને આજે તેમ નહિ કરીએ તો કાલે આપણા લોહીથી ધોવા પડશે.

(કાલેલકર)



કલાકણિકા: લૉકેટ જેવા આકારની સુશોભનમંડિત આ ચીજો સીલોનમાં પાનના બાટવા સાથે લટકાવવામાં આવતી ચૂનાની ડબ્બીઓના પ્રકાર છે.

અમદાવાદથી છેક મુંબાઈ જવા છતાં જે બિલકુલ ચાલતા નથી એ શું? રેલવેના પાટા.



ઘણી વાર કોઈ નોંધ કે ચિઠ્ઠી લખવા માટે જોઈતી કાગળની ચબરખી બહુ શોધવા છતાં તરત મળતી નથી. આ ફરતી ટાળવા ન્યૂ યૉર્કની એચ. વૉલ્ટર કંપનીએ 'મેમો રાઈટર' (યાદીલેખક) નામે આ પેન્સિલ બનાવી છે, જેની પોલી નળીમાં ૩૬ ઇંચ લાંબો કાગળનો પટ્ટો ટીપણા પેઠે વીંટાઈને પડેલો રહે છે. પેન્સિલનું ટોચકું ફેરવતાં તેનો છેડો બહાર દેખાય છે તે ખેંચીને જરૂર પૂરતો ફાડી લેવાનો. એ પોલાણમાં ટપાલની ટિકિટો પણ રહી શકે.

OUR FRIENDS ABROAD

જગત્સંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

જાપાનનાં પત્રમિત્રો

થોડા વખત પહેલાં 'ટાઇમ્સ ઑવ ઇંડિયા'માં જાપાનના એક પત્રમિત્રના પત્રમાંનો પ્રસ્તુત ભાગ અત્રે આપીએ છીએ:

'...૯મી એપ્રિલના આપના પત્રમાં મારો પત્ર પ્રકટ થયા બાદ ભારત, પાકિસ્તાન અને સિલોનના નવયુવાનોનાં લગભગ એકસો જેટલા પત્રો મને મળ્યા છે. મારી માગણીના આ પ્રતિઘોષથી હું સાનંદાશ્ચર્ય અનુભવું છું. એ બધાનો જવાબ લખવો મને ગમે છે, પણ એમ કરવું સહેજ મુશ્કેલ છે. આ થોડીક મુસીબત હોવા છતાં મને તેમાંના એકેને તારવી દેવાનું ગમતું નથી. કેમકે એમાંના એકેયને હું નિરાશ કરવા નથી ઇચ્છતો. આથી મારા એ આનંદના ભાગિયા મિત્રો શોધી તેમના વચ્ચે એ પત્રો વહેંચી દેવાનું મેં નક્કી કર્યું છે. ભારત અને જાપાન વચ્ચેની મૈત્રી કેળવવાને આ યોગ્ય જ ઉત્તેજન છે. મારા આ વિચારને આપના પત્રમાં ફરી છાપવાની મહેરબાની કરી, જેઓએ મને પત્રો લખ્યા છે તેમને જણાવશો કે તેમના પત્રો મેં મારા મિત્રો વચ્ચે વહેંચી દીધા છે, ને તેઓ તેનો પ્રત્યુત્તર ચોક્કસ લખશે જ.'

આ પત્ર વાંચતાં અમને અવારનવાર મળતાં પત્રમિત્રોની ફરિયાદોના પત્રો યાદ આવે છે. તેમાં મુખ્ય ફરિયાદ એ હોય છે કે ઘણા પત્રમિત્રો(દુઃખ સાથે કહેવું પડે છે કે મોટે ભાગે હિંદી પત્રમિત્રો) પત્રોના જવાબો જ આપતા નથી. પત્રનો જવાબ ન લખવાના અનેક કારણો હોઇ શકે. આ જાપાની ભાઇને પણ એવું જ કોઇ કારણ નડયું હશે, પરંતુ તેણે તેનો જે રીતે તોડ આણ્યો છે એ એમના વિવેક અને સંસ્કારને પ્રદર્શિત કરે છે, સાથોસાથ જેમના વિષે ફરિયાદો થાય છે એવા અનેક પત્રમિત્રોને એક અનુકરણીય માર્ગદર્શન પણ આપે છે.


આ સાથે ભાઇ જયંત એમ. પટેલ (Jayant M. Patel, Frankenstin Str. 35, DARMSTADT, Germany-West)તરફથી મળેલાં જાપાનના કેટલાક પત્રમિત્રોનાં સરનામાં આપીએ છીએ. પત્રવહેવાર વખતે ભાઇ જયંતનો તથા 'કુમાર'નો નામોલ્લેખ કરવો ઇચ્છનીય છે. દરેક સરનામાને છેડે Japan ઉમેરવું.

(1) Takashi Ito, Kimobetsu Chugakko, Abuta-Gun, Hokkaido—Boy 19, Philately, Philosophy, Literature etc.; (2) Tsune Sato, address as above—Boy-16, Philately, Music; (3) Tomi Kondo, add. as above—Girl-14, Dancing, Music, Reading; (4) Ioro Matsudaira, Minamitomoda Machi, Hita-oita-ken—Man-43, Sports(Tennis), Cinema; (5)Masasi Takeno, Miyuki-Machi, Hita-oita-ken—Man 36; (6) Hidetashi Kumagac, Ono-Mura, Hita-gun-oita-ken—Boy-20; (7) Yutaka Tanaka, 1457 Hinoshima, Kumamoto—Man-37, Sposts; (8) Tsukahatu Hashiguchi, No. 131 Hinoshima, Kumamoto—Man-25, Music; (9) Hisako Miyazaki,900 Hatori Fujisawa,Kanagawa—Woman-20, Readng; (10) Morikuni Hibi, 511 Kawaraguchi, Ebina Machi, Koza-gun, Kanagawa—Man 24, Reading; (11) Eiko Miyahara, Noda Junior High School, Noda Mura, Izumi Gun, Kagoshim Pref.—Man-24, Movies; (12) Daizi Harada, add. as above—Man-22, American and English Literature; (13) Noboru Totake, add. as above—29, Astronomy; (14) Satoru Tanaka, Kudo-mura, Kudo-Gun, Hokkaido—19, Sports; (15) Takashi Sato, add.as above—19, Sports; (16) Kiyoshi Hazama, The First Hattari Middle School, Iwanaigun, Hokkaido–Boy-19, Music, Base-Ball; (17) Hiroko Nagato, The First Hattari Middle School, Iwanaigun, Hokkaido—Girl-15; (18) Seigou Arie, Sikaki Lower Secondary School, Kumamoto-ken, Amakusagun–Boy-26, Education; (19) Yositaka Hukusima, add. as above—Boy-16, Base-Ball; (20) Mitiko Kurata, add. as above—Girl-16, Music; (21) Michio Suzukida, North 9-jo, East 2-cho, Kitami, Hokkaido—Male-17, Collection of Postage-stamps, Art, Music etc.; (22) Tomio Hasuike, North 7-jo, West 4-cho, Kitami, Hokkaido—Male-17, Science, Reading;(23) Norio Kuniyasu, Yamashita-cho, West 2-cho, Kitami, Hokkaido—Male-17, General; (24) Toshi Watanabe, Horikoshi Junior High School, Kitakanbara-Gun, Niigata-ken—Woman-13, Sports; (25)Shizuko Seto,add.as above—Woman-14,Sports; (26)Sachiko Omi,add. as above—Woman-14,Sports; (27) Kavaguchi Hironori, Hachiman-cho, Menda Machi, Kuma-Gun, Kumamoto-ken—Male-15, Baseball;(28) Moriguchi Tamiko, add. as above—Female-15,Playing Piano;(29)Minoda Yasuhiko,Hon-Machi, Menda-Machi, Kuma-Gun,Kumamoto-ken–Male-14, Fishing; (30) Nobuhiko Matsuo, 150 Yoka-Machi, Saga-city—17, Magazine, Stamp-collection; (31) Yukiko Arai, 221 Yamanotemachi, Oyama, Nishitagawa-Gun, Yamagate, Pref.—Girl-16, Entertainment; (32) Kyoko Ao Sawa, Hel. 23, Takaramachi, Tsuruoka, Yamagata, Pref.—Girl-15, Reading; (33) Teruhiko Hidikata, Shonaicho Kitamorokata-Gun, Miyazaki Pref.—Man-33, Sports; (34) Goro Kaneda, Miyoban Beppu City, Oita Prefecture—Man-31, Reading Books; (35) Takeshi Kon, Japan Akita Ken, Port Hunakawa—Male-20, Baseball;(36) Noboru Yamamoto, 32 Kasue, Handa City, Aichi Prefecture—Boy-17, Stamps'Collection; (37) Masuo Nakamura, add. as above—Boy-19, Reading; (38) Akihiro Kaneko, Mimichi Lower Secondary School, Higashi Usukigun of Miyazaki Prefecture—Male-21, Music, Reading; (39) Etsuko Okubo, add. as above—Girl-14, Reading; (40) Yoshimi Yamaguchi, add. as above–Male 14,Sports;(41)Aklo Yoshino, No. 1436, Yawata P.O.Z., Ichihara-Gun, Chibaken, Honshu—Boy-21, Music, Law; (42) Kanezi Hosaka, No. 214, Yawata P.O.Z., Ichihara Gun, Chibaken, Honshu—Boy-20, Engineering, English; (43) Ichiro Ando, No. 1056, Yawata P.O.Z., Ichihara-Gun, Chibaken, Honshu—Boy-21, Social Study.




રાધા · ચિત્રકાર : ક્ષિતીન્દ્રનાથ મુઝુમદાર

જળગાંવના શ્રી૦ દા૦ બાલેરાવ નામના એક કલાપ્રિય યુવાને મરાઠી ભાષામાં 'રૂપશ્રી' નામનું 'કુમાર'ના કદનું બાર-ચૌદ પાનાનું નાનું સરખું ત્રૈમાસિક કાઢયું છે. (છુટક રૂ. ૧; વાર્ષિક રૂ. ૩; ડૈ. પ્રકાશરેખા, જળગાંવ, પૂર્વ ખાનદેશ.) તેમાં ડૉ. કુમારસ્વામી, જેમ્સ કઝિન્સ, અવનીન્દ્રનાથ ઠાકુર, લીઓનાર્દો દ વિન્ચી વગેરેના કલા ઉપરના લેખો તથા વિચારોનાં અવતરણો ઉપરાંત પ્રાચીન તેમજ અર્વાચીન કલાના ત્રણેક ચુનંદા નમૂના આપે છે. તેના બીજા અંકમાં મુખચિત્ર તરીકે આપેલા અને ફોટોગ્રેવર પદ્ધતિથી વિલાયતમાં છપાએલા ચિત્રની, લગભગ પોણા બે ગણી મોટી કરેલી છાપ, નમૂના તરીકે ઉપર આપી છે. આ સૈકાની પહેલી પચ્ચીસીમાં પાકેલી અભિનવ બંગાળી કલાશૈલીનું એ લાક્ષણિક ઉદાહરણ છે. એ કાળના અગ્રણી કલાકારો પૈકી ગણાએલા શ્રી ક્ષિતીન્દ્રનાથ મુઝુમદાર પીંછીની સફાઇ તથા બારીકી માટે જાણીતા છે. જૂના ઝાડની ડાળીને ફૂટેલાં નવાં પલ્લવની ભૂમિકાથી પ્રસન્ન બનેલા વાતાવરણમાં આલેખેલી વિચારમગ્ન રાધાનાં નાજુક અંગ, આછાં વસ્ત્ર, વિખરેલા વાળ ને વિલોલ આભૂષણો, બધાંમાં કલાકારની પીંછીનો કસબ દેખાય છે.



ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ





પહેલું ઇનામ : 'છાયાકલા'–હાસમ સુતાર (નડિયાદ); [મથાળે જમણી બાજુ] બીજું ઈનામ : અમદાવાદનો મિનારો–મહેન્દ્ર શાહ (મુંબાઈ); [ડાબી બાજુ] ત્રીજું ઇનામ મોકૂફ. નોંધપાત્ર : (૧) 'ભેરુબંધો'–કંચનલાલ ચોકસી (મુંબાઈ); [નીચે] (૨) 'પેલી મા આવે'–દીનબંધુ (ધર્મજ); [જુઓ અંદર પૃ. ૪૪૬ પર] (૩) 'ચોમાસાનું આગમન'–સુશીલકુમાર શેઠ (મુંબાઈ). આ વખતે ચિત્રોની સંખ્યા વધારે છે. વિષયની વિવિધતા પણ ખરી; પરંતુ ગુણની કક્ષા સાધારણ છે. પહેલું ઈનામ મેળવનાર ચિત્ર 'છાયાકલા' ચાલુ ઘરેડમાંથી નવો વિચાર અને નવી દૃષ્ટિ રજૂ કરે છે. પાનખરના વૃક્ષનાં ઝાંખરાં સમાં ડાખળાં જેવી સામાન્ય વસ્તુ પણ સપ્રમાણ ડિઝાઇન રચી રહે છે તેનો આસ્વાદ કરાવતું એ ચિત્ર જાણે કોઈ કલાકારે બારીક પીંછીથી સફેદ ભોંય પર સુંદર છાયાચિત્ર રચ્યું હોય એવું છે. એની રજૂઆતમાં એમને ટેકનીકની પાછળ મહેનત પણ સારી લેવી પડેલી જણાય છે. સ્થિર હાથની એમાં સિદ્ધિ છે. એવા જ છાયાચિત્રના બે વિષયો નોંધપાત્ર ચિત્રોમાં છે: 'પેલી મા આવે'નાં પાત્રો 'કૅમેરા કૉન્શ્યસ' હોઈ તેમાં સ્વાભાવિકતાની ઊણપ છે; ને 'ચોમાસાનું આગમન'માં વાદળ ને પાણીની વૈવિધ્યભરી ભાતની ભૂમિકા ઉપર રચાતાં વૃક્ષ, હોડી તથા માનવપાત્રનાં છાયાચિત્રો છવાઈ ગયાં છે તે સુંદર સંયોજન રચતાં હોત તો સારું ચિત્ર બનત. એ બંને ચિત્રો કરતાં પડેલા નંબરનું નોંધપાત્ર ચિત્ર સંયોજનની દૃષ્ટિએ ચઢિયાતું છે. યોગ્ય ટ્રિમિંગ સાથે મોટી છાપ મોકલી હોત તો ઇનામ છટી જાત. બીજા ઇનામને પાત્ર ચિત્ર સ્થાપત્યનું દસ્તાવેજી ચિત્ર હોવા છતાં નવા કોણથી રજૂ કર્યું છે ને તેનો મિનારો સીધો દેખાય તે રીતે કેમેરા જોવાથી પાછળનાં વૃક્ષજુંડ ને દરવની ભૂમિકાઓ કોણના સૌંદર્યને દાખવી રહે છે. **શ્રીદામ ભટ્ટ**